# સાવિત્રી

## પર્વ ૧૧

## સદાસ્થાયી દિવસનું પર્વ

## પ્રથમ સર્ગ

# સદાનો દિવસ: ચૈત્યપુરુષની પસંદગી અને પરમ સમાપ્તિ

### વસ્તુનિર્દેશ

આનંદનાં અમર ધામોરૂપ પૂર્ણતાનાં ભુવનો ઉપર એક આશ્ચર્યકારી સૂર્ય પ્રકાશતો હતો. પ્રભુનો સદાસ્થાયી દિવસ સાવિત્રીની આસપાસ હસતો હતો. નિત્ય-જ્યોતિના પ્રદેશો પ્રકટ થયા, બ્રહ્માનંદે પ્રકૃતિ ઉપર ચડાઈ કરી. શાશ્વતતાના પ્રહર્ષે સાવિત્રીનું શરીર આકંપિત બન્યુ. એનો આત્મા અત્યારે અનંતના ઉત્સોની સમીપ ઊભો હતો. કાળ સાથે ખેલતા જીવોને માટે શાશ્વતીએ પોતાના અપાર આનંદને ઢોળ્યો હતો. અજ્ઞાત ઊંડાણોમાંથી નિત્ય નિત્ય નવી નવી ભવ્યતાઓ ઉદ્ભવતી હતી. ઊર્ધ્વતાઓમાંથી છલંગભેર શક્તિઓ આગળ આવતી, અમર પ્રેમનાં આંદોલનો ભાવાવેગી બની જતાં, અમ્લાન માધુર્યનાં દૃશ્યો દર્શન દેતાં. આંખો ત્યાં સૂર્યપ્રકાશથી આંધળી બની જતી નહોતી, ધુમ્મસ સદાને માટે ત્યાંથી દેશનિકાલ થયાં હતાં, વિશ્વની શક્તિ કાળમાં આગેકદમ કરતી આગળ વધતી હતી, આત્માની અનંતતાઓ ચક્રાવર્તિત ક્રમે સંવાદપૂર્વક ચાલતી હતી. આત્મા જ ત્યાં વસ્તુઓમાં રૂપધારી બનેલો હતો, શાશ્વતતા જ સામગ્રી ને શાશ્વતતા જ સર્વનું મૂળ હતું.

પછી તો સાત અમર અવનીઓ ઉદાત્ત સ્વરૂપે દેખાઈ. મૃત્યુ ને નિદ્રામાંથી મુક્ત થયેલા ધન્યાત્માઓનાં ત્યાં ધામ હતાં. વિનષ્ટાત્મ લોકોમાંથી કોઈ ત્યાં આવી શકતું નહિ. આ પૃથ્વીઓમાંની નિમ્નમાં નિમ્ન પણ એક સ્વર્ગ હતી. ત્યાંના પ્રભાવથી પાર્થિવ દૃશ્યોની સુન્દરતા અને સુપ્રસન્નતા દિવ્યતામાં પરિણત થતી. જડદ્રવ્ય પણ અંતર્યામીથી રોમહર્ષ અનુભવતું. ત્યાં હતી સનાતન ગિરિમાળાઓ,–મંદિરે પહોંચાડનારી સીડી જેવી. સરિતાઓમાં ત્યાં સુખ વહેતું 'તું. એની અભિલષતી દિવ્ય ઊર્મિઓ પરસ્પર મિલન માણતી ને એમનો મધુર મર્મરધ્વનિ શાંતિરસનાં સરોવરોમાં સમાઈ જતો. એમના કલરવ ઝીલતા કિનારાઓ પર વિચારની સ્થિતિમાં

સ્થિર થયેલા જીવો કંડારેલી આરસ-મૂર્તિઓની માફક બેઠા હતા. સાવિત્રીની આસપાસ પ્રભુના દિનના બાળકોના મહાસુખના નિવાસ હતા. ત્યાંની નગરીઓ નગરીઓ નહોતી, એ હતી સચેતન શિલામાંથી કાપી કાઢેલા રત્નની રઢિયાળી રમ્યતાઓ. ત્યાંના આત્માઓને હતો પ્રકાશનો દેહ ને એમનાં વદનો પર અમરોનો આનંદ ઉલ્લસતો હતો. ઊર્ધ્વ દિશે દેવો છંદોલયમાં ગોલકો ઘુમાવતા હતા. પ્રત્યેક ગતિને ત્યાં પોતાનું સંગીત મળતું હતું. કદીય ન કરમાતી ડાળીઓ પર પંખીઓનાં પુલકિત કરતાં કલગાન ચાલતાં હતાં, ને કલ્પનાના ઇન્દ્રધનુષ્યના રંગો એમની પાંખોએ પલપલતા હતા. અમર વસંતનાં અસંખ્યાત પુષ્પબાલકો પ્રફુલ્લતાં ને એમની સુવાસથી કાનન કુંજોની અનિલલહરી લદાઈ જતી. લીલમના એમના આકાશમાં એ પુષ્પો તારકમંડળની રંગલીલા રમણે ચઢાવતાં. દેવોનાં રહસ્યોએ અનુકંપતી અમર સૂરતાઓએ સાવિત્રીના સુણતા શ્રવણોને ભરી દીધા. એક આત્મસત્તા સુખભર્યા સમીરમાં જ્યાં ત્યાં સરી રહી હતી. પર્ણોમાં ને પથ્થરોમાં એ ધ્યાનલીનતા ધારતી હતી, જીવતા મૌનની ધારે ધારે ભાવના ભાનવાળાં વાદિત્રોના ધ્વનિઓ ભૂલા પડયા હતા, ને વસ્તુઓના નીરવ હૃદયમાંથી જાગીને ગહન ગાન અજ્ઞાતના સ્વરોને પ્રકટ કરતું હતું. એક અપરિમિત અલૌકિક સંગીત મહામુદાઓના ખજાના ભર્યે જતું હતું. દૂર–સુદૂરમાં લય પામી જતા એ સ્વરમેળોમાં સાવિત્રી એક દિવ્ય આત્માની સૂરીલી સફરનો અવાજ સુણતી અને જોખમ વગરનાં સાહસોમાં એને મોહિનીઓની મધ્યમાં થઈને જતો જોતી. એક આદિમ દૃષ્ટિ પ્રાપ્ત થતાં, પ્રભુ ગમે તે રૂપમાં આવે તો પણ તેને આલિંગનમાં લઈ લેવાને તત્પર અદ્‌ભુત અને અકલંક પ્રકૃતિનાં એને દર્શન થયાં. પૃથ્વી ઉપરનું જીવન જેને ઝીલવાને સમર્થ નથી એવાં પ્રાણવાન પ્રહર્ષણો એના પવિત્ર હૃદયના તારોએ ઝીલ્યાં. અહીંનું દુઃખ ત્યાં ઉદ્દીપ્ત આનંદ હતું. અહીંનાં ઇન્દ્રિયગમ્ય સુખો ત્યાં અકલ્પ્ય માધુર્યમાં પરિણામ પામ્યાં હતાં. પરમાનંદ તો ત્યાં એક સર્વ સામાન્ય ઘટના હતી. અહીંની મનોહરતા જેનો એક પડી ગયેલો તાંતણો છે તે મનોહરતા ત્યાં પ્રભુના પોશાક પરના જરીકામમાં અનાયાસે ગૂંથાઈ ગયેલી હતી. ત્યાંની વસ્તુઓમાંથી મન એક ગહન પ્રકારનો પાર્થિવ પ્રમોદ મેળવતું. હૃદય ત્યાં અનંતતામાંથી પેટાવેલી મશાલ હતું; અંગો ત્યાં ચૈત્યાત્માની સઘનતાઓથી પ્રકંપતાં હતાં.

આ હતા અમરોના આનંદના માત્ર આરંભના પ્રદેશો, પાર વિનાના

મોટા હોવા છતાંય નાનામાં નાના. સાવિત્રીની દૃષ્ટિ ઉચ્ચતર ઊંચકાતાં એણે ત્યાં ઉદાત્તતર ને અધિક સુખ-સભર જગતો જોયાં. આમ એક ઉપર બીજો ને બીજા ઉપર ત્રીજો, એમ અનેક પ્રદેશોએ દર્શન આપ્યાં. છેવટે એક શિખર આવ્યું જ્યાં અંતવંત અને અંતહીન ઉભય એકરૂપ હતાં. ત્યાંની અનસ્ત જ્યોતિમાં મહાન દેવો વિરાજેલા દેખાયા. સ્ફાટિક સમાન અગ્નિમાં થઈને એમની આંખો સાવિત્રી તરફ વળી.

જોયું તો ત્યાં સૂર્યકાંત મણિની ભૂમિઓ ઉપર અપ્સરાઓ પ્રમોદોની ગૂંથણી કરતું નૃત્ય કરી રહી હતી. માધુર્યમાં મગ્ન કરી દેતી મુદ્રાઓમાંથી એમનું સૌન્દર્ય સજાયું હતું. મેઘાડંબરમધ્યે સુવર્ણ-શુભ્ર વીજ જેમ તેઓ વિલસતી હતી, ને નિર્દોષ હર્ષોલ્લાસની પવિત્રતા પાથરતી હતી. અનિલાલક ગંધર્વો ચમત્કારી ધ્વનિ ને લયમેળ ધારતા શબ્દોનું સર્જન કરતા વૈશ્વ વિચારની ગાથાઓ ગાતા હતા. દીપ્તિઓ દેખાઈ જેમાં પિતૃઓ હરફર કરતા હતા, ને આપણે જેને માટે પ્રયત્નશીલ છીએ તે સર્વના ભાવનો આનંદ માણતા હતા. તેમની પ્રભાનો ને તેમના પ્રભાવનો પાર નહોતો. ત્યાં હતા દ્રષ્ટા ઋષિઓ, પ્રેરિત કવિઓ જેઓ મહાન શબ્દોને પકડી લેતા ને મંત્રરૂપે પ્રયોજતા. અહીંયાં જે પ્રૌઢ શક્તિશાળીઓ ઠોકરો ખાય છે ને પાપાચરણ આદરે છે તે ત્યાં ઉત્કૃષ્ટ કોટિના દેવતાઓ હતા.

સાવિત્રી ત્યાં આકર્ષાઈ, અજ્ઞાત આનંદથી આકર્ષાઈ. એનો માનવ સ્વભાવ મૂર્છામગ્ન જેવો બની ગયો હતો. વાણીવિચારાતીત ઊર્ધ્વતાઓએ એ આરોહી. જોયું તો જણાયું કે પ્રકૃતિને શિખરભાગે પાર વગરની પહોંચવાળાં ભુવનો આવેલાં છે. પ્રકાશ પામેલા પ્રેમની અમર્ત્ય આંખો અવલોકાઈ, દિવ્યાતિદિવ્ય યોજનાઓ ત્યાં આયોજાઈ હતી. પ્રાણની અંદર જોઈ શકતા મનનો પ્રવાહ હતો. રૂપ ચૈત્યાત્માનું વસ્ત્રપરિધાન હતું. પ્રત્યેક ભાવ ત્યાં સનાતનનું શક્તિસંપન્ન શિશુ હતો, પ્રત્યેક વિચાર એક મધુર ને દ્યુતિમંતો દેવ હતો. પ્રત્યેક ધ્વનિ હતો એક સાદ, સૂર્યપ્રકાશ હતો આત્માની એક દૃષ્ટિ, અને ચંદ્રપ્રભા હતી એનું એક સ્વપ્ન. નિઃશબ્દ શાંતિના મૂલ પાયા પર બધું જ હતું એક સમર્થ ને સુનિર્મલ હર્ષ.

એ ઊંચાઈઓ પર સાવિત્રીનો આત્મા વિહંગપાંખે ઊડ્યો, અંતરનો આનંદભાર શાંતિમાં ઠાલવીને હળવો કરવા માટે ગાતો ગાતો ઊડ્યો ને અગમ્ય ગોલકોના અનુભવે આરોહ્યો. કાળ ત્યાં શાશ્વતતા સાથે એક બનીને

રહેતો હતો, સીમારહિત સુખ એકરસ આરામમાં એકાકાર બની ગયું હતું. એ અદ્‌ભુત ભુવનોમાં સાવિત્રી મહામહસ ને મહામુદાના સાગરમાં ડૂબી ગયા જેવી બની ગઈ. ત્યાં એને સર્વેની મોહિનીની ચાવીરૂપ તથા આનંદના ઉત્સરૂપ બનેલા એકનાં દર્શન થયાં. આપણાં જીવનોને પોતાની જાળમાં પકડી લેનાર તરીકે સાવિત્રીએ એને પિછાની લીધો. એણે મૃત્યુને સર્વે માર્ગોનો અંત બનાવ્યું છે. માનવ શ્રમની મજૂરીમાં એ દુઃખ આપે છે. યમ અને યામિની રૂપે એ જ સાવિત્રીની સમીપ ઊભો થયો હતો. પણ હવે એ એકદમ બદલાઈ ગયેલો દેખાયો. એક આશ્ચર્યકારી સ્વરૂપે એણે સાવિત્રીને દર્શન દીધાં. એ એવો તો મધુર લાગતો હતો કે જીવનનાં દારુણમાં દારુણ અંધ દુઃખો એને ખાતર વાજબી જ જણાયાં.

વસ્તુમાત્રના હૃદયમાં એક પરમાનંદનું પ્રભાપાંખડિયાળું પદ્મ પ્રકટ થયું. એની આગળથી યાતનાએ વિદાય લીધી. દ્વેષને માટે બહાનું ન રહ્યું, પ્રેમની વિકૃતિઓ વિલોપાઈ ગઈ. નિઃસ્વાર્થતામાં ને આત્માર્પણમાં આનંદ માણનાર પ્રેમ પ્રકાશી ઊઠયો. મહિમાવંતી દિવ્યતાઓ એક સ્વરૂપ ધારી એનામાં વર્તમાન હતી. એનાં અંગોમાં અમર દેવતાઓ દીપતા હતા. એનો આત્મા હતો સાગરો સમાણો. વિરાટ એનામાં આવિર્ભાવ પામ્યો હતો. દૃશ્ય જગતોનો એ શિલ્પી હતો, કલા ને કલાકાર એનામાં એક બની ગયાં હતાં. આત્મા, દ્રષ્ટા અને મનીષી એ પોતે જ હતો. એ હતો અપરાજિત આનંદ, મુક્તિ ને મહામુદા એના સૌન્દર્યમાં નિવાસ કરતાં હતા. વસ્તુઓ હતી એની અક્ષરમાલા, સામર્થ્યો હતાં એના શબ્દો, ઘટનાઓ હતી એનું જીવનચરિત્ર, સાગર ને સાગરાંબરા એની કથાનાં હતાં પૃષ્ઠો; જડ દ્રવ્ય એનું સાધન હતું, એની અધ્યાત્મસંજ્ઞા હતું. રક્તના પ્રવાહમાં એ ચૈત્યાત્માને વહાવતો હતો. એની મૂગી ઇચ્છા અણુપરમાણુઓમાં કાર્ય કરી રહેલી છે, એનો સંકલ્પ સક્રિય બનીને સર્વનું સંચાલન કરે છે, વિચાર ને યોજના કર્યા વગર એની બુદ્ધિ બધે પ્રવર્તે છે, ને એને લીધે જ જગત પણ પરાભૂત થયા વિના પોતાને સર્જતું રહે છે.

એનું શરીર પ્રભુનું શરીર છે. એના હૃદયમાં રાજાધિરાજ વિરાટ વિરાજે છે. સૂર્યશેખરી એની બૃહત્તામાં સુવર્ણ શિશુ ઝૂલી રહ્યું છે. એ હિરણ્યગર્ભ વિચારોનો ને સ્વપ્નાંઓનો સર્જનહાર છે. એ છે નેતા, એ છે દ્રષ્ટા, સર્વશક્તિમાન વિચારનો એ જાદૂગર છે. ગુપ્ત અગ્નિનું એ વાહન

બનેલો છે, અનિર્વચનીયનો એ અવાજ છે, અદૃશ્ય રહી એ જ્યોતિની મૃગયાએ નીકળેલો છે. રહસ્યમયી મહામુદાઓનો એ પાંખાળો દેવતા છે, ચૈત્યનાં રાજ્યોનો એ વિજેતા છે.

એક ત્રીજો ચિદાત્મ પાછળ ઊભો હતો. એ હતો એ સર્વેનો ઉત્સ, પ્રકાશમાં પરિબદ્ધ પરા ચેતનાનો પિંડ. એ રહેતો હતો સુષુપ્ત, પરંતુ એ અવસ્થામાંથી એ સર્વ વસ્તુઓનું સર્જન સાધતો હતો. સર્વપ્રજ્ઞ સત્ય એના હૃદયમાં નિગૂઢ છે. વિચાર પારથી આવતું એ પ્રજ્ઞાન છે. એના નીરવ મૌનમાંથી અમર શબ્દો સમુદ્ભવે છે. જડ-ચેતન, અણુ-બૃહદ્, મનુષ્ય, દેવ અને પશુપંખીમાં, રે! શિલામાં પણ એ સૂતેલો છે. એ છે તેથી અચિત્ પોતાનું કાર્ય અચૂકપણે ચલાવે છે, જગતને મૃત્યુની યાદ આવતી નથી. પ્રભુના વર્તુલનું એ કેન્દ્ર છે, પ્રકૃતિની પરિક્રમાનો પરિધિ છે. જાગ્રત થતાં એ સનાતન પરમેશ્વર સ્વરૂપે પ્રકાશે છે.

ઉપર હતો અનંતનો ધ્યાનલીન આનંદ, સર્વજ્ઞ ને સર્વ શક્તિમાન શાંતિ, નિરપેક્ષ નિશ્ચલ નીરવતા. ત્યાં બધી જ શક્તિઓ રાગમેળમાં ગૂંથાયેલી હતી. વિશ્વવિધાયક આનંદ એના અંગોમાં આલીન હતો. પ્રેમ અને પ્રમોદ એના મધુર આત્માનાં ઉત્તમાંગ હતાં. જીવ જેની ઝંખના કરે છે તે સર્વ એના વદનની સુંદરતામાં સમાયેલું હતું, એના મધમીઠા હાસ્યમાં એ વાટ જોઈ રહ્યું હતું. આત્માની એકાત્મતા એનામાં ભભૂકી ઊઠતી હતી. એની આંખોમાં પુષ્પોનો ને નક્ષત્રોનો મર્મરધ્વનિ પોતાનું રહસ્ય પ્રકટાવતો હતો. એની આંખે અનંતતા જોતી. એનામાં યુગોની આભા ઊઘડતી ને પળોનો પ્રમોદ પ્રકાશ પામતો. એક ચમત્કારી કુંજમાં એનો પ્રાજ્ઞતાનો પ્રભાકર આવ્યો હતો. ત્યાં પરસ્પર વિરોધી હતાં તેમને પોતાની સ્નેહસગાઈ સાંપડતી ને એ એક કુટુંબનાં ભાઈભાંડુ જેમ સાથે રહેતાં, એકેએક સ્વર્ગીય સૂર ત્યાં આલાપાતો ને રાગના રઢિયાળા મેળ જન્મતા. આકાશની અસીમ વિશાળતા, અશોક અવનીનો ઉત્કટ ભાવ, વિશ્વવિશાળ સળગતો સૂર્ય ત્યાં છે એવું લાગતું. એ પરમોચ્ચ આત્માની ને સાવિત્રીની દૃષ્ટિ મળી ને આત્માએ આત્માને ઓળખ્યો.

પછી પૃથ્વીના રુદનને પરમ પ્રહર્ષનાં ડૂસકામાં ને પૃથ્વીના પોકારને આત્માના ગાનમાં પલટાવી દેતો એક અવાજ હૃદયગુહામાંથી ઊઠયોઃ

"ઓ અમર શબ્દની માનવી મૂર્ત્તિ! પોખરાજની દીવાલો પાર તેં

શી રીતે જોયું? દિવ્યતાના દરવાજા ઉપરની દ્યુતિમંતી બહેનોને તેં શી રીતે જોઈ? વિચારથી ઢંકાયેલાં બારણાં તેં શી રીતે ઉઘાડયાં? કનકની કૂંચીવાળા તારા આત્માને દિવ્યતર અવસ્થાઓમાં પ્રવેશ કરવાનું તેં શી રીતે શિખવાડયું. મારાં પરમાનંદનાં અંતરોને પહોંચી વળવા માટે કાળની ને મૃત્યુની પાર તેં શી રીતે દૃષ્ટિ વિસ્તારી? ઉત્સાહી દેવો મારી ખોજમાં છે; હું પ્રકટ પ્રકાશનું સૌન્દર્ય છું. તારાઓની મશાલો તળેના અજેય યાત્રીને હું રાત્રિની પાર દોરી જઉં છું. હું છું પરમ પાવન પરમાનંદઃ મારી ઉપર જેમણે દૃષ્ટિપાત કર્યો છે તેમને માટે ફરી શોક કરવાનું રહેતું નથી. અંધકારમાં આવેલી આંખો મારા સ્વરૂપને જોશે. માનવ જીવનમાં વિયોજાયેલી એવી બે શક્તિઓ ધૂસર આકાશ નીચે વહેતી સમુદ્રધુનીને કાંઠે કાંઠે પાસે પાસે પગલાં ભરે છે. એક પૃથ્વી ઉપર લળે છે, બીજી સ્વર્ગો પ્રત્યે જવાની તમન્ના રાખે છે. પરમસુખિયું સ્વર્ગ પૂર્ણતા પામેલી પૃથ્વીનાં સ્વપ્ન સેવે છે, તો પૃથ્વી પૂર્ણતાના સ્વર્ગનાં. નકામા ખોટા ખ્યાલો એમને એકબીજાથી અળગાં રાખે છે. વર અને વહુની વચ્ચે તગમગતી છાયામયી તલવાર છે. એ જ્યારે નાબૂદ થશે ત્યારે દિક્-કાળ એ પ્રેમીઓને વિરહિત કરી શકશે નહિ. ઓ દિવ્યભાવિની, સાવિત્રી! તું વાટ જો. એ આવે નહિ ત્યાં સુધી તમે બન્ને દ્વૈતી નિયમને અનુસરો. રૂપના ભંગુર આગળાઓથી અધીર બની જાઓ નહિ. ભેદનેય સુખભરી એકતાનું મજાનું સાધન બનાવો. પણ જો તું આ દુઃખી દુનિયાને એના આક્રંદની પરવા કર્યા વગર છોડી દેવા માગતી હોય તો પેલી સમુદ્રધુની કૂદીને પાર કર, જગતમાં જહેમત ઉઠાવી રહેલી શક્તિ સાથેનો તારો કરાર રદ કર, મર્ત્ય હૃદયો પરની તારી અનુકંપાને આઘી ઉશેટ, તારા આત્માએ સર કરેલો અધિકાર સિદ્ધ કર, તારા અલ્પજીવી શ્વાસોચ્છ્વાસનો ભાર ઉતારી નાખ, ઉછીનો લીધેલો તારો દેહ તૃણભૂમિ પર તજી દે. પછી તારા આનંદ-ધામે ઊંચે આરોહ, ને ગમે તો અહીં આ સનાતન શિશુની ક્રીડાભૂમિમાં ક્રીડા કર અથવા તો અમરોના રાજ્યોમાં જઈ યથેચ્છ વિહાર કર. ત્યાં તું જગતની જેમને પડી નથી એવા દેવોની માફક અસ્તરહિત સૂર્યની આભાઓની સહચરી બની જા. તારી પાર્થિવ પ્રાર્થનાની વાત પડતી મૂક, હે અમરાત્મા! આરોહીને આત્યંતિક મહાસુખે જા."

શાંત હૃદયે સાવિત્રી આ સુમધુર મોહક સૂર સાંભળતી હતી ત્યાં કોઈ

વાટ જોઈ રહેલા અનંતનો અપાર આનંદ એનામાં રેલાઈ આવ્યો. સરવરનાં બે સરોજો સમીપ પ્રભાતસૂર્યનું પ્રથમ કિરણ રમે તેમ એની આંખોમાં એક સ્મિતે ઊર્મિલતા ધારીઃ "મનુષ્યની જિંદગીને તું જીવન-મરણથી ઘેરી રાખે છે, સુખદુઃખના, રાત્રિ ને દિવસના એને માટે વારા લાવે છે, તું એને સ્વર્ગથી લલચાવે છે, નરકથી એના બળની કસોટી કરે છે, એ બધું ખરું, પણ હું તારા નિત્યના દિવસમાં રહેવા માગતી નથી. તારી ઘોર રાત્રિનો જેમ મેં ત્યાગ કર્યો છે તેમ આ તારા દીપ્તિમંત દિવસનો પણ ત્યાગ કરું છું. મને તો તું મારું અપર સ્વરૂપ પાછું આપ. તારાં સ્વર્ગોને એની સહાયની જરૂર નથી, અમારી પૃથ્વીને એની જરૂર છે. મહિમાવંતા આત્માઓ માટે પૃથ્વી પસંદગી પામેલી છે. એ છે વીરોનું સમરાંગણ, મહાશિલ્પીઓની કર્મશાલા. સ્વર્ગની મહિમાવંતી મુક્તિઓ કરતાં, હે મહારાજ! પૃથ્વી ઉપર કરેલી તારી સેવાઓ વધારે મહિમાવંતી છે. એકવાર સ્વર્ગ પણ મારું સ્વાભાવિક સદન હતું. મેંય સ્વર્ગનાં સમસ્ત સુખ માણ્યાં છે. પણ સુરો ને અસુરો રાત્રિમાં જ્યાં જંગમાં ઝૂઝે છે ત્યાં અશક્યની સામે સાહસ કરવા માટે મારો અમર પ્રેમનો આત્મા માનવજાતિને ભેટવાને આવ્યો છે. આનંદ હોય પણ જે આનંદમાં અન્યોનો પણ ભાગ નથી તે આનંદ અધૂરો છે. પૃથ્વીનું જીવન સારા વિશ્વને પ્રેમમાં સમાવવા માટે છે, મૃત્યુ સાથેના દંગલમાં વિજય મેળવવા માટે છે, અણનમ ધનુષ્યનો ટંકાર કરવા માટે છે, પ્રભુની તલવારને વિલસાવવા માટે છે. તેં રણશિંગાં ફૂંકયાં છે, તો તલવારને અજમાવી જોવાનો અવકાશ આપ, પાનાથી મૂઠને અળગી પાડ નહિ. હું સાવિત્રી એની રત્નજડિત મૂઠ છું ને સત્યવાન છે એનું પાણીદાર પાનું. ગીતની ઝંકૃતિ થાય તે પહેલાં સિતારીને ખંડિત કરતો નહિ. હું જાણું છું કે માનવ જીવને ઉદ્ધારીને હું પ્રભુની પાસે લઈ જવાને સમર્થ છું. હું જાણું છું કે સત્યવાન અમૃતસ્વરૂપ પ્રભુને પૃથ્વી ઉપર નીચે લાવી શકશે. તારી ઇચ્છાને અમારો સંકલ્પ અનુસરશે. તારા વગર તો એ ખાલી તોફાનનું તોસતાન છે, પોલું બુમરાણ છે. તારા વગરનું દેવોનું બળ પણ ફોગટનો ફંદો છે. અચિત્‌ના અગાધમાં માનવજાતિને ઊતરી જવા દેતો નહિ, તારો સૂર્ય અંધકારને ને મૃત્યુને સોંપી દેતો નહિ. તારો આદેશ પાર પાડ. તારા વિશ્વવિશાળ પ્રેમને પૂર્ણાહુતિએ પહોંચાડ."

સાવિત્રીના શબ્દો અવાગ્‌-ગોચર અચિંત્યમાં ઓસરી ગયા. પણ પછી એ અદ્‌ભુતદર્શન દેવે મધ્યાહ્નસૂર્યના સુભવ્ય સ્મિત સાથે ઉચ્ચાર્યુંઃ

"પાર્થિવ પ્રકૃતિ ભૂમાનંદની ભૂમિકાઓએ શી રીતે આરોહશે અને છતાંય પૃથ્વી છે તે પૃથ્વી રહેશે? બન્ને અન્યોન્યને અવલોકી શકે છે, પણ મિલાપ સાધી શકતાં નથી. કોઈ કોઈ વાર જ સ્વર્ગનો પ્રકાશ પાર્થિવ મનની મુલાકાતે આવે છે, આનંદનાં દર્શન થાય છે, પણ તે સાક્ષાત્ કરી શકાતાં નથી. આછી આછી સ્વર્ગીય સૂરતાઓ સંભળાય છે, અજ્ઞાત પ્રહર્ષો રોમહર્ષનો અનુભવ કરાવી જાય છે, અદ્‌ભુત પૂર્ણતાનાં જગતોની ઝાંખી થાય છે, એક સ્વયંસિદ્ધ સુખનું આશ્ચર્યમય વિશ્વ છે એવું લાગે છે, સમસ્ત સત્ય અને અકાલ આનંદ ત્યાં છે એવો અણસાર આવે છે; પરંતુ તે સર્વમાંનું કશુંય અહીં આ પૃથ્વી ઉપર સફળતા મેળવતું નથી. દેવો બેધ્યાનપણે આવીને જતા રહે છે. જ્યોતિ જલદી બુઝાઈ જાય છે. શબ્દ શીઘ્ર શમી જાય છે. ઘણા જ ઓછા આત્માઓ અમર સૂર્યે આરોહે છે. મહાવીરો અને અર્ધ-દેવોનું પ્રમાણ અત્યલ્પ છે. જેમાં સત્યની શ્રુતિ સંભળાય એવાં મૌનો ગણ્યાં ગાંઠયાં છે. દ્રષ્ટાઓ વિરલા છે ને ભવ્ય દર્શનોની ક્ષણો ઘણી થોડી છે. સ્વર્લોકનું આહ્‌વાન જવલ્લે આવે છે ને જવલ્લે જ એની તરફ હૃદય લક્ષ આપે છે. પૃથ્વીએ માનવને પોતાની સાથે ખીલે જડી દીધેલો છે. ઉદ્ધારની મહાધન્ય ક્ષણે માણસ ઊંચે ચડે છે, પરંતુ જોતજોતામાં પાછો એ પોતાના પુરાણા કાદવમાં સરકી પડે છે, ને ત્યાં જ પોતાની સુરક્ષા રહેલી છે એવું સમજી લે છે. અલબત્ત, માણસની અંદર કંઈક એક એવું છે જે ગુમાવેલા મહિમા માટે આક્રંદ કરી ઊઠે છે, પણ તેમ છતાંય એ પોતાના પતનને સ્વીકારી લે છે.

બધા જ માણસો પોતાના પામર કે અપામર સ્વભાવાનુસાર પોતાની રીતે જીવે છે. આ સમતુલા ક્ષુબ્ધ કરવામાં આવે તો એમના જીવનમાં બધું ડામાડોળ બની જાય છે. ને જગતનો સ્થિર થયેલો નિયમ પડી ભાગે છે. માણસો માણસો મટીને સીધા દેવ બની જાય તો સૃષ્ટિમાં ચાલી રહેલા ક્રમવિકાસમાં એક મોટું ગાબડું પડી જાય ને વચગાળાની સોપાન પરંપરાનો લોપ થતાં ઉત્ક્રાંતિ અટકી પડે, ને કલ્પોને ધીરે ક્રમે ચેતના વિકાસ પામતી પામતી પ્રભુ ને પરમાત્મા સુધી જે પહોંચે છે તેની ગતિ બાધિત થઈ જાય. મનુષ્ય ચૈતન્યના દ્વારને ઉઘાડી આપનારી ચાવી છે, પરંતુ પગથિયે પગથિયે એણે ચડવાનું છે. બધું જ થશે પણ કાળને ક્રમે. માટે ઓ અત્યંત આર્દ્રહૃદયા ઉષા! અત્યારે જેમ ચાલે છે તેમ ભલે ચાલે. ઓ જ્વાલામયી! તારા પ્રજ્વલંત આત્મામાં પાછી પ્રવેશ, અથવા તો દિક્-કાલ પારની મારી અનંત

શક્તિમાં એકાકાર બની જા, કેમ કે તું વિશ્વમાતાની સાથે વિભાવંતી વધૂય છે. તું જ્યાંથી આવે છે તે પરા શક્તિમાં પ્રવેશ પામ. તારા નિત્યાનંદના સ્વરૂપને અપનાવી લે. શાશ્વતતામાં તારા મર્ત્ય માળખાને ભાંગી નાખ. હે વિદ્યુત્! ના જોવાતી જ્વાળામાં વિલીન થઈ જા. મહાસાગર! તારા તરંગને ઊંડાણમાં આશ્લેષ, ગહનની નિઃસ્પંદ ભાવમયતા સાથે તદાકારતા સાધ. આમ તું પ્રિયતમ ને પ્રેયસી–ઉભયને પિછાનીશ. વચ્ચેની વિભક્ત કરતી સીમાઓનો ત્યાગ કરી સાવિત્રીમાં એનો તું સત્કાર કર અને અનંત સત્યવાનમાં સાવિત્રીને આત્મવિલુપ્ત થઈ જવા દે. ઓ આશ્ચર્યસ્વરૂપિણી! જ્યાંથી તારો આરંભ થયો છે ત્યાં તું અંત પામી જા."

પણ સાવિત્રીએ એ દેદીપ્યમાન દેવને ઉત્તર આપ્યોઃ "તું મને ઐકાંતિક સુખને માટે નિરર્થક લલચાવ નહિ. આખી દુઃખી દુનિયામાંથી માત્ર બે જીવને જ તું બચાવી લેવાની વાત કરે છે. મારો ને સત્યવાનનો આત્મા એક અને અવિભાજ્ય છે. વાગર્થવત્ સંપૃક્ત છે. આ જગતમાં એક કાર્યનો આદેશ લઈને અમે બન્ને આવેલાં છીએ. જગતને અમે અમર જ્યોતિમાં પ્રભુ પાસે લઈ જવા માગીએ છીએ અને પ્રભુને પૃથ્વી ઉપર ઉતારી લાવવાનો અભિલાષ સેવીએ છીએ. પૃથ્વીના જીવનને પ્રભુના જીવનમાં પલટાવી નાખવા માટે અમારું આવાગમન થયું છે.

હે આનંદમય દેવ! હું તારી જાળમાં ફસાવાની નથી. પ્રભુએ અંદર નિગૂઢ રહીને સૃષ્ટિનો આરંભ કર્યો છે. તું જેટલો સત્ય છે તેટલી સૃષ્ટિ પણ સત્ય છે. પ્રભુએ પૃથ્વીને બનાવી છે તો પૃથ્વીએ પોતાની અંદર પ્રભુને બનાવવાનો છે, તારા બનાવેલા જગત માટે હું તારો દાવો કરું છું. પણ જો માનવ પોતાની મર્યાદામાંથી મુક્ત ન થઈ શકતો હોય તો માનવમાં એક અતિમાનવનો આવિર્ભાવ કર. વિશ્વની વસ્તુઓમાં હું રોજ રોજ વૃદ્ધિ પામતા પ્રભુને જોઈ રહી છું. વિશ્વ પોતાની સનાતનતા પ્રત્યે આરોહણ કરી રહ્યું છે."

પરંતુ નારીના હૃદયને દેવે ઉત્તરમાં જણાવ્યું:

"તું સનાતન શબ્દની સંમૂર્ત્ત શક્તિ છે. આત્માએ જેનાં સ્વપ્નાં સેવ્યાં છે તે સર્વને તું સર્જી શકે એમ છે. તું મારી પોતાની સર્જક શક્તિ છે, તું મારી દૃષ્ટિ છે, સંકલ્પ છે, મારો સ્વર છે. વળી તું જ્ઞાનસંપન્ન પણ છે. વિશ્વની મંદ મંદ ચાલતી પ્રક્રિયાને તું જોઈ શકે છે. ઉતાવળ કરતી નહિ.

અજ્ઞાન જીવને પરમ જ્યોતિના સાહસ પ્રત્યે અત્યારે અકાળે પ્રેર નહિ. એને માટે અનંતતા એક મોટું જોખમ છે. પણ તેમ છતાંય જો તું કાળની, પ્રભુની પ્રતીક્ષા ન કરી શકે એમ હોય તો તારો સંકલ્પ પ્રારબ્ધ ઉપર પરાણે લાદ. તારી ઉપરનો રાત્રિનો ભાર ને પછી સંધ્યાકાળની સંદિગ્ધતાઓ અને સ્વપ્ન જેમ મેં લઈ લીધાં હતાં તેમ હવે હું મારા દિવસનો ભાર પણ લઈ લઉં છું. આ મારાં પ્રતીકાત્મક રાજ્યોમાં ભાગ્યનું નિર્માણ કરવાવાળી વરણી થતી નથી. જ્યાં જગત જેવું કશું જ નથી ત્યાં તું આરોહીને જા. નીચેની ભૂમિકાઓમાં સનાતનનો આજ્ઞાત્મક શબ્દ સંભળાતો નથી. પૃથ્વી ને પૃથ્વી ઉપરના માનવને જો તું પરબ્રહ્મના પ્રદેશમાં નિર્મુક્ત બનાવવા માગતી હોય તો તું પ્રભુનું, મનુષ્યનું ને પ્રભુના જગતનું પરમ સત્ય શોધી કાઢ. હે આત્મા! તું તારા અકાળ સ્વરૂપે આરોહ, ભાગ્યનિર્માણની બંકિમ રેખ પસંદ કર ને કાળની ઉપર તારા સંકલ્પની મુદ્રા માર."

આ શબ્દો શમ્યા ન શમ્યા ત્યાં તો ભુવનોને ડોલાવી દેતી એક શક્તિ આવિર્ભાવ પામી. સ્વર્લોક અધ્યાત્મ-જ્યોતિમાં અદૃશ્ય થઈ ગયા. સાવિત્રી એક અનિર્વચનીય આલોકમાં પૂર્ણકામ બની. એના હૃદયે વિશ્વપ્રેમનો ભાર ભરાયો. અસંખ્યાત જીવોની એ અદ્‌ભુત માતા બની ગઈ. સમસ્તનું જ્ઞાન એનામાં જાગ્યું, આદર્શ શબ્દ એને સંભળાયો, રૂપના બંધનમાંથી એની દૃષ્ટિ મુક્ત થઈ, હજારો બારણાં વાટે એના હૃદયમાં એકતાએ પ્રવેશ કર્યો. અજ્ઞેયે આપેલું મૌન અજ્ઞેયને પાછું સોંપાયું. સાવિત્રીની આસપાસ અસીમ આત્મસત્તા આવી રહી. એક ઓગળી જતા મોતીની આસપાસ એ એક રહસ્યમય અર્ચિષ હતી. પછી શ્રવણોએ નહિ સુણેલો શબ્દ ધ્વન્યોઃ "હે જીવાત્મા! વરદાન માગ, પણ તારી વરિષ્ઠ વરણી સિવાયનું. અત્યારે મારા બ્રહ્મસ્વરૂપમાંથી નનામી એક નિરાકાર શાંતિ તને નિહાળી રહી છે. શાશ્વતતામાં અપરિસીમ નિર્વાણને માણ. અનંતમાં એક બિંદુનો, મહાસાગરમાં એક લહરીનો, તારા ભમતા વિચારની વિમાસણનો અંત આણ. તારા યાત્રી આત્માની યાત્રાને સમાપ્ત થવા દે."

પણ સાવિત્રીના હૃદયમાં કોઈ એક ઝંખના સેવી રહ્યું હતું. સાવિત્રીએ નીરવ ઉત્તર આપ્યોઃ "વિનાશક કાળની મધ્યે, હે પ્રભો ! તારી શાંતિ આપ, તારા આનંદના સ્વહસ્તથી વરદાન વેરતી શાંતિ મહિમાધામ માનવ આત્માને આપ."

બીજી વાર સનાતનનો સ્વર સંભળાયોઃ "મારા અવર્ણનીય બારણાં આ સામે ઊઘડી ગયાં છે. ધરાની ગ્રંથિ છેદવા માટે મારો આત્મા નીચે નમ્યો છે. દીવાલો તોડી પાડ, તારાઓના વણાટને ઉકેલી નાખી મહામૌનમા પ્રવેશ."

એક વિશ્વવિધ્વંસક વિરામમાં કોટાનુકોટિ જીવોએ એની પ્રત્યે પોતાનો રડતો પોકાર પાઠવ્યો. સાવિત્રી બોલીઃ

"પ્રભો! સમીપે આવી રહેલાં અનેકાનેક હૃદયોને એકતાનો આસ્વાદ આપ, અસંખ્ય જીવાત્માઓ માટે મારી મધમીઠી અનંતતા આપ."

ત્રીજી વાર ચેતવણી આપતો અવાજ આવ્યોઃ

"આ હું મારી પાંખોનો પરમાશ્રય પ્રસારું છું. ભુવનની ભીષણ ઘૂમરીઓ ઉપર નિદ્રા-નિસ્તબ્ધ મારી મહત્તમ દીપ્તિમંતી શક્તિ દૃષ્ટિપાત કરે છે."

વસ્તુઓનું એક ડૂસકું એ અવાજનો ઉત્તર બન્યું. સાવિત્રી ભાવાવેશે ભરાઈને બોલીઃ "સર્વે નર-નારીઓને, દુઃખમાં દટાયેલાં ભૂતસમસ્તને માને હૃદયે લઈ લેવાની મને શક્તિ આપ."

કોક ફિરસ્તાની દૂરની સારંગીના સૂર જેવો છેલ્લી વારનો અવાજ આવ્યોઃ "જ્યાંથી હૃદયોના ધબકાર જન્મ્યા છે તે અહીંના મત્ત નૃત્યથી દૂર દૂર નરી નીરવતામાં સૂતેલા પરમાનંદની આંખ તારે માટે ઉઘાડું છું."

આરાધનાનું એક સ્તોત્રગાન ઊંચે આરોહ્યું ને ઝંખનાભરી સાવિત્રી માત્ર આટલું જ બોલીઃ "દુઃખની જીવંત ગ્રંથિને છેદી નાખનાર તારું આલિંગન, જેમાં સર્વે જીવો શ્વાસોચ્છ્વાસ લઈ રહ્યા છે તે તારો આનંદ, ગહનતમ પ્રેમનો ચમત્કારી સ્રોત, તારું અમૃતનું માધુર્ય, હે પ્રભો! મને આપ, આખી પૃથ્વીને માટે આપ, મનુષ્યમાત્રને માટે આપ."

પછી પાછો થોડાક મૌન પછી એથીયે વધારે સુખદ સૂર શરૂ થયોઃ "સંમૂર્ત્ત શબ્દની ઓ સુમધુર માનવ મૂર્ત્તિ! તારા વિચાર તે મારા વિચાર છે. હું તારા શબ્દોથી બોલ્યો છું. મારો ને તારો સંકલ્પ એક છે. તેં પસંદ કર્યું છે તે મારી પસંદગી છે. તેં જે જે માગ્યું છે તે તે સૌ હું પૃથ્વીલોકને આપું છું. તે તારી એકલીની અલાયદી મુક્તિની ને નિર્વાણની શાંતિની ના પાડી છે અને મારી અકાળ ઇચ્છાને અપનાવી લીધી છે તેથી તારા જ્વલંત આત્માની ઉપર, તારા પ્રેમના હૃદય ઉપર મારા આશીર્વાદના હસ્ત સ્થાપું છું. પૃથ્વીના ભાગ્યમાં તું ભાગીદાર બની છે, દયાર્દ્ર ભાવે

લોક ઉપર લળી છે, તેથી મારા પ્રભાવપૂર્ણ મહાકાર્યની ઝૂંસરી તારે ખભે મૂકું છું. તારા દ્વારા હું મારાં અદ્‌ભુત કાર્યો કરીશ. હું તારું બળ બનીશ, મારી શક્તિ તારામાં પ્રવર્તશે, તારી અંદર હું મારું સર્વોત્તમ ધામ રચીશ. ઓ સૂર્યશબ્દ! તું પૃથ્વીના આત્માને પ્રકાશે પહોંચાડશે, મનુષ્યોનાં જીવનોમાં પ્રભુને પધરાવશે. માનવ કાળમાં તારું કાર્ય જ્યારે પૂર્ણાહુતિ પામશે ત્યારે પૃથ્વીનું મન પ્રકાશનું ધામ બની જશે, પૃથ્વીનું જીવનવૃક્ષ સ્વર્ગો પ્રત્યે વૃદ્ધિ પામીને જશે, ને પૃથ્વીનો દેહ પ્રભુનું પવિત્ર મંદિર બની જશે; પાર્થિવ ચેતના પરમાત્માની ચેતનાથી પરિપૂર્ણ બની જશે; તારે માટે, મારા વડે ને મારામાં સર્વે જીવન ધારતાં થશે. તારામાં મને મારું વિશ્વ મળશે ને હું જે છું તે સર્વેને વિશ્વ તારામાં પ્રાપ્ત કરશે. ગબડતા વિશ્વગોલકોમાં તું મને પિછાનશે. પરમાણુઓની ઘૂમરીમાં તું મને ઘૂમતો જોશે, સચરાચરની શક્તિઓ તને મારા નામથી સાદ કરશે. મારો સુધાકર તારી ઉપર સુધાસ્રાવ કરશે. મારી સુવાસ તને જાઈજૂઈની જાળમાં ઝાલી લેશે. સૂર્યમાંથી મારી આંખ તારી ઉપર દૃષ્ટિપાત કરશે. મિત્રો તને મારી તરફ જ આકર્ષશે, શત્રુની આંખમાં પણ મને જ મળવાની તને ફરજ પડશે. તું કોઈ પણ બંધુ જીવથી સંકોચાશે નહીં. તને કળશ બનાવી તે દ્વારા હું આનંદરસ રેડીશ, તને મારો રથ બનાવી ઘુમાવીશ. તું મારી તરવાર બનશે. તને મારી સિતારી બનાવી હું વગાડીશ. પ્રભુની ઓ સર્વાંગસુંદરી દાસી! હરહંમેશ પ્રેમ સેવ, વિશ્વપ્રેમનો મારો પાશ બની જા. શાશ્વત શાંતિથી તારા સત્ત્વને ભરી દે. અમર સ્તોત્ર આલાપઃ સોનેરી અટ્ટાલિકા ઊભી થઈ છે, જ્વાલાના શિશુનો જન્મ થયો છે.

"ઓ જ્યોતિઃસ્વરૂપિણી સાવિત્રી! જા, તારા સત્યવાનને સાથમાં લઈ જીવનમાં ઊતર. શાશ્વતી સમાથી મેં જ તમને અજ્ઞાનના જગતમાં મોકલ્યાં છે. તમે યુગલશક્તિ સાથે આવેલાં છો. અજ્ઞાનના જગતમાં પ્રભુને ઉતારો, મર્ત્ય જીવોને અમૃતત્વે લઈ જાઓ. પૃથ્વીના ભાગ્યનિર્માણને ઊર્ધ્વમાં ઉઠાવનારી જે શક્તિ તે તું છે, સત્યવાન છે મારો આત્મા. અવિદ્યાની રાત્રિમાંથી એ અકાળ જ્યોતિએ આરોહે છે. ક્રમવિકાસની સરણીએ એ પશુની અંધતામાંથી માનવના ઉજ્જ્વલ વિચાર સુધી વિકસીને પહોંચ્યો છે. પ્રભુ પ્રત્યે હજુયે એ આરોહીને જશે. એ છે માનવ જીવનમાં વર્ધમાન દેવ, ને સાવિત્રી! તું મારા આત્માની શક્તિ છે, મારા અમર શબ્દનો સૂર છે,

કાળના માર્ગો ઉપર તું સત્યનું સુંદર મુખ છે. તમારા તૈયાર કરેલાં કલેવરોમાં મહાશક્તિમતી માતા કાળને કાંઠે જન્મશે ને માનવ માટીમાં પ્રભુનો પ્રાદુર્ભાવ થશે. ત્યારે જ માનવોને પરમ સત્યનું વરદાન મળશે.

"કેટલાક તે સમે પ્રભુના મહિમાનાં પાત્રો બનશે, સનાતનની જ્યોતિર્મયી શક્તિનાં વાહનો બનશે. એ હશે કાળના નેતાઓ, મહાન ઉદ્ધારકો, નવીન દિવ્ય જાતિમાં પ્રથમ જન્મ લેનારાઓ. વિજ્ઞાન એમના સ્વભાવનો ઉત્સ હશે, એમનાં કર્મો અને એમના વિચારો સનાતન સત્યના ઘડ્યા ઘડાશે. વિજ્ઞાનમય આત્મા સૃષ્ટિનો સમ્રાટ બનશે ને એ માનવીના અજ્ઞાન હૃદયને મર્ત્યતામાંથી અમૃતે ઉદ્ધારશે. એક અચૂક હાથથી ઘટનાઓ ઘડાશે, આત્માની આંખો પ્રકૃતિની આંખો દ્વારા જોશે, પ્રકૃતિની શક્તિનું સ્થાન આત્માની શક્તિ લેશે. પૃથ્વી ઉપર પ્રભુ પડાવ નાખશે. કુદરતનો ક્રમ ઊલટાઈ જશે. જે ગૂઢ છે તે પ્રકટરૂપતા પામશે. કદાચ કોઈ વિરોધી શક્તિ આનાકાની કરશે કે માનવ પોતાના અધ્યાત્મ ભાવિનો ઇનકાર કરશે તો પણ વસ્તુઓમાં વસેલા સત્યનો વિજય થશે. આ પૂર્વનિર્મિત લક્ષ્યની દિશામાં બધું વળેલું છે. પરાત્પરના સંકલ્પથી સિદ્ધિનો સમો અવશ્ય આવશે. મૃત્યુનું મૃત્યુ થશે. અજ્ઞાનનો અંત આવશે.

"પણ સર્વપ્રથમ એ સર્વોચ્ચ સત્યે પૃથ્વી ઉપર પાય માંડવાના છે ને માણસે અજરામર જ્યોતિ માટે ઝંખતા થવાનું છે. એણે સંપૂર્ણપણે પરમ્ વસ્તુને આધીન થઈને વર્તવાનું છે. એમ કરતાં વિજ્ઞાનમય પુરુષ પ્રકટ થશે ને પ્રકૃતિનો પ્રભુ બની જશે. એની ઉપસ્થિતિ થતાં જડ જગત પલટાઈ જશે, મનુષ્ય પરમ સત્ય, પરમાત્મા ને પરમાનંદ માટે અભીપ્સા રાખશે. ઊર્ધ્વનો આત્મા અને નીચેનું જડદ્રવ્ય મળશે, ભળશે ને એકાકાર બની જશે. માનવ અને અતિમાનવ અન્યોન્ય શું ઓતપ્રોત થઈ જશે. સામાન્ય જનતા પણ અંતર્યામીના સ્વરને સાંભળતી બની જશે, પરમાત્મા સાથે નિકટનો સંબંધ બાંધવા અને ઉચ્ચોચ્ચ અધ્યાત્મ ધર્મને અનુસરવા પ્રયત્નશીલ બની જશે. સત્ય જીવનનો અધિનાયક બની જશે અને વધુ ને વધુ લોકો પ્રકાશમાં પ્રવેશવા માંડશે. પ્રકૃતિ એક મહાપ્રભાવશાળી સાન્નિધ્યથી ભરી ભરી બની જશે અને એ ગુપ્ત રહેલા પ્રભુનો પ્રાદુર્ભાવ કરવાને માટે જ જીવશે. પરમાત્માદેવ માનવલીલાને પોતાના હાથમાં લઈ લેશે અને આ પૃથ્વી ઉપરનું જીવન પ્રભુમય જીવન બની જશે."

એ સૂક્ષ્મ સંગીતનું તાલમાન બંધ પડયું. સાવિત્રીનો આત્મા અદૃશ્ય ભુવનો ને અગાધ અવકાશોમાં થઈને ખરતા તારાની જેમ ઊતર્યો. એની આસપાસ અદૃશ્ય સિતારીઓ બાજતી હતી; અનામી અવાજોના સાદ આવતા હતા. હસતા સમીરણોની સંગીતમંડળી એના મિલન માટે આવી. સાવિત્રીની પૂઠળ પૂઠળ કોઈ એક યુવકનું હોય એવું મુખ દેખાયું. અસહ્ય માધુર્ય એનામાં મલપતું હતું. અગોચર સમસ્ત સૌન્દર્યનું એ પ્રતીક બની ગયું હતું. એને માથે હતા મોરપિચ્છના ભભકતા રંગો. એક નીલમ ચોકઠામાં મઢી લીધો હોય એવું એ અદ્ભુત હતું. વર્ણવ્યું ન જાય એવું એનું આકર્ષણ હતું. હૃદયને વિહ્વલ બનાવી દેતું એનું સ્મિત સાવિત્રીના સત્ત્વને અતૃપ્ય આલિંગન પ્રત્યે પ્રેરતું હતું. એ જ મુખ રૂપ બદલીને શ્યામ સુંદર એક સ્ત્રીનું બની ગયું,-તારાખચિત વાદળાંવાળી ચંદ્રિત રાત્રિના જેવું. અહો! છાયાલીન મહિમા અને ઝંઝાભર્યાં ઊંડાણ! ઉદ્દામ સંકલ્પ અને ભીમભયંકર પ્રેમ! પૃથ્વીના નૃત્યની ઘુમરડીમાં એનો આદેશ પ્રવર્તતો હતો. આત્માની ભાવોત્કટતામાંથી આવેલું મુદામગ્ન અંધ જીવન એની આંખોમાંથી ઉદ્ભવ્યું હતું. મહાવેગથી નીચે ઊતરતી સાવિત્રીએ સત્યવાનના આત્માને હૃદય સરસો ગાઢ ચાંપી રાખ્યો હતો,-કોઈ બાળક પોતાના ખિલોણાને રાખે તેમ. વસંતલક્ષ્મીના વક્ષ:સ્થળમાં છુપાયેલા ફૂલની જેમ એ શોભતો હતો.

માર્ગમાં અદૃશ્ય સ્વર્ગોને વટાવતી સાવિત્રી ચક્કર આવે એવા ઝંપાપાતમાં નિલીન થઈ ગઈ. સ્વર્ગસદનના તરુવરનું એક પર્ણ ફૂદડીએ ફરતું ફરતું નીચેના કો જલાશયમાં ઊતરે તેમ એ પૃથ્વીની અચેતનતામાં ઊતરી. નીચેની ચમત્કારતાએ એને આતિથ્ય સમર્પ્યું. માના હૃદયમાં જાણે એ દટાઈ ગઈ.

પછી અકાળની ભોમથી કાળની ઉપર દૃષ્ટિપાત કરતા એક આત્માએ ભાગ્યનિર્માણને લક્ષ્યમાં લીધું. દેવોની નીરવતામાં બધું નિ:સ્પંદ હતું. દૈવી ક્ષણે કાળના ઉતાવળા હૃદયમાં શાશ્વતની શાંતિની હીરકમયી જ્યોતિ નાખી, પ્રભુના પરમાનંદનું કસુંબલ બીજ રોપ્યું. અમર પ્રેમનો આલોક ઊતર્યો. એક અદ્ભુત મુખ અમૃતની આંખે અવલોકવા લાગ્યું. સોનેરી સળિયા હઠાવતો એક હસ્ત દેખાયો. કાળના રહસ્યભર્યા તાળામાં એક કૂંચી ફરી. એક મહત્તર રાગમેળ જન્મ્યો અને એણે ઝંખી રહેલાં સંવત્સરોમાં અણચિંત્યો આનંદ અને માધુર્ય આણ્યાં, એક મહામુદા, એક હાસ્ય અને એક સ્વરે વિસ્મય વેર્યો. એક શક્તિ નીચે ઊતરી આવી. એક મહાસુખે પોતાનું ધામ પ્રાપ્ત કર્યું.

વિશાળી વસુંધરા ઉપર અનંત આનંદમયતાએ પોતાની હૂંફાળી પાંખો પાથરી.

**ચમત્કારી સૂર્ય એક ગગનોથી પ્રહર્ષનાં**
**પૂર્ણતાના ધામરૂપ ભુવનો પે અમર્ત્ય સંમુદાતણાં**
**નીચે નીરખતો હતો;**
**જાદૂભર્યા વિકાસો એ શાશ્વતાત્માકેરા સ્મિતતણા હતા,**
**એના આનંદના ગુપ્ત હૃત્સ્પંદોને બંદીવાન બનાવતા.**
**પ્રભુકેરો સદાસ્થાયી દિન એની આસપાસ ફરી વળ્યો,**
**સનાતન પ્રભાકેરા પ્રદેશો દૃષ્ટિએ પડયા**
**આક્રાંત કરતા સારી પ્રકૃતિને પ્રમોદે પરમેશના.**
**એને દેહે લહ્યો કંપ સ્પર્શથી શાશ્વતીતણા,**
**સ્થિત આત્મા થયો એનો ઉત્સો પાસે અનંતના.**
**અગ્રભાગોમહીં સાન્ત એ રહેલી હતી અનંતતાતણા,**
**જે એક નિત્યની દૃષ્ટિ માટે નિત્ય નવા હતા.**
**શાશ્વતીએ**
**કરી ગુણિત પોતાની વિશાળી આત્મ-દૃષ્ટિને**
**અનંત નિજ સામર્થ્ય અને હર્ષ પ્રમોદે પલટાવવા,**
**કાળની સાથ ક્રીડંતા ચૈત્ય જીવો જેમાં ભાગ લઈ શકે,**
**અજ્ઞાત ગહ્‌વરોમાંથી નિત્ય-નવીન જન્મતી**
**ભવ્યતામહીં વૈભવશાલિની,**
**અમર્ત્ય આવતા કૂદી પ્રભાવોમાં અજ્ઞાત શિખરોથકી,**
**અમર પ્રેમની ભાવોદ્રેકયુક્ત હૈયાની ધબકોમહીં,**
**પડી ન શકતી ફીકી કદીયે જે એવી મધુરતાતણાં**
**દૃશ્યોનાં સ્થાનકોમહીં.**
**સ્વપ્નગમ્ય બૃહત્તાઓ છે જે અદ્‌ભુતતાતણી**
**ત્યાંથી ગભીર ચાપોને રૂપે પારભાસિની સ્થિર શાંતિનાં**
**અમર્ત્ય ગગનો મેઘમુક્ત નીચે સરકી ઊતરી પડયાં**
**નીલમી ગહરાઈમાં હૃષ્ટ હૃદયની અને**
**નયનોની સમીપમાં;**
**સૂર્યપ્રકાશ આંખોની મુલાકાતે આવ્યો, કેવળ રશ્મિને**

બરદાસ્ત કરી લીધું પીડા વગર એમણે,
અને રૂપતણી જોઈ મૃત્યુમુક્ત પ્રસન્નતા.
એ હવામાંહ્યથી દેશવટો સંધ્યા અને ધુમ્મસને હતો,
પ્રભાએ સ્ફુરતાં આવાં સ્વર્ગો માટે હતી રાત્રિ અસંભવા.
અસીમતાતણે હૈયે પાકે પાયે સ્થપાયલા
અધ્યાત્મ વિસ્તરો જોયા જતા હતા,
સર્જકાનંદના સ્પંદહીન સૌન્દર્યમાંહ્યથી
ભવ્ય એ જનમ્યા હતા;
મીઠે માપે ઘરાયેલા વિચારો મૂર્ત્ત રૂપમાં
પ્રસન્ન કરવા દિવ્ય શાંતિની કો એક બેપરવાઈને,
ઊંડી ઊંડી માગણીને અનંત અર્થ અર્થની
અને અતનુ રોમાંચકેરા આવાસ કારણે
એની રૂપોકેરી જરૂરિયાતને
ઉત્તર આપતા હતા.
વિશ્વ-શક્તિતણી આગેકૂચ કાળતણી મહીં,
ચક્રાવર્તી સંમિતોમાં અને ભોમોમહીં દશકછાંદસી
આત્માની બૃહતીઓનો ચાલનારો વ્યવસ્થાક્રમ મેળમાં
હતાં આશ્રયનાં દાતા વિશ્વવ્યાપી હર્ષના રંગરાગને,
અનંત ધારતો રૂપો આત્મા જેમાં રહેલો વસ્તુઓમહીં,
ભુવનો સ્વપ્ન છે જેનાં
તે કલાશિલ્પીએ જેની વસ્તુ-આયોજના કરી;
અહીં જે સર્વ સૌન્દર્ય અને અદ્ભુતતા હતી
અને અટપટું જેહ હતું વૈવિધ્ય કાળનું,
ઉપાદાન દ્રવ્ય તેનું અને તેનું મૂળ શાશ્વતતા હતી;
બન્યાં હતાં નહીં તેઓ દ્રવ્યકેરા મૃદ્ય ધુમ્મસમાંહ્યથી,
સૂચના આપતાં'તાં તે પોતાના ગહ્વરોતણી
ને પોતાની શક્તિઓની મહાશ્રેણી તે ખુલ્લી કરતાં હતાં.
ઉદ્ભવેલા સરહસ્ય ત્રિગુણ સ્વર્ગની તળે
સપ્ત અમર ભૂલોકો દેખાયા ભવ્યતાભર્યાઃ
ધામો સૌભાગ્યવંતોનાં

વિનિર્મુક્ત થયા 'તા જે મૃત્યુથી ને સુષુપ્તિથી,
જ્યાં કદીએ દુ:ખ-શોક આવવાને સમર્થ ના,
જે દુ:ખ-શોક આવે છે વિનષ્ટાત્મ ખોજતાં ભુવનોથકી,
પલટી નાખવા સ્થૈર્ય અવિકારી સ્વર્ગ-સેવી સ્વભાવનું
ને એની ઓજસે પૂર્ણ સ્થિતિ શાશ્વત શાંતિની,
ને મુદ્રા એહની નિત્યસ્થાયિની સંમુદાતણી.
હતાં મેદાન આવેલાં, પ્રભુકેરી સુવિશાળ સુષુપ્તિના
વિસ્તારોના જેવાં જે લાગતાં હતાં,
અમૃતત્વતણા નીલ અગાધોમાં શમી જતા
સ્વર્ગના બૃહદારામ પ્રત્યે પાંખો વિચારની
આરોહીને જતી હતી.
સ્વભાવ પલટાયેલો પૃથ્વીકેરો લહેતો શ્વાસ શાંતિનો.
સુખશર્મતણા સિંધુ સમાણી લાગતી હવા
યા શય્યા અણજાણેલા આધ્યાત્મિક વિરામની,
પરિપૂર્ણ પરાનંદકેરી નીરવતામહીં
સ્વર સર્વે ગળી જાતી બૃહતી શાંતિ નિશ્ચલા;
લાવતું 'તું જડદ્રવ્ય સુદ્ધાં ગાઢ સ્પર્શ અધ્યાત્મતાતણો,
રોમાંચિત થતું સર્વ અંતર્યામી એક દેવાધિદેવથી.
આ પૃથ્વીઓમહીં સૌથી નીચેનીય હતી સ્વર્ગ જ એક કો,
પૃથ્વીનાં દૃશ્યની શોભા ને પ્રસન્ન પ્રકાશને
સ્વર્ગીય વસ્તુઓકેરી સુષમામાં પરિણામ પમાડતી.
શાશ્વત ગિરિઓકેરી શ્રેણિઓ પર શ્રેણિઓ
જાણે નીલમને થાળે તેમ રેખા હતી ઉત્કીર્ણ જેમની
ને આંકતી કિનારોને સ્વર્ગકેરા ઝગનારા બપોરની,
દેવમંદિરનાં સોપાનોની શ્રેણી હોય ના ગોઠવાયલી
તેમ ઊર્ધ્વ દિશે આરોહતી હતી,
ને ધ્યાનલયનાં ઉચ્ચથકી ઉચ્ચ તેમનાં શિખરોથકી
નીચેનો સુણતી હતી
નીલ યાત્રીવૃન્દકેરા આવાગમનનો ધ્વનિ
ને અકાલાબ્ધિઓતણા

યાત્રા કરંત, વિસ્તીર્ણ, સમીપે આવતા જતા
મહંત સ્તોત્રના સૂરે શ્રવણો માંડતી હતી.
ગિરિનાં ગહ્વરોમાંથી સરી આવ્યું વૃન્દ ગાનપરાયણ
કરતું પાર શાખાઓ પુષ્પોચ્છ્વાસ સુવાસિની,
માધુર્યોમાં થઈ ક્ષિપ્ર જતું મારી કૂદકાઓ પ્રમોદના;
દિવ્ય ઊર્મિલતાધારી સરિતાઓ શર્મની મર્મરે ભરી,
કામનાઓ મધુ-સ્વરી,
ભળી જતી સખીઓની સુખની ભ્રમિઓ સહ
પછીથી પૃથુતા ધારી ગતે શાંત સ્વરના લયની મહીં
ઝાઝેરી ઝલકોવાળા સ્વપ્નના સ્રોતસો સહ
મર્મરંતી જતી સ્વચ્છ શાંતિકેરાં સરોમહીં.
સંજ્ઞાહીના સંમુદાની ધાર પર ધરાયલા
ને વિચારતણી એક રક્ષતા શાશ્વતી સ્થિતિ,
કંડારાયેલ આત્માઓ હતા બેઠા સૂરની સરિતો કને
અવિકારી અવસ્થાઓમહીં આરસ સૌખ્યની
સ્વપ્નભાવ નિષેવતા.
પ્રભુના દિનનાં બાલ સાવિત્રીની આસપાસ વસ્યાં હતાં
વર્ણવ્યું જાય ના એવા મહાસુખે,
કદીય ન ગુમાવતા સુખભાવે, આરામે અમરાત્મના,
પરમાનંદથી પૂર્ણ મહાવૃન્દ પ્રસન્ના શાશ્વતીતણું.
આસપાસ મૃત્યુમુક્ત પ્રજાઓ ચાલતી ને બોલતી હતી,
આત્માઓ સુપ્રભાશાળી સ્વર્ગકેરા પ્રમોદના,
નરી સુંદરતાકેરાં મુખો, અંગો રૂપબદ્ધ પ્રકાશનાં;
સચેતન શિલામાંથી રત્નો જેમ કપાયેલાં પુરોમહીં
અને આશ્ચર્યથી પૂર્ણ ગોચરોમાં ને લસંતા તટો પરે
રૂપો ઉજ્જ્વલ દેખાયાં, શાશ્વતીની જાતિઓનાં પ્રકાશતી.
એની ઉપરની દિશે
લયમેળે દેવતાઓ ગોલકો ઘુમરાવતા,
આપણા તારકોકેરી ભીમકાય કક્ષાઓ સ્ખલતી જતી,
અહીંયાં આંધળી શોધ

કરે જેની તે મુદામાં મગ્ન એવી સ્થિરતાઓ ચલ્યે જતી.
શ્રુતિ-તારો પરે સૂર કરતા 'તા આઘાત સંમુદાભર્યા,
પ્રત્યેક ગતિ પામી 'તી સર્વથૈવ નિજ સંગીત આગવું;
રોમહર્ષભર્યાં ગાણાં પંખીડાંનાં અમ્લાન વિટપો પરે,
કલ્પનાની પાંખકેરા સુરેન્દ્રધનુમાંહ્યથી
પક્ષકલાપના રંગો ઝલાયા જેમના હતા.
અમર્ત્ય સૌરભે સાન્દ્ર સજાઈ 'તી અનિલોર્મિ પ્રકંપતી,
ભાવે સ્ફુરંત હૈયાં ને કંપતી ગહરાઈઓ
લાગતા 'તા એવા કુંજનિકુંજમાં
ખીલતાં 'તાં બાલ લાખો મૃત્યુમુક્ત વસંતનાં,
અસંખ્ય શુચિ તારાઓ રંગે રંગ્યા પ્રમોદના,
આશ્રયાર્થે લપાનારાં નિજ લીલમ વ્યોમમાંઃ
હસતી આંખથી જોતા પુષ્પપુંજો પરીઓના પ્રદેશના.
અરાજકત્વ નર્તતું, અબ્ધિ રંગછટાતણો,
તેણે સ્વર્ગતણી નિત્ય જાગ્રતા દૃષ્ટિ સંમુખે
સ્વપ્નના પડદાવાળા ઢાંકણા પાર જે તરે
તે આશ્ચર્યતણી રંગઝાંયકેરી સંકુલ પાંખડીતણી
દ્યુતિને નિત્યની કરી.
અમર સ્વરમેળોએ સાવિત્રીની સુણતી શ્રુતિને ભરી;
મહાન એક ઉદ્ગાર સ્વતઃપ્રેર્યો શિખરોના પ્રદેશનો,
લયવાહી ભવ્યતાની પૃથુ પાંખે વહાયલો,
સ્વરના કોક અધ્યાત્મ ઊંડા હૃદયમાંહ્યથી
દેવોકેરાં રહસ્યોએ કંપમાન રાગોને રેલતો હતો.
વાતાવરણમાં એક આત્મા સૌખ્યે ભરેલો ભમતો હતો,
પર્ણમાં અથ પાષાણે ધ્યાને લીન આત્મા એક રહ્યો હતો;
સ્વરો વિચારના ભાનવાળા વાદિત્રવર્ગના
મૌનની જીવતી ધારે ધારે ભૂલા પડ્યા હતા,
ને કો ઊંડાણમાંહેથી, અગાધા ને અવર્ણ્યા વસ્તુઓતણી
શબ્દવિહીન જિહ્વાથી ગાનો ઉદ્ભવતાં હતાં,
અજ્ઞાત જેહના દ્વારા ઉતારાતો હતો સૂર-સ્વરૂપમાં.

અદૃશ્ય સ્વરની સીડી પર આરોહ સેવતું,
ક્ષણભંગુર તારોની ઉપરે અટતાં જતાં
પ્રયાસ કરતાં થોડાં સોપાનોથી ન સંગીત અભીપ્સતું,
પરંતુ નિજ નિઃસંખ્ય નિત્ય નિત્ય નવા નવા
સૂરોને બદલ્યે જતું
ભાવોદ્રેકમહીં પૂર્વદૃષ્ટિરહિત શોધના
અને રાખી રહ્યું 'તું એ નિજ જૂની સંમુદાઓ અવિસ્મૃતા,
ખજાનો વધતો જાતો હતો જેનો ગૂઢ હૃદયની મહીં.
આકર્ષણ અને ઈચ્છા સંશોધાયાં હતાં ન જે,
પ્રત્યેક તેમના સાદ દ્વારા ઝંખા ચેતના રાખતી હતી,
કરી પ્રાપ્ત ફરીથી એ શોધતી 'તી અતૃપ્ત ગહનોમહીં,
જાણે કે કોક ઊંડા ને ગુપ્ત હૃદયની મહીં
માર્ગણા કરતી 'તી એ
ગુમાવાયેલ કે ચૂકી જવાયેલું કો મહાસુખ માણવા.
વિલાઈ દૂરમાં જાતી એ સૂરાવલિઓમહીં
મુગ્ધ ઈન્દ્રિયની જાદૂગરી ભેદી માર્ગ મેળવતી જતી;
સાંભળી શકતી 'તી એ દિવ્યાત્માની યાત્રા ગીતસ્વરે ભરી,
ફેન ને હાસ્યની વચ્ચે પોતાગ્રે લલચાવતી
મોહિનીને પવિત્રાત્મ સર્સની દ્વીપમાલની,
સાહસો ભયથી મુક્ત રૂપાળાં તે પ્રદેશનાં,
નૃવિહંગી જહીં મુગ્ધ કરતાં ગાન ગાય છે
નિત્ય ફેનાયલા રે'તા સાગરોમાં લયાળા ખડકોથકી.
સામંજસ્યમહીં આદ્યા દૃષ્ટિના મુક્તિ મેળવી
આપણા પરિસીમાથી બાંધનારા રશ્મિમાંથી વિચારના,
ને ગમે તે વેશધારી પ્રભુને ભેટવામહીં
આપણા અંધ હૈયાની અનિચ્છાના પાશથી મુક્તિ મેળવી,
આખી પ્રકૃતિને એણે દોષમુક્ત જોઈ અદ્ભુત લાગતી.
સમાક્રાંત થઈ રંગરાગે સુન્દરતાતણા,
સ્વભાવ સત્ત્વનો એનો પ્રસરીને આંદોલિત થતો હતો,
એનાં બાહ્ય સ્વરૂપોની

સાથે ઊંડી એકતાનો દાવો એ કરતો હતો,
અને સૂરલયો સર્વ ઝીલવાને માટે શુદ્ધ બનેલ, તે
એના હૈયાતણા તારો પર અશ્રાંત સ્પર્શની
સ્વર્ગીય સૂક્ષ્મતાઓએ બલાત્કારે વધુ જીવંત હર્ષણો
લાધ્યાં, સહી શકાતાં જે નથી પાર્થિવ જીવને.
અહીંયાં હોત જે દુઃખ તે જ્વલંતું મહાસુખ હતું તહીં.
અહીંયાં જે બધું માત્ર છે સંકેત સાન્દ્રાનુરાગથી ભર્યો,
છે રહસ્યમયી છાયા
જેને ભવિષ્ય જોનારો પ્રવક્તા અનુમાનતો,
ને જે ગોચર ચીજોમાં જોતો આત્મા પ્રમોદનો,
તે બધું પલટો પામી
કલ્પ્યું ન જાય અત્યારે જે માધુર્ય તેયે ત્યાં અદકું બને.
મહાબલિષ્ઠ સંકેતો
દબાણે જેમના પૃથ્વી ભય પામી પ્રકંપતી,
કાં કે તે ના તેમને સમજી શકે,
ને વિચિત્ર અને ભવ્ય રૂપે રે 'વું પડે અસ્પષ્ટ જેમને,
અનંત મનનો તે હ્યાં કોશ આરંભનો હતા,
ભાષાનુવાદકારી તે હતા શાશ્વત શર્મના.
સામાન્ય ઘટના એક હતી ઈહ મહામુદા;
આપણો માનુષી મોદ ધાગો જેનો પડેલ છે
તે બંદીવાન રોમાંચે વિદ્યમાન મનોજ્ઞતા
પ્રતીકાકાર આવી 'તી બની શોભન બેતમા,
દુકૂલે દેવના રિદ્ધ કસબી કામની મહીં.
વસ્તુઓ વિરચાયેલી હતી કલ્પાયલાં ગૃહો,
ઊંડો પાર્થિવ આનંદ તાગવાને મન જ્યાં આવતું હતું;
અનંતતાથકી દીપ્ત હતું હૈયું પ્રદીપિકા,
હતાં અંગો કંપમાન ઘનત્વો ચૈત્ય-આત્મનાં.
આરંભના પ્રદેશો આ હતા, પ્રાંગણ બ્હારનાં,
બહુ મોટા છતાં ક્ષેત્રે અને મૂલ્યે છોટકા સહુથી હતા,
અમર્ત્ય દેવતાઓની મુદાઓ અલ્પ અલ્પથી.

સાવિત્રીની દૃષ્ટિ એથી વધુ ઊંચે ફરી વળી
અને નીલમ શાં નીલ મોટાં ખુલ્લાં થતાં દ્વારોમહીં થઈ
પ્રવેશી એ પારકેરી જ્યોતિની બૃહતીમહીં
ને જ્ઞાત થયું એને કે બારણાં માત્ર એ હતાં
રિદ્ધિમંત સજાયેલાં ને એ પ્હોંચાડતાં હતાં
ઉદાત્તતર લોકોમાં સુખશર્મે સુહામણાં.
એ સ્વર્ગોના સમારોહો ઊર્ધ્વ પ્રત્યે અખંડ બઢતા હતા;
એક કેડે અન્ય ક્ષેત્રે ઝીલી એની દૃષ્ટિ ઊડંત ઊર્ધ્વમાં.
પછીથી એક જે કૂટ લાગતું 'તું ઊર્ધ્વના અધિરોહનું
ને જ્યાં એક હતા સાન્ત ને અનંત ઉભયે, તેહની પરે
વિમુકત ભાવથી એણે જોયાં ધામો ઓજસ્વી અમરોતણાં,
જેઓ સ્વર્ગીય આનંદ અર્થે જીવન ધારતા
ને જેઓ શાસતા રાજ્યો અંતરિક્ષોતણાં અમ્લાન જ્યોતિનાં.
મહંત દેવતારૂપો હતાં બેઠાં અમર શ્રેણિઓમહીં,
સ્ફાટિકાગ્નિતણી પારદર્શિતાની મહીં થઈ
અજાતા દૃષ્ટિની આંખો સાવિત્રીની ભણી વળી.
પ્રહર્ષણતણી રેખે રચાયેલા દેહોની સુષમામહીં
મુદાને સ્તબ્ધતા દેતા આકારોમાં મોહક માધુરીતણા,
લસતે પગલે સૂર્યમણિકેરાં માનસ પ્રાંગણો પરે
સ્વર્ગના પાત્રવાહકો
વારુણી શાશ્વતાત્માની લઈ ચક્કર મારતા;
તેજસ્વી તનુઓકેરાં સંકુલો ને જીવો સંચલ ભાવથી
આંકતાં 'તાં ગાઢ-ગૂંથ્યા પ્રમોદને,
નિગૂઢ હર્ષની ભાવે ભરેલી એકતામહીં
સદા સંયુક્ત રે'નારાં જીવનોનો સંવાદી ક્રમ સેવતી
જાણે કે સૂર્યનાં રશ્મિ જીવંત દિવ્ય હો બન્યાં
એવી દેવી અપ્સરાઓ હેમવક્ષોવિભાસિની
પ્રકાશમાન ને નીલ નીલમી સ્વપ્નમાં થઈ
પ્લવતા સુખના રૌપ્ય બિંબમાંથી પ્રવહંત પ્રવાહમાં
ન્હાતા કુંજ નિકુંજોમાં વિહાર કરતી હતી,

સૌવર્ણ દેહથી દીપ્ત ઘન જેવા હતાં વસન એમનાં,
પરીઓના શાદ્વલોમાં ચમકીલે ચરણે કરતી ગતિ,
મત્ત નિર્દોષતાઓની એ કુમારી ચાલતી હતી,
ને રંગરાગ પોતાના પ્રભુનું છે નૃત્ય એવું પિછાનતી,
ગૂંથાઈ એકબીજા શું
માણતી એ હતી ગોળ ઘૂમી હૈયાકેરા જ્યોત્સ્ના-મહોત્સવો.
સુનિર્દોષ કલાકારો ભૂલચૂક વિનાનાં રૂપકોતણા,
સ્વરના ને છંદયુક્ત શબ્દોકેરા જાદૂઈ શિલ્પકારકો,
અનિલાલક ગંધર્વો ગાતા 'તા કર્ણ કારણે
રાસડા રૂપ દેનારા વિશ્વવ્યાપી વિચારને,
પંક્તિઓ જે વિદારે છે દેવકેરા મુખનું અવગુંઠન,
પ્રજ્ઞાન સિંધુના લાવે ધ્વનિઓ જેહ તે લયો.
મૂર્ત્તિઓ મૃત્યુથી મુક્ત અને ભાલ પ્રભાભર્યાં,
મહાન આપણા એવા પિતૃઓ એ દીપ્તિમાં ચાલતા હતા;
અસીમ ઓજવાળા ને પરિતૃપ્ત પ્રકાશથી
પ્રયાસ આપણો જેને માટે છે તે
સર્વનો એ ભાવ ભોગવતા હતા.
ઉત્કૃષ્ટ ઋષિ દ્રષ્ટાઓ, કવિઓ ભાવ-પ્રેરિયા,
ઊર્ધ્વથી આપણી પાસે બની યાત્રિક આવતા
સનાતન વિચારોને દૃષ્ટિથી અવલોકતા,
આપણી ખોજને લીધે જે વિચારો બની વિકૃત જાય છે,
અને વંચિત થાયે છે વાઘા સજાવતા મને,
દેવો પ્રસવપીડાથી તેમ જેઓ વિરૂપિત બની જતા,
પકડયા છે મહાશબ્દો એમણે જે અત્યારે મંદ છે સ્વરો
ગ્રહાતા મર્ત્ય જિહ્વાએ મહામુશ્કેલ [illegible]થી.
બળિયા ઠોકરાતા ને પડતા પાપની મહાં
તે પ્રશાંત દેવતાઓ હતા ત્યાં ગૌરવે ભર્યા.
તહીં વિદ્યુતથી પૂર્ણ, મહિમા ને જ્વાલાનો સંગ સેવતો,
સહાનુભૂતિ ને દૃષ્ટિકેરી ઊર્મિઓમહીં ઓગળી જતો,
અન્યોકેરી સંમુદાએ સ્પંદનારી વીણા માફક વાગતો,

આકર્ષાતો અવિજ્ઞાત મોદોના રશ્મિઓ વડે,
સ્વભાવ માનુષી એનો મૂર્છામગ્ન સ્વર્ગના સુખથી થયો;
જોયો આશ્લેષ ત્યાં એણે પૃથ્વીને મળતો ન જે,
ને ઝીલી અમૃતા આંખો અનાવરણ પ્રેમની,
ચઢી એ વધુ ઊર્ધ્વે ને ભૂમિકાથી ભૂમિકા પર એ ગઈ,
વાણીથી ના વર્ણ્યું જાય, ન કલ્પ્યું જાય માનસે
તે સૌની પાર એ ગઈઃ
અપાર પ્હોંચવાળા ત્યાં હતા લોક
રાજતા મુકુટો જેવા વિલોડાતા નિસર્ગના.
માધુરી ત્યાં હતી એક શાંતભાવી મહત્તરા,
વધુ સૂક્ષ્મ અને ઊંડું ક્ષેત્ર આકાશનું હતું,
યોજના વધુ ઓજસ્વી
દિવ્યમાં દિવ્ય આપી જે શકે છે ભાવ તે થકી.
વહેતો 'તો તહીં શ્વાસ સ્રોત એક દૃષ્ટિસંપન્ન ચિત્તનો,
રૂપ આત્માતણું એક હતું વસન પાતળુંઃ
હતો રંગ દૃશ્યમાન આભા ત્યાં સંમુદાતણી;
અર્ધ અમૂર્ત્ત આકારો દેખાતા દૃષ્ટિને હતા
ને છતાં તે સ્પર્શગમ્ય વિધે વિલસતા હતા
ને અંતરસ્થ આત્માનો સંવેદાતો સ્પર્શ સમર્પતા હતા.
ઉચ્ચ પૂર્ણત્વ પામેલી ઇન્દ્રિય દ્યુતિ ધારતી
આંતર જ્યોતિની દાસી સુખભાગી બનીને વસતી હતી,
પ્રત્યેક લાગણી બાલ બલવંતું હતી શાશ્વતનું બની
અને વિચાર પ્રત્યેક હતો દેવ દેદીપ્યમાન મીઠડો.
હવા જ્યોતિર્મયી એક લાગણી ને સાદ એક હતો ધ્વનિ,
સૂર્યપ્રભા હતી દૃષ્ટિ આત્માની ને સ્વપ્ન એનું શશિપ્રભા.
વિશાળા એક જીવંત પાયાકેરી પર નિઃશબ્દ શાંતિના
શક્તિશાળી અને સ્વચ્છ હર્ષરૂપ હતું બધું.
એ ઊંચાણોમહીં આત્મા સાવિત્રીનો પ્લવતો ઊર્ધ્વ સંચર્યો
ઊંચે ઊડી જતા પક્ષી પેઠે દૃષ્ટે પડયા વિના,
ચડાવ સાથ જે તાલ મિલાવે છે

સ્પંદમાન સ્વ-હૈયાનો સુમેળના,
અને વિરામ આવે છે જ્યારે બંધ થઈ જાનાર પાંખનો
ત્યારે સંતોષથી પૂર્ણ છેલ્લા સૂર સાથે જેહ પ્રકંપતું
ને નિજાત્માતણી મુક્તિ સાથે મૌન નિષેવતું,
હર્ષનો ભાર હૈયાનો એનો ખાલી થઈ જતાં.
આરોહી હર્ષના રંગ-રંગ્યા હૈયે અનુભૂતિ ચડી ગઈ
અગમ્ય ભુવનાલોકે કુંડલાકાર ઊડણે.
કાળ ત્યાં શાશ્વતી સાથે બની એક વસ્યો હતો;
અપાર પરમાનંદ હતો યુક્ત ત્યાં તલ્લીન વિરામ શું.

જેમ ડૂબી ગયેલું કો દીપ્તિના ને સંમુદાના સમુદ્રમાં
આ વિસ્મિત કરી દેતાં ભુવનોનાં ભ્રામક ગહનોમહીં
વાચાહીન બની જઈ,
તેમ મોં ફેરવી એણે જોઈ જીવંત તેમની
ગ્રંથિ ને જન્મની જગા,
તેમની મોહિનીકેરી જોઈ ચાવી,
ઉત્સ જોયો તેઓકેરા પ્રમોદનો,
ને જાણ્યું કે તે જ છે એ જે ફસાવે ફંદે જીવન આપણાં,
જાળે એની ઝલાયેલાં દયાહીન ડરામણી,
બંદી શિબિર પોતાનું વિશ્વને જે બનાવતો,
ને નિઃસીમ અને ખાલી પોતાનાં બૃહતોમહીં
બનાવે શ્રમ તારાઓકેરો વ્યર્થ પરિક્રમા
ને મૃત્યુને બનાવે જે અંત એકેએક માનવ માર્ગનો
ને મજૂરી શોક-દુઃખ માનવીના પ્રયાસની.
હતો એ જેહનો એના ચૈત્યે કીધો હતો સંમુખ સામનો,
મૃત્યુ ને રાત્રિના એના સ્વરૂપનો,
એનાં અંગોમહીં સર્વ માધુરી થઈ 'તી જમા,
ને એણે અંધ કીધું 'તું હૈયું એનું સૂર્યોની સુષમા પ્રતિ.
રૂપાંતર હતું પામી ગયું રૂપ ભયંકર.
મિટાવી દઈને એનો અંધકાર

ને ઉદાસ નાશકારક શક્તિને
રહસ્યને કરી ખુલ્લું એનાં ઉચ્ચ ને ઉગ્ર ચરિતોતણું,
પ્રકટ્યો દૃષ્ટિની સામે ગુપ્ત એક મહાવૈભવ ને થયો
ઊભો એ જ્યાં એકવાર મૂર્ત્તિમંત હતું શૂન્ય વિશાળવું.
છાયાળું મુખ રાત્રીનું ચમત્કારી મુખ એક બની ગયું.
હતી હણાઈ અસ્પષ્ટ લાગનારી અનંતતા,
ઘોર અજ્ઞાતમાંહેથી જેના અંધકારે બહિર-રેખથી
બનાવ્યું 'તું તમોગ્રસ્ત વિપત્કારી સ્વરૂપ એક દેવનું,
ભાગી ભ્રમ ગયો 'તો જે શસ્ત્રસજ્જ બનાવે હસ્ત શોકના,
ને હતો અજવાળાયો ખાડો અજ્ઞાન, જેહનાં
પોલાં ઊંડાણના દ્વારા અપાયો 'તો ઘોર સ્વર અસારને.
જ્યારે નિદ્રામહીં જાગી ઊઠતી આંખ સામને
બાંધણી છાયથી ઘેરી ખોલાતી એક ગ્રંથની
અને દૃષ્ટ થતી દીપ્યમાન અક્ષરમાલિકા,
છે અંકાયેલ જેનામાં સ્વર્ણ અર્ચિ વિચારની,
સાવિત્રીની દૃષ્ટિને ત્યાં તેમ એક
ચમત્કારી રૂપ ઉત્તર આપતું,
જેના માધુર્યને લીધે આંધળીથીય આંધળી
વેદના જિંદગીકેરી ન્યાયયુક્ત બની જતી.
સંઘર્ષ સૃષ્ટિનો સર્વ એને માટે સહેલું મૂલ્ય લાગતું,
વિશ્વ ને વેદના વિશ્વકેરી એને માટે યોગ્ય જ લાગતાં.
જાણે કે હોય ના પુષ્પકોશ પુષ્પકેરો સૂરસમૂહના
સંગીતના તરંગો પે દૃશ્યમાન, વાયવીય પ્રકારનો,
તેમ પ્રકાશની પાંખડીઓવાળું પદ્મ એક પ્રમોદનું
તરલાયિત હૈયાથી વસ્તુઓના રૂપધારી બની ગયું.
યંત્રણા ન રહી લેશ પણ તારકની તળે,
ન અનિષ્ટ રહ્યું રક્ષાયેલું છદ્મવેશ પૂઠે નિસર્ગના;
દ્વેષનું મિષ કાળું ના રહ્યું બિલકુલે હવે,
પ્રેમના પલટાયેલા મુખે તાલભાર ના ક્રૂરતાતણો.
ઘોર કલહનો ગ્રાહ પ્રેમકેરા દ્વેષરૂપ બન્યો હતો;

સ્વામી એક બની જાવા માગતો પ્રેમ નિષ્ઠુર
અહીંયાં લઈ લે સ્થાન મૂળના મિષ્ટ દેવનું;
પોતાને જન્મ દેનારી વીસરીને પ્રેમની પરમેષણા,
સંકળાઈ જવાની ને એકતા પામવાતણી
વીસરી ઉત્ક કામના,
બધું ગળી જવા માગે છે એ એક પોતાની જાતની મહીં,
જેને એણે બનાવ્યો છે પોતાનો, તે જીવને ભરખી જવા,
ઐક્યાર્થની અનિચ્છાને
દંડ દેતો દુઃખથી ને વેદનાથી વિનાશની,
જગકેરા નકારોથી રોષાવિષ્ટ બની જતો,
લેવાને તીવ્ર ઉત્સાહી, આપવાની રીતને નવ જાણતો.
મસ્તકેથી પ્રકૃતિના કાળી કાનટોપી ફેંકાઈ મૃત્યુની;
છૂપેલો દેવનો પ્રેમ પ્રકાશ્યો એહની પરે.
એક સ્વરૂપમાં સર્વ ચારુતા ને મહિમા, સર્વ દિવ્યતા
એકઠાં ત્યાં થયાં હતાં;
એક મુખતણી આંખોથકી એની
હતાં જોતાં અર્ચાતાં સર્વ લોચનો;
મહિમાવંત પોતાનાં અંગોમાં એ દૈવતો સર્વ ધારતો.
મહાસાગર શો આત્મા વસ્યો અંતરમાં હતો;
હર્ષમાં ન સહે એવું અને જીત્યું જતું ન જે
તેવું પૂર મુક્તિનું ને પારની સંમુદાતણું
ઊઠયું અમર રેખાઓમહીં સુંદરતાતણી.
ચતુર્ગુણ સદાત્માએ સ્વકિરીટ એની મહીં ધર્યો હતો,
રહસ્યમયતા જેણે ધારેલી છે અનામી એક નામની,
અખૂટ અર્થમાં એક શબ્દકેરા
આશ્ચર્યે પૂર્ણ ઉદ્દેશ લખતું વિશ્વ જેહનો.
દૃશ્ય વિશ્વતણો શિલ્પી એનામાં એકસાથ જે,
કલા અને કલાકાર પોતાની કૃતિઓતણો,
જે દૃષ્ટ વસ્તુઓનો છે આત્મા, દ્રષ્ટા, વિચારક,
જે સૂર્યોમાં જલાવે છે તાપણીઓ પોતાની છાવણીતણી,
ને તારોએ ખચ્યું વ્યોમ કારાગાર બનાવતો,

તે વિરાટે અભિવ્યક્ત કર્યું છે સ્વ-સ્વરૂપને
વાણીરૂપ બનાવી જડદ્રવ્યનેઃ
પદાર્થો અક્ષરો એના ને ઓજો શબ્દ એહના,
ઘટનાવલિઓ એની જિંદગીનો સંકુલ ઈતિહાસ છે,
એના આખ્યાનનાં પૃષ્ઠો છે સમુદ્ર તથા સ્થલ,
એનું સાધન છે સ્થૂલ-દ્રવ્ય ને છે એનું અધ્યાત્મ ઈંગિત;
પોપચાના ઉઠાવે એ આલંબાવે વિચારને,
વહાવે ચૈત્ય-આત્માને રક્તકેરા પ્રવાહમાં.
તે છે સંકલ્પ એનો જે અણુમાં ને લોષ્ટમાં સંપ્રવર્તતો,
જે સંકલ્પ કરે કાર્ય હોશ કે હેતુના વિના,
બુદ્ધિ જેને જરૂર ના
વિચારવાતણી કે ના યોજના કરવાતણી,
અપરાજેયતા સાથે જાતને સર્જતું જગત્;
કેમ કે દેહ છે એનો દેહ દેવાધિદેવનો
ને એને હૃદયે રાજે વિરાટ્, રાજાધિરાજ જે.
સુવર્ણ-શિશુ એનામાં છાયા ઢાળે સ્વરૂપની,
સૂર્ય-શિરસ્ક ધારંતા બૃહતે જે જન્મ એનો પ્રપોષતોઃ
વિચારો ને સ્વપ્નકેરો કર્તા હિરણ્યગર્ભ એ
જોતો અદૃશ્ય છે તેને, અને સાંભળતો સ્વરો
મર્ત્ય શ્રવણની ભેટ લેવા આવ્યા કદી ન જે,
એ શોધી કાઢનારો છે તથ્યોને અવિચારિત,
કદીયે આપણે જાણ્યું હોય જે તેહના થકી
જે સત્યતર સત્ય છે,
અંતરતર અધ્વોએ નેતા દોરી જનાર એ;
છે એ દ્રષ્ટા પ્રવેશેલો નિષિદ્ધ મંડલોમહી;
છે જાદૂગર એ જેની પાસે દંડ વિચારનો
રહેલો છે સર્વશક્તિ ધરાવતો,
એ નિર્માણ કરે ગુપ્ત અસૃષ્ટ ભુવનોતણું.
સજ્જ સુવર્ણ વાણીથી અને હીરક નેત્રથી
દૃષ્ટિ દર્શનની એની ને છે એની વાણી ભવિષ્ય ભાખતી,
રૂપે અરૂપને ઢાળી આપનારો મૂર્ત્તિ-કલ્પક એહ છે,

છે યાત્રી અણદીઠેલી કેડીઓને કાપીને કાઢનાર એ,
રહસ્યમાં રહ્યો છે તે વહ્નિને એ વહી જતો,
ને છે વાચા એ અનિર્વચનીયની
છે અદૃશ્ય શિકારી એ પ્રકાશનો,
નિગૂઢ પરમાનંદોકેરો છે દેવદૂત એ,
વિજેતા છે રાજ્યોનો ચૈત્ય-આત્માનાં.
પૃષ્ઠ-ભાગે હતો ઊભો ત્રીજો આત્મા, ગુપ્ત નિદાન તેમનું,
પર-ચૈતન્યનો પિંડ જ્યોતિમધ્યે પુરાયલો,
નિજ સર્વજ્ઞ નિદ્રામાં સ્રષ્ટા સૌ વસ્તુઓતણો.
એની નિસ્તબ્ધતામાંથી, વૃક્ષ ઊગે તેમ સૌ આવતું હતું;
એ બીજ આપણું છે ને હાર્દ છે આપણું અને
છે શીર્ષ આપણું, આધાર આપણો.
બંધ આંખોથકી એની
આવતો ઝબકારો જે તે જ સર્વ પ્રકાશ છેઃ
એના હૃદયમાં ગૂઢ રહેલું છે સત્ય સકલ જાણતું,
પોપચાં પૂઠળે એના પુરાઈને રશ્મિ સર્વજ્ઞ છે રહ્યુંઃ
જ્ઞાનપ્રજ્ઞાન છે એ, જે આવતું ના વિચારથી,
અમર્ત્ય શબ્દને એનું મૌન નિઃશબ્દ આણતું.
પોઢ્યો છે અણુમાં એ, છે પોઢ્યો પ્રોજ્જ્વલ તારકે.
મનુષ્ય, દેવ, પ્રાણી ને પાષાણેય એ જ પોઢી રહેલ છેઃ
એ ત્યાં રહેલ છે તેથી સ્વ-કાર્ય કરતું અચિત્,
એ ત્યાં રહેલ છે તેથી મરવાનું ભૂલી જગત જાય છે,
પ્રભુને વર્તુલે છે એ કેન્દ્રરૂપ બની રહ્યો,
છે એ પરિધિને સ્થાને ક્રમમાર્ગે નિસર્ગના.
એની નિદ્રા સર્વશક્તિમત્તા છે વસ્તુઓમહીં,
જાગેલો એ નિત્યરૂપ અને પરમદેવ છે.
ઊર્ધ્વ હતું લયે લીન મહાસુખ અનંતનું,
એનો સર્વજ્ઞ ને સર્વશક્તિમાન આરામ શાંતિએ ભર્યો,
હતું અચલતાયુક્ત મૌન એનું કેવલાત્મક એકલું.
અસંખ્ય મિત્રતાકેરા મેળોમાં લ્યાં શક્તિઓ સૌ વણાઈ 'તી.

વિશ્વસર્જક આનંદ હતો એના કલેવરમહીં વસ્યો.
શિરોભાગે હતા પ્રેમ ને પ્રમોદ મધુરા એ સ્વરૂપના,
પ્રલોભાવંત ફંદાની તેમની જાળની મહીં
ફરીથી પકડાયેલા જે આનંદો
ગૌરવ માણતાં અંગો સામોદ ધારતાં હતાં
તે સૌ આનંદ દેતા 'તા પાછું પાડી હૈયું હાંફે ભરાયલું,
અને આવ્યા હતા ભાગી પછવાડે તજાયલી
ઇચ્છાથી જિંદગીતણી.
જે કો દર્શન આંખોની દૃષ્ટિથી છટકી જતું,
જે કોઈ સુખ આવે છે સ્વપ્નમાં કે સમાધિમાં,
કંપતા કરથી પ્રેમે ઢોળ્યું અમૃત હોય જે,
પ્યાલો પ્રકૃતિનો ધારી હર્ષ જે શકતો નથી,
તે એના મુખ-સૌન્દર્યે ગાઢ ગાઢ ભર્યાં હતાં,
વાટ જોતાં હતાં એના હાસ્યના મધની મહીં.
હોરાઓના મૌન દ્વારા સંતાડાયેલ વસ્તુઓ,
જીવંત અધરોએ જે ભાવનાઓ સ્વર મેળવતી નથી,
અનંત સાથનો ભેટો આત્માકેરો અર્થગર્ભ વડે ભર્યો,
એનામાં જન્મ પામ્યાં 'તાં ને બન્યાં 'તાં ભભૂકતાંઃ
ફૂલનો ને તારલાનો રહસ્યમય મર્મર
એના અગાધ આલોકે આવિર્ભૂત કરતો 'તો નિજાર્થને.
ઓઠ બંકિમતા-ધારી હતા એના
ભાવવાહી ઉષાકેરા ગુલાબ શા;
ચિત્તકેરા ચમત્કાર સાથ એનું સ્મિત જે ખેલતું હતું
ને હતું છોડતું જ્યારે મુખ, ત્યારે રહેતું હૃદયે હતું,
પ્રભાત-તારકાકેરી દ્યુતિએ દ્યુતિમંત એ,
આવિષ્કારે વિશાળા આકાશકેરા રત્નશ્રી રચતું હતું.
એની દૃષ્ટિ હતી માંડી મીટ શાશ્વતતાતણી;
ભાવ એના મીઠડા ને શાંત ઉદ્દેશ્યનો હતો
સવિવેક વાસો પ્રસન્નતાતણો,
ને ખુલ્લો કરતો 'તો એ હોરાઓના પ્રમોદમાં

યુગોકેરા પ્રકાશને,
પ્રજ્ઞાના સૂર્યને એક ચમત્કારી નિકુંજમાં.
એના માનસની વાદ્યવૃન્દીય બૃહતીમહીં
વિરોધી સઘળી ખોજો જાણતી 'તી સગાઈ ગાઢ તેમની,
સમૃદ્ધહૃદયા તેઓ મળતી 'તી પરસ્પર
ને તેઓ એકબીજાને હતી અદ્ભુત લાગતી,
એમના કોટિ સૂરોની પ્રત્યે આશ્ચર્યભાવ એ
પરસ્પર બતાવતી,
અને હતી રહેતી એ ભાઈભાંડુ સમી એક કુટુંબનાં,
જેમને સર્વસામાન્ય ને નિગૂઢ મળ્યું 'તું ઘર એમનું.
જેમ કોઈ મુદામગ્ન દેવના તંતુવાદ્યથી
ઉદ્ભવે સૂરસંવાદ ઊર્મિગીતે વહેતી સંમુદાતણો,
એકેય દિવ્ય આનંદ ગવાયા વણ ના રહે
તે માટેના પ્રયત્નમાં,
હતું જીવન તેવું એ મૂર્ત્તિમંત પ્રકાશમાં.
લાગતો એ હતો સીમા મુક્ત વ્યોમ-વિશાળતા,
શોકનિર્મુક્ત પૃથ્વીનો તીવ્રભાવી ભાવ એ લાગતો હતો,
વિશ્વવ્યાપી સૂર્યનું એ હતો જ્વલન લાગતો.
અન્યોન્યને રહ્યાં જોઈ બન્ને, આત્મા હતો આત્મા વિલોકતો.

પછી ભજનના જેવો હૈયાકેરી ભ્રાજમાન ગુહાથકી
સ્વર એક ચઢયો ઊંચે, જાદૂઈ સૂર જેહનો
તીવ્ર રુદન પૃથ્વીનું
પલટાવી શકયો મોટા હર્ષનાં ડૂસકાંમહીં,
પલટાવી શકયો આત્માકેરા ગાનમહીં પોકાર એહનો:
"માનુષી મૂર્ત્તિ ઓ અમર શબ્દની,
પોખરાજતણી ભીંતો પાર કેવી રીતે દૃષ્ટ તને થઈ
દ્યુતિમંતી બહેનો દિવ્ય દ્વારની,
બોલાવ્યા જીન તેઓની જાગરૂક સુષુપ્તિના,
ને આવિષ્કારનાં તોરણની તળે

બળાત્કારે કર્યાં ખુલ્લાં બારણાં કોતરાયલાં
અને ઢાંકી રખાયેલાં વિચારથી,
કેવી રીતે ઉઘાડયા તેં માર્ગો અધ્યાત્મ દૃષ્ટિના
ને કાંચનમયી કૂંચીવાળા તારા આનંદે લીન આત્મને
દિવ્યતર દશાઓમાં શિખવાડ્યું પ્રવેશતાં?
માનવી અંધતા જેને ચૂકે છે તે દૃષ્ટિ ગૂઢ પ્રકારની
તારામાં છે થઈ ખુલ્લી કાળની પાર પેખતી-
કાળ જે માર્ગ છે મારા રથ કેરો-ને મૃત્યુ પાર પેખતી
છે જે જીવન મધ્યેનું મેં બનાવેલ બોગદું
પ્હોંચી ને પામવા મારી અણદીઠી દૂરતાઓ મુદાતણી.
અસૂયા રાખતા દેવોકેરી છું હું ખોજ ચૂપ ચલ્યે જતી,
દેવો જે મુજ પ્રજ્ઞાના સુવિશાળ રહસ્યમય કાર્યની
ખોજમાં નીકળેલ છે,
ને આવે હાથ જે સ્વર્ગ-માર્ગો હજાર જ્યાં મળે.
છું સૌન્દર્ય હું અનાવૃત રશ્મિનું,
તારાઓની ભભૂકંતી મશાલો હેઠ જે જતું
આકર્ષી અપરાજેય યાત્રી આત્મા ધરાતણો
અનંતા રાત્રિના માર્ગોકેરાં ગહનમાં થઈ.
અનતિક્રમણીયા છું મહામુદા;
જેમણે છે કરી દૃષ્ટિ મારી ઉપર તે ફરી
દુઃખભાગી થશે નહીં.
રાત્રિમાં વસતી આંખો જોશે મારા સ્વરૂપને.
કિનારાઓ પરે ઝાંખી ફેણાતી ને સચેતના
સમુદ્રધ્વનિઓતણા,
ભૂખરા યાતનાગ્રસ્ત નભ નીચે ધ્વનિઓ જે વહંત છે,
એક આદિ મુદામાંથી જન્મેલી શક્તિ-બેલડી
પગલાં ભરતી પાસે પાસે કિંતુ
વિયોજિત થઈ છે એ જીવને માનવીતણા;
ઝૂકે છે એક પૃથ્વીની પ્રત્યે, બીજી આકાશો પ્રતિ ઝંખતીઃ
નિજ પ્રહર્ષમાં રે'તું સ્વર્ગ પૂર્ણ પૃથ્વીની ઝંખના કરે,
નિજ દુઃખે ધરા રે'તી સેવે સ્વપ્ન પૂર્ણતા-પૂર્ણ સ્વર્ગનાં.

બન્ને સંયોગ વાંછે છે, છતાં પૃથક ચાલતાં,
પોતાના વ્યર્થ ખ્યાલોથી અળગાં અમથાં પડયાં;
ભયોએ મોહમાયાળા પોતાની એકતાથકી
છે આઘાં એ રખાયલાં;
ગૂઢ પ્રકારથી છૂટાં પડયાં છે એ યોજનોએ વિચારના,
નિદ્રાના નીરવી ગર્તો પાર તેઓ મીટ માંડી રહેલ છે.
કે મારાં બૃહતોકેરી ઉપરે એ પાસે પાસે ઢળેલ છે,
વહુ ને વરની જેમ કો જાદુઈ વિધે છૂટાં પડાયલાં,
જાગે એ ઝંખવા માટે, કિંતુ આલિંગવા થાય સમર્થ ના
જ્યાં સુધી પ્રેમપાત્રોની મધ્યમાં છે એમની સ્નેહ-સેજમાં
અસિ-છાયા આછી આછી ઝબૂકતી,
ઓળંગાયા વિનાની દ્વૈધ દાખતી.
પરંતુ ભૂતિયા જ્વાલા-ધાર જ્યારે બની નિષ્ફળ જાય છે
ત્યારે ના સ્થળ કે કાળ પ્રેમીને પ્રેમપાત્રથી
જુદો રાખી શકે કદી;
પ્રચંડ પડદો પારભાસી પાછો દિશા નિજ હઠાવશે.
કંપારો બનશે કાળ આત્માકેરી અંતહીન મુદાતણો.
પ્રતીક્ષા કર તું એહ પળની દિવ્ય ભાવિની.
ઉભયે તે દરમ્યાન તમે ધર્મ સેવશો દ્વૈતભાવનો
અત્યારે જેહની ઝાંખી કરે દૃષ્ટિકેરા કેવળ ભેદિયા,
ધપતા જે જતા આગે ઝાડીમધ્ય થઈ નિજ વિચારની,
અને છે સાંકડા સેતુ કર્યા પ્રાપ્ત જેમણે દેવલોકના.
જુઓ વાટ રૂપકેરા સહી બરડ આગળા,
ભેદને સુખ દેનારું બનાવી તમ સાધન,
જેના દ્વારા સુખી ઐકય વધી જાશે પ્રહર્ષણે
આકર્ષણ વડે મધ્યે સ્પંદમાન હવામહીં.
છતાં તું હોય જો વ્હાતી કરવાને ત્યાગ ત્રસ્ત જગત્તણો
પરવા ના કરી નીચે આવેલી વસ્તુઓતણા
વિષાદીય વિલાપની,
તો માંડ પગલાં માર્ગે ધુનિકેરા ને કૂદી જા પ્રવાહને,

શ્રમસેવી શક્તિ સાથે છે તે તારો કરાર રદ દે કરી,
પૃથ્વીની જાતિ શું જોડી તને દેતો છોડ સંબંધ તાહરો,
ફગાવી દૂર દે તારી અનુકંપા મર્ત્ય હૈયાં પરે થતી.
ઊઠ, ને તુજ આત્માનો હક જીત્યો પ્રમાણિત બનાવ તુંઃ
સોંપાયેલો કાર્યભાર તજી તારો ક્ષણભંગુર પ્રાણનો,
તટસ્થ તારકો કેરી ભાવશૂન્ય શીત દૃષ્ટિતણી તળે
ઉધારે તુજ લીધેલા દેહને તું તૃણભૂમિ પરે તજી
આરોહ, આત્મ! જા તારા પરમાનંદ ધામમાં.
અહીંયાં નિત્યના બાલકેરા ક્રીડનક્ષેત્રમાં
કે પ્રદેશોમહીં માંડે પગલાંઓ અમરો જ્ઞાનવંત જ્યાં
અનસ્ત રવિથી રાજમાન અધ્યાત્મ અંબરો
નીચે પર્યટ તું તારા સાથી વૈભવ સાથમાં,
દેવો જેમ રહે છે તેમ તું રહે,
દેવો જે ના પરવા જગની કરે
અને જેઓ ન લે ભાગ સૃષ્ટિની શક્તિઓતણા
શ્રમના કાર્યની મહીંઃ
પોતાના પરમાનંદે બની તલ્લીન એ રહે.
પૃથ્વીની કામનાકેરી ફગાવી દે સંદેહાત્મક વાત તું,
અમૃતા હે! સુખશર્માર્થ થા ખડી."

પ્રશાંત નિજ હૈયામાં સાવિત્રીએ સંવાદી સ્વરમેળનો
બંદી બનાવતો સાદ જેવો કાન દઈ સુણ્યો
તેવો પૃથ્વીતણા મોદ અને સ્વર્ગ-સુખથીય બઢી જતો
આવ્યો આનંદ રેલાતો અજ્ઞાત શાશ્વતીતણો,
આવ્યો પ્રહર્ષ રેલાતો વાટ જોઈ રહેલા કો અનંતનો.
સાવિત્રીનાં વિશાળાં નયનોમહીં
આવ્યું એક સ્મિત ઊર્મિલતા ધરી
સંદેશો લાવતું એના વિશ્રબ્ધ સુખશર્મનો
જાણે કે બે પ્રબુદ્ધ પદ્મ-પલ્લવે
લ્હેરાતું હોય ના પ્હેલું રશ્મિ પ્રભાતસૂર્યનુંઃ

"જીવન-મૃત્યુથી ઘેરી લેવાવાળા ઓ હે! માનવ જીવને,
ઘેરી લેતા સુખે, દુઃખે વિશ્વકેરા
અને ઘેરી લેતા દિવસ-રાતથી,
લાલચે દૂરના સ્વર્ગકેરી એના હૈયાને લલચાવતા,
કસોટી કરતા એના બળકેરી નારકી ગાઢ સ્પર્શથી,
છે મેં પરહરી જેમ નિત્યની તુજ રાત્રિને
તેમ હું નહિ આરોહું તારા નિત્યતણા દિને.
હું જે તારા ધરાકેરા માર્ગથી ફરતી નથી
તેને તું મુજ આપી દે જાત દૂજી,
જેની મારો સ્વભાવ માગણી કરે,
જરૂર તુજ સ્વર્ગોને નથી એની
એમના હર્ષને સાહાય્ય આપવા;
સોનેરી જાળની પેઠે નીચે આનંદ નાખવા
તારા નિર્મ્યા
એના સુંદર આત્માની પૃથિવીને જરૂર છે.
પૃથ્વી અભીષ્ટ છે સ્થાન આત્માઓનું મહત્તમ;
પૃથ્વી છે વીરતાયુક્ત આત્માનું સમરાંગણ,
નિર્માણી જ્યાં મહાશિલ્પી કર્મોને નિજ રૂપ દે.
સ્વર્ગકેરાં પ્રભાવી સૌ સ્વાતંત્ર્યો કરતાંય છે
ભૂ પરે તુજ દાસત્વો, મહારાજ! મહત્તર.
એકવાર હતાં સ્વર્ગો મારે માટે મારા સહજ આલયો,
તારા-રત્ન ખચ્યા કુંજોમહીં હુંયે ભમેલ છું,
ફરી છું સૂર્યનાં સ્વર્ણવર્ણ હું ગોચરોમહીં,
ફરી છું હું શાદ્વલોમાં ચંદ્રકેરી ચાંદનીએ છવાયલાં,
એમનાં ઝરણાંઓનું સુણ્યું છે મેં હાસ્ય બાજત બીન શું,
ને મેં વિલંબ સેવ્યો છે શાખાઓની નીચે ક્ષીરસુગંધિની;
ક્ષેત્રોમાં જ્યોતિના મેંય છે માણેલ મહોત્સવો
સ્પર્શાઈ મરુતોકેરા અંતરિક્ષીય અંબરે,
ચમત્કારી વર્તુલોમાં તારા સંગીતના હું ચંક્રમેલ છું,
સોલ્લાસ, શ્રમથી મુક્ત વિચારોના છંદોલયે રહેલ છું,

પરાજિત કર્યા છે મેં ક્ષિપ્ર મેળો સુમહાન પ્રહર્ષના,
ભવ્ય ને સુખથી સાધ્ય નૃત્યોમાં દૈવતોતણાં
કર્યું છે નૃત્ય મેં આત્માકેરા સહજ તાલમાં.
અહો! કેવી સુવાસી છે વીથિઓ જ્યાં તારાં બાલક ચાલતાં,
અને અદ્‌ભુત પુષ્પોની મધ્યે નંદનબાગનાં
તેમના ચરણોકેરી સ્મૃતિ કેવી મનોજ્ઞ છેઃ
પગલાં વધુ ભારે છે મારાં, સ્પર્શ મારો વધુ બલિષ્ઠ છે.
જ્યાં દેવો ને દાનવોનું થાય છે યુદ્ધ રાત્રિમાં,
કે ચાલે છે મલ્લયુદ્ધ સીમાઓ પર સૂર્યની,
કો દિવ્યતમ આશાની સામે ધડકણે ભર્યો
તાલ વિષમ જોશીલો સહી લેવા,
ખોજની આ યંત્રણાઓ સાથે અશક્ય ભીડવા
જિંદગીની માધુરી ને વેદનાએ છે જેને શિખવાડિયું,
મારામાં રાજતો તેહ આત્મા અમર પ્રેમનો
પ્રસારે બાહુ પોતાના લઈ લેવા આશ્લેષે મનુ-જાતને.
અત્યંત દૂર છે તારાં સ્વર્ગો પીડે પડેલા માનવોથકી.
સર્વનો ભાગ ના જેમાં તે આનંદ અપૂર્ણ છે.
અહો પ્રસરવું આગે, ઘેરી લેવાં ગ્રહી અહો
વધારે હૃદયો, પ્રેમ અમારો ના જહીં સુધી
તારું ભુવન દે ભરી!
ઓ હે જીવન! ઘૂમંતા તારાઓની નીચે આવેલ જીવન,
મૃત્યુની સાથની નેજાબાજીમાં તું વિજયપ્રાપ્તિ અર્થ છે,
છે તું ચડાવવા માટે ચાપ અત્યુગ્ર આકરું,
છે તું ચલાવવા માટે ચમકાવી ઓજસ્વી અસિ ઈશની!
દંગલોના અખાડામાં રણશિંગુ વગાડતા,
મૂઠને કર ના છૂટી અજમાવ્યા વિના તું તરવારને,
નથી ઝીક્યો ઘાવ જેણે તે યોદ્ધોને લઈ ન લે.
યુદ્ધો કોટિક શું બાકી લડવાનાં નથી હજી?
શિલ્પિરાજ!
આરંભાયેલ કામે તું ઘણાવ્યે રાખ ટીપવું,

રેણી એક બનાવી દે અમને તું
જિંદગીની તેજસ્વી તુજ કોઢમાં.
રત્ને જડેલ રૂપાળી વાંકડી તુજ મૂઠને
સાવિત્રી નામ આપ તું,
ને ઉલ્લાસિત પાનાના સ્મિતને સત્યવાનનું.
ઘાટ સૌન્દર્યનો આપ અને વિશ્વે માર્ગદર્શન આપ તું.
તોડતો નહિ વીણાને ગાન પ્રાપ્ત થયું ના હોય ત્યાં સુધી;
અસંખ્ય ગીત શું બાકી ગૂંથવાનાં નથી હજુ?
સંગીતકાર સૂક્ષ્માત્મ ઓ હે! સંવત્સરોતણા,
મારી વિરામવેળાએ બંસરીમાં તેં બજાવેલ જેહ છે
તેને પૂરેપૂરું પાર ઉતાર તું;
આણ ઊંચે રાગમાંથી અનુમાનેલ એમની
આદિ ઉદ્દામ આરજૂ
ને શોધી કાઢ તેને જે ન ગવાયું હજી સુધી.
જાણું છું, કે માનવોનો પ્રભુ પ્રત્યે હું ઉદ્ધાર કરી શકું,
જાણું છું, અમૃતાત્માને સત્યવાન છે સમર્થ ઉતારવા.
અમ સંકલ્પ સેવે છે શ્રમકાર્ય
અનુજ્ઞાત તારા સંકલ્પથી થઈ
ને તે તારા વિના ખાલી ગર્જના છે તુફાનની,
અર્થ વગરનો વાતાવર્ત આસુર શક્તિનો,
અને તારા વિના ઓજ દેવોનું એક ફંદ છે.
જવા પ્રકાશની પ્રત્યે પૃથ્વીકેરા અજ્ઞાનમાંહ્યથી મથી
રહી માનવની જાતિ, તેને જાઓ ગળી નહીં
ગર્ત ઊંડો અચિત્તણો.
ચૈત્યાત્માની વિદ્યુતોની સાથેના ગર્જનાર ઓ!
તમિસ્રા ને મૃત્યુને ના આપતો તુજ સૂર્ય તું,
તારી પ્રજ્ઞાતણો છૂપો અને પાકો પાર આદેશ પાડ તું,
વિશ્વવિશાળ ને ગૂઢ
તારો જે પ્રેમ છે તેનો શાસનાદેશ સાધ તું."
એના શબ્દો થયા લુપ્ત લય પામી આનંત્યોમાં વિચારનાં,

જેમણે એમને લીધા પકડી જ્યાં
સીમાઓ એ પહોંચ્યા સ્વ-પુકારની.
ને સંતાડી અર્થ દીધો એમનો અંતરોમહીં
જેઓ અચિંત્ય પાસેથી કો સમેય વાણીએ હોય મેળવ્યું
તેથી અધિક છે જેહ તેથી સંચલ થાય છે,
જ્યાં આવી જાય છે અંત આપણા સૌ વિચારનો,
જ્યાંથી સૌ આવતા શબ્દો તે અનિર્વચનીય જે.

અદ્દ્ભુત દર્શને દેવ દૃગ્ગોચર થયેલ તે
પછી મધ્યાહ્નનાં સ્વર્ગો સમ ભવ્ય કરીને સ્મિત ઓચર્યોઃ
"ચઢશે ઊર્ધ્વ શી રીતે સ્વર્ગીય ભુવનો પરે
સ્વભાવ પૃથિવીકેરો ને સ્વભાવ મનુષ્યનો
પૃથ્વીકેરો રહ્યા છતાં?
માંડે અન્યોન્યની સામે મીટ સ્વર્ગ અને ધરા
બહુ થોડા જ ઓળંગી શકે એવા ઊંડા ખાડા પરે થઈ,
સ્પર્શ એકે ન પામતું,
આકાશે ફરતી સર્વ વસ્તુઓએ જેમાંથી રૂપ છે ધર્યું
તે આંતરિક્ષ અસ્પષ્ટ એક ધુમ્મસમાં થઈ
આવી તટ કને જેને
જોઈ સર્વ શકે, પ્હોંચી ન પરંતુ શકે કદી.
પાર્થિવ મનની ભેટ લેવા દિવ્ય જ્યોતિ આવે કદી કદી;
એકાકી તારકો જેવા જ્વલે એના વિચારો વિશ્વ-વ્યોમમાં;
એના હૃદયમાં ચાલે માર્ગણાઓ મૃદુ મંજુલતા ભરી
વિહંગોની પાંખોના ફફડાટ શી,
ઝંખાતી આરસી એનાં સ્વપ્નાંકેરી કરીને પાર સંચરે
કદી એ ન કરી સિદ્ધ શકે એવાં દર્શનો સુખશર્મનાં.
જ્યોતિ ને સંમુદાકેરાં બીજ ઝાંખાં વિષાદી પુષ્પ ધારતાં,
મંદ સુરાગમેળો જે છે ઝલાયા અર્ધાકર્ણિત ગીતના,
તે મૂર્છામાં પડે કર્ણકટુ સૂરોતણા સંભ્રમની વચે,
દેવોના રમ્ય ને દૂરવર્તી આનંદ જ્યાં વસે

તે ઉછાળા મારનારા પ્રભાસિંધુઓની ફેનિલતાથકી,
અવિજ્ઞાત પ્રહર્ષોથી, ચમત્કૃતિભર્યા સુખે
પૃથ્વી પુલકિતા થાય ને એ અર્ધરૂપધારી બનેલ સૌ
મન ને ઇન્દ્રિયજ્ઞાન પ્રત્યે જાય કરી ગતિ.
એના નાના અંતવંત સંક્રમોની પાર ઉપરની દિશે
આવેલાં ભુવનોકેરી એને સંવેદના થતી,
કરતાં પરવા ના જે ગ્રંથિની કે વિરામની,
જે વણી કાઢતાં ચિત્રવિચિત્ર પરિપૂર્ણતા
ધારા-નિયમ પારની,
વિશ્વ એક વણી કાઢે સ્વયં-સંપ્રાપ્ત શર્મનું,
અવર્ણ્ય લય જે જન્મે તાલોથી કાળ પારના,
એકસ્વરૂપના હૈયા-ધબકારા ગતિબાહુલ્ય દાખતા,
જાદૂ આત્માતણા સીમાતીત સુસ્વરમેળનો,
અનંતરૂપની મુક્તિકેરો ક્રમ વ્યવસ્થિત,
કેવલબ્રહ્મનાં મૃદ્ય કાર્યો અદ્ભુતતાભર્યાં.
છે સર્વ-સત્ય ત્યાં ને છે ત્યાં અકાલ મહામુદા.
પરંતુ ટુકડાઓ જ પૃથ્વી માટે છે તારા-લુપ્ત જ્યોતિના,
એને બેધ્યાન ભાવે જ મળવા દેવ આવતા.
છે તેઓ જ્યોતિ લોપાતી ને છે શબ્દ શીઘ્ર મૌને શમી જતો
ને તેમને મને છે જે તે માંહેનું કશુંય ના
ઝાઝી વાર રહેવાને છે સમર્થ ધરા પરે.
ઝાંખીઓ ઉચ્ચ આવે છે, ટકી રે'નાર દૃષ્ટિ ના.
આરોહી શકતા થોડા અપ્રણાશી પ્રભાકરે,
કે વસી શકતા ધારો પર ગૂઢ સુધાંશુની
ને જ્યોતિ જાદૂઈ વાળી શકતા એ પૃથિવીના મન પ્રતિ.
દેવો ને અર્ધદેવો છે ઘણા થોડા, જેમની સાથ ગાઢતા
સાધીને કરતા વાર્તાલાપોને અમર સ્વરો
ને કર્મ સાથે જેઓનાં દેવતાઈ ગોત્રો છે નજદીકનાં.
ઘણાં થોડાં જ છે મૌનો જેમાં સત્ય સુણાય છે,
એનાં ગહનમાંહેની કાલાતીત વાણીને પ્રકટાવતાં;

દ્રષ્ટાઓની દીપ્તિમંતી ક્ષણોયે અલ્પમાત્ર છે.
વિરલો સ્વર્ગનો સાદ ને એને ગણકારતું
હૈયું વિરલ છે વધુ;
પામર મનને માટે સીલબંધ બારણાં છે પ્રકાશનાં,
ને પૃથ્વીની જરૂરોએ કીલબંધ પૃથ્વી સાથ કરેલ છે
માનવોના સમૂહને,
માત્ર ઉદ્ધારતી એક ઘડીકેરા પ્રભાવથી
વધુ મોટી વસ્તુઓના સ્પર્શને માનવો ઉત્તર આપતાઃ
કે કો પ્રબલ હસ્તે એ ઉદ્ધારાઈ શ્વસતા દિવ્ય વાયુમાં
સરકી પડતા પાછા કીચે જ્યાંથી આરોહ્યા ઊર્ધ્વમાં હતા;
જેના પોતે બન્યા છે ને જેહનો ધર્મ જાણતા
તે કીચે મૈત્ર આધારે પોતે હેમખેમ પાછા ફરેલ છે
તેથી આનંદ પામતા,
ને જોકે તેમનામાં છે કૈંક લુપ્ત થયેલા મહિમાર્થ ને
વધ પામેલ માહાત્મ્ય માટે અશ્રુ નિતારતું,
સ્વીકારી તે છતાં તેઓ લેતા પતન તેમનું.
સામાન્ય જન થવાનું એ સર્વોત્તમ માનતા,
રહે છે જેમ બીજાઓ તેમ રે'વું એ છે આનંદ એમનો.
કાં કે પ્રકૃતિની છે જે પૃથ્વી ઉપર યોજના
તેને અનુસરી મોટા ભાગના છે ઘડાયલા
ને ન જેવું જ તેઓનું ઋણ છે ઊર્ધ્વ લોકનું;
મનુષ્યોની સરેરાશ સમાવસ્થા જ એમની,
વિચાર કરવાવાળા પ્રાણીકેરું ક્ષેત્ર ભૌતિક એમનું.
દીર્ઘ ને ઊર્ધ્વ હંમેશાં ચઢતી પાયરીમહીં,
વિશ્વ-જીવનની રૂક્ષ વ્યવસ્થાના વિધાનમાં
પ્રત્યેક જીવ છે બદ્ધ નિયુક્ત સ્વ-કાર્ય ને સ્થાન સાથમાં
એના સ્વભાવના રૂપ અને આત્મિક શક્તિથી.
ક્ષુબ્ધ સ્હેલાઈથી જો આ થાય તો સૃષ્ટ વસ્તુઓ
કેરી સમતુલા તૂટી પડે સ્થિર સ્થપાયલી;
વ્યવસ્થા વિશ્વની સ્થાયી કંપી ઊઠે ને વણાયેલ દૈવમાં

ભગદાળું પડી જતું.
હોત જો ના મનુષ્યો ને બધા હોત દેદીપ્યમાન દેવતા,
તો થાત લુપ્ત મધ્યસ્થા સીડી આશ્રય જેહનો
લઈ જાગ્યો જડ દ્રવ્યે આત્મા લે વાટ ઘૂમતી
સ્વીકારી ચકરાવાઓ મધ્યભુવન માર્ગના,
ને ભારે શ્રમ ને ધીરા કલ્પોને પગલે જઈ
પહોંચે પ્રભુની શુભ્ર ધારે અદ્ભુતતા ભરી
ને પ્રવેશે દીપ્તિમંતા મહિમામાં અધ્યાત્મદેવતાતણા.
મારો સંકલ્પ ને સાદ મનુષ્યોમાં છે ને છે વસ્તુઓમહીં;
પરંતુ ધૂંધળા વિશ્વ-પૃષ્ઠે પોઢેલ છે અચિત્
ને રાત્રિ-મૃત્યુ-નિદ્રાના નિજ હૈયે એ આકર્ષી રહેલ છે.
એના કાળા અને મૂગા ગર્તે બંદી રખાયલી
થોડીક ચેતનાને એ દે છે છટકવા, છતાં
પકડી રાખતું પૂઠે કરી ઈર્ષા વર્ધમાન વિભાતણી
એની ગુહાતણી કાળી કિનારોની સમીપમાં,
જેમ કો મમતાળુ મા અજ્ઞાની નિજ બાળને
બાંધી રાખે અવિદ્યાનાં એનાં અંચલ-સૂત્રથી.
સ્વીય સુષુપ્તિએ સર્જ્યાં વિશ્વકેરા રહસ્યને
અચિત્ સમજવા માટે ના સમર્થ મનુષ્ય-મનના વિનાઃ
સચેત દ્વારને ખોલી દેતી ચાવી મનુષ્ય છે.
કિંતુ તેમ છતાં તેને લટકેલો રાખે એ નિજ ગ્રાહમાંઃ
આંકે એના વિચારોની આસપાસ એ સ્વ વર્તુલ રાક્ષસી,
ઊર્ધ્વની જ્યોતિની પ્રત્યે હૈયું એનું રાખે છે એ વસાયલું,
આંજી દેતી ઝગે ઊંચી સીમા ઉપરની દિશે,
નીચે રાજ્ય ચલાવે છે હદ એક કાળી અંધ બનાવતીઃ
બે આકાશોતણી વચ્ચે મન બંધ થઈ માનવનું જતું.
શબ્દો અને પ્રતીકોના દ્વારા એ સત્ય શોધતો,
સપાટીઓ અને બાહ્ય જડ ભાગોકેરો અભ્યાસ એ કરે,
કે છીછરા સમુદ્રોમાં પાય બોળે સાવધાન રહી મને,
એ જે મેળવતો જ્ઞાન તેય અજ્ઞાન એક છે.

છે એ બ્હાર રખાયેલો પોતાનાં જ આંતર ગહનોથકી;
અજ્ઞાતને મુખે દૃષ્ટિપાત એ ન કરી શકે.
આંખે સર્વજ્ઞની કેવી રીતે એ અવલોકશે,
સર્વસમર્થની શક્તિ સાથે કેવી રીતે સંકલ્પ સેવશે?
ઓ અત્યંત દયાવંતી ને ઔત્સુક્ય ભરી ઉષા!
છોડી દે ચક્કરો લેતા કલ્પોકેરી મંદ ચાલતણી પરે,
ને અચેતન સંકલ્પકેરા કાર્યતણી પરે,
માનવી જાતિને છોડી દે આલંબે એની અપૂર્ણ જ્યોતિનાઃ
સર્વ સિદ્ધ થશે દીર્ઘ કાળની પ્રક્રિયા વડે.
જોકે બંધાઈ છે જાતિ પોતાની જાતિનાં થકી
છતાં માનવનો આત્મા એના ભાગ્યથકી વધુ મહાન છેઃ
ધોવાણ ને હિલોળાઓ પાર કાળકેરા ને અવકાશના,
જેનાથી જિંદગી સર્વ શોકદુઃખે સજાતીય બની જતી
તે વિશ્વે વ્યાપ્ત સામાન્યભાવથી અળગા પડી
ધારાધોરણમાંહેથી વિશ્વના મુક્તિ મેળવી
આત્મા સૂર્ય સમો એકમાત્ર ને પારપારનો
મનની બાધતી ભીંતોમાં થઈને
કરી માર્ગ શકે નિજ ભભૂકતો
ને સનાતન આકાશે એકલો પ્રજ્વળી શકે
રહેવાસી બની વ્યાપ્ત ને અંતહીન શાંતિનો.
જ્વાલા! પાછી ફરી જા તું જ્યોતિર્મય નિજાત્મમાં,
યા વિચાર અને વિશ્વ પારકેરા દ્રષ્ટા શિખરની પરે
વળી પાછી નહીં તો જા તારા આદિમ ઓજમાં;
ભાગીદાર બની મારી અહોરા શાશ્વતીતણી
જા બની એક આનંત્ય સાથ તું મુજ શક્તિનાઃ
કેમ કે વિશ્વની માતા છે તું ને દિવ્ય છે વધૂ.
પૃથ્વીની જિંદગીકેરા મોઘ ઝંખનમાંહ્યથી
અપ્રત્યાયક ને મંદ એહના સ્વપ્નમાંહ્યથી
પાછી પ્રાપ્ત કરી પાંખો કરી પાર જાય છે જે અનંતતા,
આવી છે તું જહીંથી તે શક્તિમાં પુનરેવ જા.

તેની પ્રત્યે ઉઠાવી તું શકવાની અરૂપ તુજ ઊડણ,
અતૃપ્ત નિજ સ્પંદોથી ઉર તારું ચડવા છે સમર્થ ત્યાં
ને જેણે પરમાનંદ ન ગુમાવ્યો કદીય તે
આત્માકેરી અમર્ત્ય ને
અધ્યાત્મ સંમુદાને તું લહેવા ત્યાં સમર્થ છે.
ઊંચે ઉદ્ધર તું તારું હૈયું પ્રેમકેરું પતિત નિમ્નમાં
ને પાંખો ફફડાવતું,
ફગાવી દે અખાતોમાં ગર્ત તું કામનાતણો.
લેવાયેલી બચાવાઈ નિત્ય માટે રૂપોમાંથી નિસર્ગનાં
યુગચક્રો નિરુદ્દેશ માગે છે જે, શોધી તું કાઢ તેહને,
ત્યાં તારી જિંદગીકેરા સર્વ અર્થ સાથે અંતર્ગ્રથાયલું,
ને વૃથા શોધ હ્યાં જેની થાય પાર્થિવ રૂપમાં.
મર્ત્ય તારા માળખાને નાખ તોડી તું સનાતનતામહીં;
વિદ્યુત્! જા પીગળી તારી અદૃશ્યા અર્ચિની મહીં.
આશ્લેષ, અબ્ધિ! તું આપ નિજાત્મામાં ઊંડે તારા તરંગને,
સદા માટે સુખી બાથે લઈ લેતી મહોર્મિમાં.
એકરૂપ બની જા તું ઊંડાણોના સ્થિર ઉત્કટ ભાવ શું,
તે પછી પ્રેમી ને પ્રેમપાત્રને તું પિછાનશે,
એને અને તને આઘાં રાખનારી સીમાઓને પરિત્યજી.
સીમારહિત સાવિત્રીમહીં સત્કાર એહને,
વિલોપી જાતને દે તું અનંત સત્યવાનમાં,
ઓ ચમત્કાર! જ્યાંથી તેં શરૂ કીધું તહીં શમન પામ તું."
કિન્તુ ઉત્તરમાં બોલી સાવિત્રી દીપ્ત દેવનેઃ
"વૃથા તું લલચાવે છે ઐકાંતિક મહાસુખે
બે પરિત્રાત જીવોને દુઃખી જગતમાંહ્યથી;
મારો આત્મા અને એનો અવિયોજ્ય વિધે છે સંકળાયલા
જે માટે જીવનો જન્મ્યાં અમારાં તે કરવા એક કાર્યને,–
અમર્ત્ય જ્યોતિમાં વિશ્વ ઉદ્ધારીને પ્રભુ પાસે લઈ જવા,
પ્રભુને લાવવા નીચે વિશ્વ માટે આવ્યાં પૃથ્વી પરે અમે,
દિવ્ય જીવનમાં દેવા પલટાવી જીવન પૃથિવીતણું.

મારો સંકલ્પ પાળું છું વિશ્વનો ને મનુષ્યનો
ઉદ્ધાર કરવાતણો;
મોહિનીયે નથી તારા પ્રલોભાવંત સૂરની
ફંદે ફસાવવા માટે શક્તિમાન, આનંદમય દેવ હે!
વધારે સુખિયા લોકો માટે ભોગ નહીં આપું ધરાતણો.
સનાતનતણો ભાવ સુવિશાળ ને સંકલ્પ ક્રિયાત્મક
મનુષ્યો ને વસ્તુઓમાં વસ્યો હતો,
એક તેથી જ આરંભ થવા પામ્યો પારાવાર પ્રપંચનો.
લાભ વગરનું ક્યાંથી ઉદ્ભવ્યું આ અરણ્ય તારકોતણું,
સૂર્યોના ચકરાવાઓ બૃહદાકાર વંધ્ય આ?
કોણે કાળમહીં જીવ સરજ્યો છે નિઃસાર જિંદગીતણો
રોપ્યાં છે હૃદયે હેતુ અને આશા, ને છે પ્રકૃતિ જોતરી
ભીમકાય અને અર્થ વિનાના એક કાર્યમાં,
કે એના કોટિ કલ્પોના વ્યર્થ ખર્ચતણી છે યોજના કરી?
ગોળા ઉપર પૃથ્વીના પેટને ઘસડી જતા
આ સચેતન જીવોને દંડ્યા કવણ શક્તિએ
જન્મ-મૃત્યુ વડે ને અશ્રુઓ વડે?
પૃથ્વી જો સ્વર્ગની જ્યોતિ પ્રત્યે ઊંચે દૃષ્ટિને ઊંચકી શકે,
ને સુણી જો શકે પ્રત્યુત્તર એના એકાકી આર્ત્તનાદનો,
તો તેમનું નથી વ્યર્થ મળવાનું, ફંદો ના સ્પર્શ સ્વર્ગનો.
તું ને હું હોઈએ સાચાં તો સાચું જગતેય છે;
તારાં કાર્યોતણી પૂઠે તું સંતાડી રાખે જોકે સ્વ-રૂપને,
તોય અસ્તિત્વમાં હોવું તે સમસ્યા નિરર્થ ના;
રચી છે પ્રભુએ પૃથ્વી,
તે માટે પૃથિવીએયે પોતાનામાં રચવો જોઈએ પ્રભુ;
એના હૃદયમાં છે જે છુપાયેલું
તેને એણે જોઈએ પ્રકટાવવું.
તેં જે વિશ્વ બનાવ્યું છે તેને માટે માગું હક કરી તને.
નિજ માનવતા સાથે રહે માનવ બદ્ધ જો,
બંધાયેલો રહે જો એ સદા માટે સ્વ-દુઃખ શું,

તો મહત્તર આત્મા કો જાગો માનવમાંહ્યથી
અતિમાનવ પોતાના નિત્યકેરા સાથી સાથ સમુદ્ભવો
અને પાર્થિવ રૂપોના દ્વારા રાજમાન અમૃતરૂપ હો.
નહીં તો વ્યર્થ છે સૃષ્ટિ, અને વિશ્વ મહાન આ
છે અવસ્તુ જણાતી જે વસ્તુ કાળ-ક્ષણોમહીં.
જોયું છે કિંતુ મેં છદ્મ-આરપાર અચિત્‌તણા
છે સંવેદ્યો ગુપ્ત આત્મા હાલતો ને ચાલતો વસ્તુઓમહીં,
વહી વપુ જતો વૃદ્ધિ પામતા વિશ્વનાથનું:
આવૃત કરતાં રૂપોમાં થઈ એ
કરે દૃષ્ટિ સત્ય પ્રત્યે અનાવૃત,
દેવોના પડદાને એ પછવાડે ધકેલતો,
નિજ શાશ્વતતા પ્રત્યે એ આરોહંત જાય છે."
સ્ત્રીના હૃદયને કિંતુ દેવે ઉત્તર આપિયો:
"સંમૂર્ત્ત શબ્દની જીવંત શક્તિ હે!
સ્વપ્યું છે પરમાત્માએ સર્જી તે સર્વ તું શકે:
છે તું તે શક્તિ જેનાથી વિશ્વોને મેં રચેલ છે,
તું મારી દૃષ્ટિ છે, મારો છે સંકલ્પ, અને મારો અવાજ છે.
કિંતુ જ્ઞાનેય છે તારું, જાણે તું વિશ્વયોજના,
જાણે તું પ્રક્રિયા ધીરી કાળનાં ક્રમણોતણી.
જ્વાલાના તુજ હૈયાની પ્રચંડ પ્રેરણા લઈ,
ભાવાવેશે ભરાઈને મોચવાના પૃથ્વીને ને મનુષ્યને,
કાળના અંતરાયોથી અને ક્રમવિકાસનાં
મંદવેગી આલસી પગલાંથકી
રોષે ભરાઈ દોરી ના જા આત્માને અજ્ઞાનવશ લોકના
જ્યોતિને સાહસે શીઘ્ર અતિશે હામ ભીડવા,
માનવીની મહીં બદ્ધ અને નિદ્રિત દેવને
જગાડીને અનિર્વાચ્ય મૌનોમધ્યે ધકેલ ના
અંત વગરનાં ક્ષેત્રોમહીં અજ્ઞાતનાં ને અણદીઠનાં,
મર્યાદિત કરી દેતા મનકેરી અંત્ય સીમા વટાવવા,
પરચૈતન્યની સીમારેખા પાર કરી જોખમથી ભરી

પ્રેર ના ભીડવા હામ ભયોમધ્યે અનંતના
કિંતુ તું કાળ ને ઈશકેરી રાહ જોવા ના હોય માગતી
તો કાર્ય કર તું તારું
ને સંકલ્પ લાદ તારો બલાત્કારે દૈવનિર્માણની પરે.
મેં તારી પાસથી જેમ લઈ ભાર લીધો છે મુજ રાત્રિનો
ને સંદેહો અને સ્વપ્નાં લઈ લીધાં છે મારી સાંધ્ય જ્યોતિનાં,
તેમ લઈ લઉં છું હું હવે પૂર્ણ દિનની મુજ દીપ્તિયે.
પ્રતીકાત્મક રાજ્યો છે મારાં આ, કિંતુ ના અહીં
ભાગ્યનિર્ણયની શક્ય બને મોટી પસંદગી
કે ઉચ્ચારી શકાયે ત્યાં શાસ્તિ પરમ શબ્દની.
જા મહત્તર લોકોની ચઢી સીડી અનંતમાં
જ્યાં ન કો સંભવે જગત્.
ન પરંતુ પરિવ્યાપ્ત વાયુમાં જ્યાં પ્રાણ વધુ વિશાળવો
ગૂઢતા ને ચમત્કાર ઉઠાવી નિજ જાય છે,
ને ના પ્રકાશતાં શૃંગો પર કૂટસ્થ ચિત્તનાં
કે આશ્રયમહીં આત્મા સૂક્ષ્મ જ્યાં જડ દ્રવ્યનો
સ્ફુરંતાં સ્વ-રહસ્યોની જ્યોતિમધ્યે છુપાય છે,
સુણવો શક્ય આદેશ સ્થિર શાશ્વતરૂપનો,
જે પ્રારબ્ધતણું શીર્ષ સંયોજી દે એની આધાર ભોમ શું.
આ તો કેવળ અંકોડા કાર્ય મધ્યસ્થ સાધતા;
એમની પાસ ના દૃષ્ટિ ઉત્પન્ન કરવાતણી,
કે સિદ્ધિ આપતું કાર્ય, યા તો આધાર આખરી
જે સદાકાળને માટે વિશ્વનો રાશિ ધારતો.
શક્તિઓ છે બે ધરી જે રાખે છે અંત કાળના;
છે પૂર્વજ્ઞાન આત્માને,
એના વિચારને આણે જડદ્રવ્ય પ્રકાશને
આદેશો પ્રભુના પાર પાડે એ મૂક ભાવથી,
ન જરા જેટલું કાંઈ, ટપકુંય તજ્યા વિના,
નિર્વિવાદ કરે કાર્ય, અચેત, અકડાયલું,
અનિવાર્યપણે એની ભીતરે છે ભર્યું તે વિકસાવતું,

દિક્-કાલે શક્તિનો એની જે ઉદ્દેશ તેની ઉત્ક્રાંતિ સાધતું,
ચેતનાવંત જીવોમાં ને અચિત્ વસ્તુઓમહીં
અવિકાર્યપણે એનું કાર્ય આદિષ્ટ સાધતું.
કરતું રદ ના નાના નુકતાનેય સાધેલી વસ્તુઓતણા;
ચલાયમાન ના થાય દેવવાણીરૂપ આદેશ-શબ્દથી,
પલટાવી ન દેતું એ પગલાંઓ અદૃષ્ટનાં.
મનુષ્ય ને ધરાકેરો અધ્યાત્મ શિખરો પરે
તું ખરેખાત ઉદ્ધાર કરવા હોય માગતી,
દૃષ્ટિપાત કર તો જિંદગી પરે,
તો શોધી કાઢ તું સત્ય પ્રભુનું ને માનવી ને જગત્તણું;
પછીથી કર તું તારું કાર્ય જ્ઞાનપૂર્વક દૃષ્ટિપૂર્વક.
આત્મા! આરોહ તું તારા કાલાતીત સ્વરૂપમાં;
પસંદ કર તું વાંકી રેખા ભાગ્યતણી અને
તારા સંકલ્પની માર મુદ્રા કાળતણી પરે."
અટક્યો એ, અને નીચે પડતા નાદની પરે
શક્તિ એક બઢી આગે,
કંપમાન કર્યા જેણે ગોલકો સંસ્થપાયલા
અને ઢીલા કર્યા ખૂંટા જકડંતા રૂપના તંબુઓતણા.
છૂટી પકડમાંહેથી દૃષ્ટિની ને વીંટાઓથી વિચારના,
લોપાતાં દૃશ્યના જેવા હરાયેલા એની ગોચરતાથકી,
મહાવકાશની જંગી નાટ્યશાલાતણી મહીં
અધ્યાત્મ જ્યોતિમાં પામ્યા સ્વર્ગ-લોકો અદૃશ્યતા.
ગતિ એક હતી વ્યાપી, હતો એક પોકાર, એક શબ્દ ત્યાં,
આવિષ્કારે બૃહત્ એના અનાદિ એ,
પ્રત્યાગમનમાં એના અવિચિંત્ય પળોની અસ્તિ ના હતીઃ
પ્રશાંત સાગરોમધ્યે વૃન્દગીતે
સુણ્યો એણે સનાતન વિચારને
લયપૂર્વક ફેલાતો વર્ણનાતીત રીતથી
કક્ષાઓમાં અનાકાશ ને અકાળ પથો પરે.
સંસિદ્ધ એ રહી 'તી ત્યાં અનિર્વાચ્ય જગત્ મહીં.

ઓજ:શક્તિ હતી એહ ત્રિસ્વરૂપી અનંતની,
અમેય સત્યતામાં એ નિવાસ કરતી હતી,
હતી પ્રહર્ષ એ એક, હતી સત્તા ને હતી એક શક્તિ એ,
સંકળાયેલ ને કોટિ ગતિયુક્તા હતી એ પરિપૂર્ણતા,
કુમારી એકતા ને એ જાયા જ્યોતિર્મયી હતી,
સર્વને પ્રભુના સીમાહીન આનંદની મહીં
જોડતી એ હતી બાથ બહુસંખ્ય નિજમાં નિવસાવતી,
પ્રત્યેક જીવની એની મહીં શાશ્વતતા હતી,
વિશ્વપ્રેમતણો ભાર એ પોતાની મહીં ધારી રહી હતી,
હતી અદ્ભુત માતા એ અસંખ્ય ચૈત્ય જાતની.
વસ્તુઓ જાણતી એ સૌ,
વસ્તુઓ કલ્પતી એ સૌ યા તો સંકલ્પતી હતી,
આદર્શ વસ્તુઓ પ્રત્યે શ્રુતિ એની હતી ખુલ્લી થઈ ગઈ,
રૂપની રૂઢતા એની દૃષ્ટિને ના લેશેય બાંધતી હતી,
હજારો બારણાંવાળી એકતાનું હૈયું એનું બન્યું હતું,
ગુહાગૃહ અને પુણ્યધામ એક ચિંતનાલીન જ્યોતિનું
દેખાયું, પારની ચીજોકેરો અંતિમ આશરો.
મંડલે નિજ તે કેડે થંભ્યો આદેશ એ બૃહત્
અજ્ઞેયે જે હતું આપ્યું તે સૌ પાછું મૌને એને સમર્પિયું.
ધ્યાનથી સુણતા એના વિચારે સ્થિરતા ધરી.
એના ચૈત્યાત્મમાં રૂપ વસ્તુઓનું શમ્યું હતું.
હવે એ દેવતાકેરું પૂર્ણરૂપ અગોચર બન્યું હતું,
સાવિત્રીની આસપાસ આત્મા એક બૃહદ્રૂપ રહ્યો હતો,
એક ઓગળતા મોતી
કેરી આસપાસ જ્વાલા હતી ગૂઢ પ્રકારની,
ને ભૂતછાયમાં લોપ પામેલા અવકાશની
પોકાર કરતો એક સ્વર શ્રોત્રે ન સુણાયેલ ત્યાં હતોઃ
"પસંદ કર, હે આત્મા! તારી સૌથી મોટી છે જે પસંદગી
તે ફરીથી અપાતી તુજને નથી;
કેમ કે અવ સર્વોચ્ચ મારા સ્વરૂપમાંહ્યથી

દૃષ્ટિ તારી પરે કરે
નનામી ને નિરાકારા શાંતિ જેમાં વિશ્રમે સર્વ વસ્તુઓ.
એક નિઃસીમ નિર્વાણ-અવસ્થા શાશ્વતીમહીં,
અનંતમાં વિલોપાઈ જાય છે એક બિન્દુ જ્યાં,
ત્યાં સુખી સુવિશાલા ને લોકોત્તર સમાપ્તિમાં
બુઝાયેલી જ્વાલકેરી જાણી લે તું મહામુદા,
અપાર સાગરે મગ્ન થતી અંતિમ ઊર્મિની,
તારા ભ્રાન્ત વિચારોની આર્ત્તિનો અંત જાણ તું,
તારા યાત્રી આત્મકેરી યાત્રાનો અંત તું લહે.
સ્વીકાર કર, સંગીત! શ્રાંતિ તારા સ્વરોતણી,
સ્વીકાર કર હે સ્રોત!
ભંગ બૃહત તું તારા પાત્રકેરા તટોતણો."
પડતી 'તી ક્ષણો શાશ્વતતામહીં.
કિંતુ અજ્ઞાત હૈયામાં કો એક ઝંખતું હતું.
આપ્યો ઉત્તર નારીના હૃદયે મૌન સેવતાંઃ
"છે તારી શાંતિ, હે નાથ! વરદાનરૂપ અંતર ધારવા
ઉદ્દામ કાળની ત્રાડ ને વિધ્વંસતણી વચે
ભવ્ય માનવ આત્માને માટે પૃથ્વીતણી પરે.
શાંતિ તારી, પ્રભો! ધારે તારા જે સુખના કરો."
એકાકી દ્વીપની આસપાસ સીમાહીન સાગરના સમો
બીજી વાર થયો ઊભો એ પોકાર સનાતનઃ
"ખુલ્લાં વિશાળ છે સામે દ્વારો વર્ણન પારનાં.
પૃથ્વીની તોડવા ગ્રંથિ આત્મા મારો લળેલ છે,
વિચાર અથવા સંજ્ઞા વિનાની એકતા પરે
પ્રેમીનો રસ ધારતો,
ભીંત ને વાડને નીચે નાખવા ને સ્વર્ગ ખુલ્લું બનાવવા,
વિશાળ આંખથી જોવા માટે અનંતતાતણી,
તારાઓના ઉકેલીને વાણાતાણા પસાર મૌનમાં થવા."
એક અપાર ને વિશ્વવિનાશક વિરામમાં
સાવિત્રીએ સુણ્યા લાખો જીવો એને મોટેથી સાદ પાડતા.

નિઃસ્પંદતામહીં એના વિચારોની આશ્ચર્ય ઉપજાવતી
માપ ના નીકળે એવી રીતે બોલ્યો સ્વભાવ વનિતાતણોઃ
"સમીપે સરતાં ઝાઝાં હૃદયોમાં દે તારી એકતા, પ્રભો!
તારા અસંખ્ય ચૈત્યોની, પ્રભુ! માગું મારી મીઠી અનંતતા."
પાછા હઠી જતા જોશભેર ઓટે આવેલા સિંધુના સમો
ત્રીજી વખત રેલાયો સાદ મોટો પ્રબોધતોઃ
"મારી પાંખોતણી હૂંફ પસારું છું બધેય હું
અગાધોમાંહ્યથી એનાં અસંભાવ્ય બલિષ્ઠા દીપ્તિ ધારતી
શક્તિ મારી વિલોકે છે સ્પંદહીન સ્વ-નિદ્રાના પ્રભાવમાં,
સંકેલાઈ જઈ વિશ્વકેરી ઘોર ઘૂમરીઓતણી પરે."
ડૂસકે વસ્તુઓકેરા દીધો ઉત્તર સૂરને,
ભાવાવેગે ભર્યું હૈયું મહિલાનું પ્રતિ-ઉત્તરમાં વદ્યુંઃ
"ઓજ તારું, પ્રભો! માગું લઈ લેવા પકડે નર-નારને,
લઈ લેવા વસ્તુઓ સૌ ને જીવો સૌ એમના દુઃખથી ભર્યાં,
અને એ સર્વને ભેગા કરવાને માતાના બાહુઓમહીં."
સુગભીર અને દૂર વીણા જેમ કો મહાદેવદૂતની
અંત્ય અવસરે મોટા સંભળાયો સૂર સૂચન આપતોઃ
"ઉઘાડું છું વિશાળી હું આંખ એકાંતતાતણી
અનાવૃત કરી દેવા સ્વરહીન પ્રહર્ષ સ્વમુદાતણો,
પરમાનંદની નિદ્રામહીં નિશ્ચલ એ જહીં
વિશુદ્ધ પરમોત્કૃષ્ટ ચૂપકીમાં ઢળેલ છે,
જેના તાલમહીંથી છે ઉઠાવાયો પ્રસ્પંદ હૃદયોતણો
ને મીઠી મત્તતામાંથી નૃત્યકેરી વિરમી જે ગયેલ છે."
મૌનનો કરતું ભંગ સાનુરોધ પ્રાર્થના ને પુકારથી
અથાક એક આરોહ્યું સ્તોત્ર આરાધનાતણું,
થતા સંયુક્ત પાંખાળા આત્માઓનો સુરીલો તાલ પાંખનો,
ને પછી ઝંખનાપૂર્ણ સ્ત્રી જવાબે આટલું માત્ર ઊચરીઃ
"વ્યથાની જીવતી ગ્રંથિ વિદારંતો પ્રાર્થું આશ્લેષ તાહરો,
તારો આનંદ, હે નાથ! જેમાં સર્વ જીવો ઉચ્છ્વસતા રહે,
ઊંડા પ્રેમતણાં પ્રાર્થું પાણી વ્હેતાં ચમત્કારકતાભર્યાં,

પૃથ્વીને ને મનુષ્યોને માટે આપ મને તું તુજ માધુરી."

ત્યારે એથીય આનંદપૂર્ણ સાદ શરૂ મૌન પછી થયો
જેવો ઊઠયો હતો અનંતમાંહ્યથી
જ્યારે વિચિત્ર આનંદકેરા પ્રથમ મર્મરો
એના ઊંડાણમાં કલ્પતા હતા હર્ષ ખોજનો
ભાગાવેગ કાઢવાનો શોધી ને સ્પર્શવાતણો,
મુગ્ધાનુરાગનું હાસ્ય ભુવનોને પ્રાસાનુપ્રાસ અર્પતું:
"મૂર્ત્તિ સુંદરતાપૂર્ણ ઓ હે! સંમૂર્ત્ત શબ્દની,
તારા વિચાર મારા છે, બોલ્યો છું હું તવ સ્વરે.
મારો સંકલ્પ છે તારો,
તારી પસંદગી છે જે તે છે મારી પસંદગી.
માગ્યું છે સર્વ જે તેં તે આપું છું હું પૃથ્વીને ને મનુષ્યને.
વિચાર-યોજના-કર્મકેરો વિશ્વસ્ત માહરો
સર્વ કાંઈ લખી લેશે ભાગ્યના ચોપડામહીં,
મારા સંકલ્પને પાર પાડનારો છે એ કાલ સનાતન.
પરંતુ તેં નકાર્યું છે મારા અવ્રણ સ્થૈર્યને
ને પરાઙ્મુખતા ધારી અનંત મુજ શાંતિથી,
જે શાંતિમાં વિલોપાતું આનન અવકાશનું
અને વિનાશ પામે છે કાલકેરું કલેવર,
ને જુદી જાતનું તારી નકાર્યું છે નિર્વાણ સુખથી ભર્યું
સાથી કોઈ નથી જેને એવી મારી એકાકી શાશ્વતીમહીં,-
કેમ કે તુજ માટે ના શૂન્ય નામહીન જેમાં જગત્ નથી,
તારા જીવંત આત્માને માટે નિર્મૂલના નથી,
રિક્ત અપાર અજ્ઞેયે તારે માટે વિચારનું,
આશાનું, જિંદગીનું ને પ્રેમનું અવસાન ના,
મારી અકાળ ઈચ્છાને તું આધીન થયેલ છે,
તેથી હું મુજ રાખું છું હસ્ત તારા અર્ચિના આત્મની પરે,
રાખું છું હસ્ત હું મારા તારા પ્રેમતણા હૃદયની પરે,
ને કરું છું તને યુક્ત

શક્તિની સાથ મારી જે કરે છે કાર્ય કાળમાં.
મારી અકાળ ઇચ્છાને તું આધીન થયેલ છે
મથામણે અને ભાગ્યે
પૃથ્વીના ભાગ લેવાનું તેં પસંદ કરેલ છે,
જગતી શું જડાયેલા
મનુષ્યો ઉપરે છે તું દયાભાવે ભરી લળી
ને સાહ્ય આપવા માટે બાજુએ તું વળેલ છે,
કરવાનો પરિત્રાણ સેવ્યો તીવ્રાભિલાષ તેં,
તેથી હું મુજ હૈયા શું હૈયું તારું
સજું છું તુજ હૈયાના ગાઢ ભાવાનુરાગથી
ને મારી ઝૂંસરી દિવ્ય દીપ્તિમંતી તારા આત્મા પરે ધરું.
અધુના તુજમાં મારા ચમત્કારી વ્યવસાયો કરીશ હું.
મારા દૈવતના દોરો વડે તારા હું બાંધીશ સ્વભાવને,
તારા આત્માતણાં અંગો હું આણીશ મારા આનંદને વશે
ને મારી સૌ સંમુદાની તને ગ્રંથિ હું બનાવીશ જીવતી,
અને રચીશ તારામાં મારું ધામ સ્ફટિકોપમ ગૌરવી.
દિનો તારા બની જાશે બાણ મારાં શક્તિનાં ને પ્રકાશનાં,
રાત્રિઓ તુજ તારાએ ખચ્યાં થાશે રહસ્યો મુજ મોદનાં
ને મારાં વાદળાં સર્વ ગૂંચવાઈ તારા અલકમાં જશે,
ને વસંતો બધી મારી મુખે તારે પામી સંલગ્નતા જશે.
ઓ સૂર્ય-શબ્દ! પૃથ્વીના આત્માને તું જ્યોતિ પ્રત્યે ઉઠાવશે,
જીવનોમાં મનુષ્યોના પ્રભુને અવતારશે;
પૃથિવી બનશે મારી કર્મ-શાલા અને ગૃહ,
મારી જીવનની વાડી વાવવા દિવ્ય બીજને.
જ્યારે પૂરું થશે તારું કાર્ય સર્વ માનવી કાળની મહીં
ત્યારે માનસ પૃથ્વીનું જ્યોતિર્ધામ બની જશે,
અને જીવન પૃથ્વીનું વૃક્ષ એક વધતું સ્વર્ગની પ્રતિ,
અને શરીર પૃથ્વીનું પ્રભુકેરું પુણ્યાલય બની જશે.
મર્ત્ય અજ્ઞાનમાંહેથી પામી જાગૃતિ માનવો
પ્રકાશિત બની જાશે રશ્મિએ શાશ્વતાત્મના

ને સૂર્યોન્નયની મારા મહિમાએ વિચારોમાંહ્ય એમના,
હૈયામાં એમના લ્હેશે માધુરી મુજ પ્રેમની,
કર્મોમાં એમનાં મારી શક્તિકેરી ચમત્કારક પ્રેરણા.
મારો સંકલ્પ તેઓના દિવસોનો અભિપ્રાય બની જશે;
તે મારે કાજ ને મારા વડે, મારી મહીં જીવન ધારશે.
હૈયે મારી સૃષ્ટિકેરી રહસ્યમયતાતણા
ચૈત્ય-આત્માતણું તારા નાટક ભજવીશ હું,
લાંબી આખ્યાયિકા તારી અને મારી હું આલેખીશ અદ્ભુતા.
પીછો લઈશ હું તારો શતાબ્દીને પટે પટે;
તારા શિકારમાં પ્રેમ નીકળ્યો છે વિશ્વ વિસ્તારમાં થઈ,
અજ્ઞાનનું કરી આઘું અવગુંઠન રક્ષતું,
ને મારા દીપ્ત દેવોનો આડો અંતરાય દૂર કરી દઈ
જોઈશ કે ન કો રૂપ તને આવૃત રાખશે
મારા દિવ્યાભિલાષથી.
મારી જીવંત આંખોથી કયાંયે છટકશે ન તું.
તારા શોધી કઢાયેલા આત્માકેરી દિગંબર દશામહીં
જે છે તે સર્વની સાથે નગ્ન એકાત્મતામહીં,
તારા માનવતાકેરા વાઘાઓ ઊતરી જતાં,
કરાતાં પડદો આઘો ગાઢ આડો માનવીય વિચારનો,
પ્રત્યેક મનને દેહ ને હૈયા શું તું એકાત્મ બની જતાં,
સારી પ્રકૃતિની સાથે,
આત્મા ને પ્રભુની સાથે તું એકાત્મ બની જતાં,
તારા એકલ આત્મામાં
ઉપસંહાર સાધીને ગૂઢ મારા જગત્તણો,
હું તારી ભીતરે સ્વામી બનીશ મુજ વિશ્વનો,
ને વિશ્વ પામશે તુંમાં હું જે છું તે સમસ્તને.
વસ્તુઓ ધારશે તું સૌ, જેથી પામે પલટો સર્વ વસ્તુઓ,
ભરી તું સર્વને દેશે મહિમાથી મારા ને મુજ મોદથી,
તું સૌને મળશે મારા ચિદાત્માથી કાયાપલટ સાધતા.
મારાં આનંત્યથી ઊર્ધ્વે સમાક્રાંત થયેલ તું,

તથા અસીમતાઓની મહીં નીચે પ્રકંપતી,
મારાથી મૃગિતા મારા મનકેરા
ભીંત આડે નથી એવા અફાટમાં,
મહાસાગરના જેવી બનેલી તું
મારા પ્રાણતણા ઊર્મિ-ઉછાળમાં,
તરતી ને વિલોપાતી છલંગોએ ભર્યા બે સાગરો વચે,
બ્હારની મુજ પીડાઓ ને માધુર્યો રહેલાં મુજ અંતરે,
તેમને સાધનો કરી,
પામતી મુજ આનંદ પરસ્પર વિરુદ્ધમાં
વર્તનારાં મારાં રહસ્યની મહીં
તું પ્રત્યેક શિરા દ્વારા મને ઉત્તર આપશે.
વશીભૂત કરી દેશે દૃષ્ટિ એક દોડતા તુજ શ્વાસને,
કર્મોને ચક્કરે હૈયું તારું હંકારશે તને,
મન તારું તને દેશે પ્રેરણાઓ જ્વાલા દ્વારા વિચારની,
મળવાને મને ઘોર ગર્તમાં ને ભેટવા શિખરો પરે
મને સંવેદવા ઝંઝાવેગે તેમ જ શાંતિમાં
ને મને અર્પવા પ્રેમ ઉદાત્તાત્મામહીં તેમ જ દુષ્ટમાં,
રૂપાળી વસ્તુઓમાં ને ડારતી કામનામહીં.
તું નારકી વ્યથાઓને મારું ચુંબન માનશે,
સ્વર્ગનાં સુમનો મારે સ્પર્શે મનાવશે તને.
મારાં સૌથી ઘોર છદ્મો મારાં આકર્ષણોને આણતાં થશે.
સ્વરમાં તરવારોના તને સંગીત પામશે.
પીછો સુંદરતા લેશે તારો જ્વાલાતણા હાર્દમહીં થઈ.
નક્ષત્રગોલકોકેરાં ભ્રમણોની મહીં તું જાણશે મને
ને ભેટો કરશે મારો અણુઓની મહીં તું ઘૂમરીતણા.
ચકરાતાં બળો મારા વિશ્વકેરાં
મારા નામતણું તેડું તારી પાસે પુકારશે.
આહ્‌લાદ ઝમશે નીચે મારા ચંદ્ર સુધાંશુથી,
મારી સુગંધ જૂઈની જાળમાં ઝાલશે તને,
સૂર્યમાંથી તને મારી આંખડી અવલોકશે.

આરસી તું પ્રકૃતિના ગુપ્ત આત્માતણી બની
મારા આનંદના છૂપા હૈયાને પ્રતિબિંબશે,
તારા-મઢી કિનારીના મારા શુદ્ધ પ્યાલામાં પદ્મના લઈ
મારું વિશુદ્ધ માધુર્ય પી ઊંડે તું ઉતારશે.
તારી છાતી પરે મારા ધરી હાથ ડરામણા
કરાલતમ ઝંખાઓકેરા સ્રોતોતણી મહીં
નાહેલા સત્ત્વને તારા બલાત્કારે વશીભૂત કરીશ હું.
તું શોધી કાઢશે એકમાત્ર કંપિત સૂરને
ને મારા સર્વ રાગોનું બનીને બીન બાજશે,
ને પ્રેમના સમુદ્રોમાં મારી ફેનલ ઊર્મિ તું
ઉછાળા મારતી જશે.
મહાવિપદની મારી પકડેયે તારે માટે બની જશે
મારા પ્રહર્ષનું રૂપ વિપરીત કસોટીએ ચઢાવતુંઃ
સ્વરૂપે દુઃખના મારું મુખ છૂપું તને સ્મિત સમર્પશેઃ
મારું નિર્ઘૃણ સૌન્દર્ય અસંક્ષિપ્ત
અસહ્ય અપરાધોમાં વિશ્વના તું તારી અંદર ધારશે,
કાળનાં ક્રૂર ને કાળાં કુકર્મોની તળે તું કચરાયલી
મારા પ્રહર્ષના સ્પર્શકેરી મત્ત મુદાને સાદ પાડશે.
તારા જીવનને માટે બધા જીવો દૂત મારા બની જશે;
તારા મિત્રતણા હૈયા પર મારી પ્રત્યે ખેંચાઈ આવતા,
મળવાને મને બેળે પ્રેરાયેલા આંખોમાં તુજ શત્રુની,
માગણી કરશે મારી જીવો મારા તારા હૃદય પાસથી.
સંકોચ પામશે ના તું તારા કોઈ પણ બાંધવ જીવથી.
નિઃસહાયપણે સર્વ પ્રત્યે આકૃષ્ટ તું થશે.
તને જોઈ જનો લ્હેશે હસ્ત મારા પ્રહર્ષના,
લહેશે શોકપીડામાં પગલાંઓ વિશ્વની સંમુદાતણાં,
એનો તુમુલ આઘાત જિંદગીની તેમની અનુભૂતિમાં
બે વિરોધી વસ્તુઓની પરસ્પર સ્પૃહામહીં.
તારે પ્રેમે સ્પૃષ્ટ હૈયાં મારા આહ્વાનને ઉત્તર આપશે,
તારા કંઠતણા આવિષ્કારકારી સ્વરભારોતણી મહીં

પુરાણું કાઢશે શોધી સંગીત ગોલકોતણું,
ને સમીપતરે મારી તું છે તેથી તેઓ આવી પહોંચશેઃ
બની વિમુગ્ધ સૌન્દર્યે તારા આત્મસ્વરૂપના
લેશે આશ્લેષમાં તેઓ દેહ મારો તારા ચૈત્યાત્મની મહીં,
સુણશે જીવને તારે સૌન્દર્ય મુજ હાસ્યનું,
જેનાથી મેં બનાવ્યાં છે
વિશ્વોને તે મહાનંદ રોમહર્ષણ જાણશે.
છે તારી પાસ તે સર્વ અવરોના સુખને અરથે હશે,
છે તું તે સર્વ હોવાનું એક મારા હસ્તની માલકીતણું.
હર્ષ રેડીશ હું તારા દ્વારા કલશથી યથા,
ઘુમાવીશ તને મારા રથ જેમ પથથી પથની પરે,
વાપરીશ તને મારી અસિ જેમ ને વીણા જેમ માહરી,
તારી પર બજાવીશ સંગીતોના સૂર મારા વિચારના.
ને તું જ્યારે કંપમાના હશે સર્વા મુદાથકી,
ને સર્વ વસ્તુઓ સાથે રે'શે એકાત્મતામહીં,
ત્યારે હું જીવતા મારા અગ્નિઓની
તારે માટે નહીં કસર કૈં કરું,
પરંતુ તુજને ન્હેર બનાવીશ મારી અકાલ શક્તિની.
મારા નિગૂઢ સાન્નિધ્યે આગે દોરી હતી તને
જોકે ભાન તને તેનું હતું નહીં,
પૃથ્વીના મૂક હૈયામાં ઉદ્ભવી તું હતી તેહ સમાથકી
દોરી 'તી જિંદગી, દુઃખ અને કાળ, સંકલ્પ, મૃત્યુમાં થઈ,
આઘાતોમધ્યમાં બાહ્ય અને મૌનોમધ્યમાં ભીતરોતણાં,
દિક્-કાળના ન દેખાતા નિગૂઢ મારગો પરે
દોરી 'તી પ્રકૃતિ સારી સંતાડી જે રાખે તે અનુભૂતિએ.
મારા માર્ગણમાં પૂઠ લઈ મારી ગ્રહી લે જન જે મને
બંદીવાન મારો તે જાય છે બનીઃ
શીખવાની હવે તું એ તારા હૈયાતણાં સ્પંદન પાસથી.
સેવ પ્રેમ સદાયે, ઓ પ્રભુકેરી દાસી સુંદરરૂપિણી!
રાશ મારી બની જા તું વિશ્વવ્યાપક પ્રેમની.

મારા પ્રહર્ષના વ્યાપ્ત થતા પાશકેરો ફંદો બનેલ ઓ!
તારી જાળે ઝલાયેલા જીવને તું જોરજુલમથીય દે
આનંદ સૃષ્ટિના મિષ્ટ ને અગાધિત ઐકયનો,
પ્રેર એને બલાત્કારે
લેવા આલિંગને મારી એકતાઓ અનેકશઃ,
ને પાર વણનાં મારાં સ્વરૂપોને
ને મારા દિવ્ય ચૈત્યોને લેવા આશ્લેષની મહીં.
મન હે! શાશ્વતી શાંતિ વડે તું પરિપૂર્ણ થા;
શબ્દ હે! અમર સ્તોત્રગાનમાલા ગજાવ તુંઃ
મિનારો હેમનો ઊભો થયો છે, છે જન્મ્યું બાલક જ્વાલનું.
"હૈયે તારે સ્પૃહા જેની તેની સાથે જીવને અવતીર્ણ થા.
ઓ સત્યવાન! ઓ શુભ્ર સાવિત્રી! મેં ઉભેયને
પુરાણ કાળથી તારાઓ તળે મોકલેલ છે,
અકાલ જગતે યુગ્મ શક્તિઓ છો પ્રભુની ઉભયે તમે,
અસીમ આત્મથી બંધ રખાયેલાં વાડથી બદ્ધ સૃષ્ટિમાં,
પ્રભુને લાવતાં નીચે અચેતન ઉજાશમાં,
જીવોને જગતીકેરા ઉદ્ધારીને અમૃતત્વે લઈ જતાં.
મારા જ્ઞાનતણા લોકે અને લોકે મારા અજ્ઞાનતાતણા
પ્રભુ જ્યાં નવ દેખાતો અને માત્ર નામ એક સુણાય જ્યાં,
જ્ઞાન જ્યાં સપડાયું છે મનકેરી હદોમહીં
ને પ્રાણ કામનાકેરી જાળે જ્યાં ઘસડાય છે
ને જડ દ્રવ્ય આત્માને છુપાવે છે એની જ નિજ દૃષ્ટિથી,
તું મારી શક્તિ છે કામ કરનારી
પૃથ્વીકેરું ભાગ્ય ઊંચે ચઢાવવા,
મારું સ્વરૂપ આરોહ કરનારું વિશાળા ઢાળની પરે
બે પરાકોટિઓ વચ્ચે આત્માકેરી રાત્રિની દિનની તથા.
ને સત્યવાન છે મારો આત્મા જેહ અજ્ઞાન રાત્રિમાંહ્યથી,
પ્રાણ ને મન ને ઊર્ધ્વ પ્રકૃતિની બૃહત્તાને વટાવતો
આરોહી જાય છે સર્વથકી ઉચ્ચ જ્યોતિ પ્રત્યે અકાલની,
જાય છે ચલતા કાલે છુપાયેલી મારી શાશ્વતતા પ્રતિ,

અવકાશતણે વંકે કપાયેલી મારી નિઃસીમતા પ્રતિ.
એણે પાછળ છોડેલા મહિમા પ્રતિ એ ચઢે,
પોતે પતિત છે જ્યાંથી તે સૌન્દર્ય અને આનંદની પ્રતિ,
દિવ્ય સૌ વસ્તુઓકેરા સામીપ્યે ને માધુર્યે અધિરોહતો,
અસીમ જ્યોતિની પ્રત્યે, અમેય જીવન પ્રતિ,
ચઢે આસ્વાદ લેવાને ગહનોનો અનિર્વાચ્ય-મુદાતણાં,
પામવા અમૃત-સ્પર્શ અને સ્પર્શ અનંતનો.
આત્મા એ મુજ છે જેહ ફંફોળે પશુની મહીં
પ્હોંચવા માનવીકેરી ઊંચાઈઓ વિભ્રાજંત વિચારની
અને નિકટતા સત્યકેરી સર્વોચ્ચતાતણી.
છે વર્ધમાન એ દેવ માનવી જીવનોમહીં
ને પૃથ્વીના આત્મકેરાં સ્વરૂપોને કલેવરે,
પૃથ્વીકેરી અવિદ્યાની મહીંથી છે પ્રકૃતિની મહોર્મિએ
આત્મા મનુષ્યકેરો એ ચઢતો પ્રભુની પ્રતિ.
ઓ સાવિત્રી! તું મારી આત્મ-શક્તિ છે,
આવિષ્કારક છે સૂર મારા અમર શબ્દનો,
મુખ છે સત્યકેરું તું માર્ગો ઉપર કાળના
પ્રભુ પ્રત્યે જતા પંથો નિર્દેશંતું જીવોને મનુજાતિના.
પ્રગાઢ વનની વાટે પડે જેમ ઝાંખું કિરણ ચંદ્રનું
તેમ આત્માતણા છન્ન શૃંગથી વિરલ પ્રભા
જડતત્ત્વતણી પૂરેપૂરી અચેત નીંદરે
પડતી હોય જ્યાં સુધી,
ને અર્ધ-જ્યોતિમાં હોય મન અર્ધ-સત્યોમધ્યે પ્રવર્તતું,
ને માત્ર માનુષી પ્રેમ માનુષી ઉર જાણતું,
ને હોય જિંદગી શક્તિ ઠોકરાતી ને અપૂર્ણત્વથી ભરી,
ને દેહ ગણતો હોય દિનો નિજ અનિશ્ચિત,
ત્યાં સુધી જન્મ તું લેશે માનવીની સંદિગ્ધ ઘડીઓમહીં
આત્માની દિવ્યતા ઢાંકી રાખતાં રૂપની મહીં,
ને સૂર્ય વાદળાંમાંથી
પ્રકટે છે તેમ પૃથ્વીતણા શંકા કરતા વાયુમાં થઈ

ફાટી નીકળતો મારો મહિમા બતલાવશે,
મહિમા જ્વલતો યા તો વિરલા આંતરાગ્નિ શો,
અને મારા નામહીન પ્રભાવથી
ભરશે તું જીવનો માનવોતણાં.
વળી વિલોકશે તેઓ ઊર્ધ્વે શૃંગો ઉપરે પ્રભુનાં યથા,
પ્રભુને માણશે તેઓ પરિવ્યાપક વાયુ શો,
અને અચલ આધારે તેમ તેઓ ઠરશે પ્રભુની પરે.
ને વળી તગશે ચિત્ત પરે શૃંગિત સોમ શો,
આત્માનો મહિમા બીજચંદ્ર જેવો પાંડુર વ્યોમની મહીં
અને પ્રભુતણી પ્રત્યે માનવીના જનારા માર્ગની પરે
એના જીવનને જ્યોતિ સમર્પશે.
પરંતુ પ્રભુના પારમહીં આથી વધારે છે છુપાયલું
જે એક દિન પોતાનું મુખ ગુપ્ત પ્રકાશશે.
અત્યારે મન ને એનું રશ્મિ સંદિગ્ધ છે બધું,
મન છે દેહ ને પ્રાણ કેરો નેતા,
રથ છે ચૈત્ય-આત્માનો ચલાવાતો વિચારથી,
વહી રાત્રિ વિષે જાતો ભાસ્વંત ભમનારને
દૃશ્યો પ્રત્યે દૂરકેરી અનિશ્ચિત ઉષાતણાં,
અંત પર્યંત આત્માના અગાધ અભિલાષના,
કેવલ સત્ય ને પૂર્ણ સંમુદાના એના સ્વપ્નતણી પ્રતિ.
છે મહત્તર નિર્માણો, મન જેની કલ્પના ન કરી શકે,
જે ઉત્ક્રાંત થતા માર્ગકેરે કૂટે નિર્ધારિત કરાય છે,
જે માર્ગ હાલ ખેડે છે યાત્રી અજ્ઞાનમાં રહી,
પછીના પગલાનું જ્યાં નિજ એને ન ભાન ને
નથી જ્ઞાન સ્વ લક્ષ્યનું.
એનો અશ્રાંત આરોહ મને માત્ર સમાપ્તિ પામતો નથી,
છે અગ્નિ એક આવેલો શિખાગ્રે ભુવનોતણા,
છે ધામ એક આવેલું જ્યોતિનું શાશ્વતાત્મની.
અનંત સત્ય છે એક, કેવલા એક શક્તિ છે.
આત્માકેરું મહા-ઓજ છદ્મવેશો નિજ દૂર ફગાવશે;

એનું માહાત્મ્ય લ્હેવાશે રૂપ દેતું વિશ્વના ગતિ-માર્ગને.
પડદા વણના સ્વીય રશ્મિઓમાં થશે દર્શન એહનું,
અચિત્‌ની રાત્રિમાંહેથી સિતારો એક ઊગતો,
પરા પ્રકૃતિને શૃંગે આદિત્ય અધિરોહતો.
પરિત્યાગ કરી શંકાસ્પદ મધ્યમ માર્ગનો
થોડાક કરશે ઝાંખી ચમત્કારક મૂલની,
અને થોડાક તારામાં લહેશે ગૂઢ શક્તિને,
મળવા વળશે તેઓ અનામી ચરણધ્વનિ,
જતા સાહસિકો એ જે પ્રવેશાર્થે બલવત્તર વાસરે.
પરિબદ્ધ કરી દેતા મનકેરા વિસ્તારોમાંહ્યથી ચઢી
શોધી એ કાઢશે જંગી યોજના જગતીતણી,
માંડશે પગલાં તેઓ સત્ય-ઋત-બૃહત્‌મહીં.
ગુપ્ત શાશ્વતતાઓને તું સમક્ષે એમની પ્રકટાવશે,
આનંત્યોનો સમુચ્છ્‌વાસ આવિર્ભૂત હજીય ના,
જે આનંદે રચ્યું વિશ્વ તેનું કોક પ્રહર્ષણ,
ધસારો કો ઓજકેરો પ્રભુની સર્વશક્તિનો,
કો રશ્મિપુંજ સર્વજ્ઞ રહસ્યમયતાતણો.
પરંતુ પ્રભુની જ્યારે ઘડી નિકટ આવશે
ત્યારે શક્તિમતી માતા ધારશે જન્મ કાળમાં,
અને માનવ માટીમાં જન્મ પ્રભુતણો થશે
માનવી જિંદગીઓએ તારી સજ્જ કરેલાં રૂપની મહીં.
તે પછી સત્ય સર્વોચ્ચ અપાશે મનુજાતને.
મનોમયાત્મની પાર આત્મા એક રહેલ છે,
બહુ રૂપે ઢળાયેલો એક અપરિમેય એ,
બહુસંખ્યક જે એક રૂપ તેની ચમત્કૃતિ.
છે એક ચેતના જેને સ્પર્શી ન શકતું મન,
વાણી મનતણી જેને ઉચ્ચારી શકતી નથી,
કે વિચાર ન એનો જે અભિવ્યક્ત કરી શકે.
એનું ધામ ધરાએ ના ને ના કેન્દ્ર મનુષ્યમાં,
છતાંયે મૂળ છે જેહ સઘળી વસ્તુઓતણું

જે વિચારાય છે ને જે કરાય છે,
સૃષ્ટિનો ને સૃષ્ટિકેરાં કર્મોનો ઉત્સ જેહ છે.
એમાંથી સઘળું સત્ય અહીં ઉત્પન્ન થાય છે,
છે સૂર્યબિંબ એ ભગ્ન મનનાં કિરણોતણું,
અનંતતાતણું આભ વરસાદ વિભુનો વરસાવતું,
છે એ અસીમ આહ્વાન આપે છે જે મનુષ્યને
આત્માને ઉલ્લસાવવા,
વિશાળું લક્ષ્ય જેનાથી બને ન્યાય્ય એના પ્રયત્ન સાંકડા,
મહાનંદતણો અલ્પ જે એ આસ્વાદ મેળવે
તે માટેની નહેર એ.
કેટલાક બનાવાશે ભાજનો મહિમાતણાં,
વાહનો શાશ્વતાત્માની સંપ્રકાશંત શક્તિનાં.
આ છે ઉચ્ચ અગ્રદૂતો, કાળના મુખ્ય નાયકો,
મહાન મુક્તિદાતાઓ ધરા શું બદ્ધ ચિત્તના,
માનવી મૃત્તિકાકેરા અત્યુદાત્ત એ રૂપાંતરકારકો,
આદ્ય બાલક જન્મેલા નવીના દેવજાતિના.
મૂર્ત્તિમંતી દ્વયી શક્તિ પ્રભુનાં દ્વાર ખોલશે,
નિત્યકાલીન વિજ્ઞાન પૃથ્વીકેરા કાળને સ્પર્શ અર્પશે.
મર્ત્ય માનવની મધ્યે પરમાનુષ જાગશે
ને પ્રકાશે આણશે એ છૂપેલા અર્ધ-દેવને,
કે ઈશ-જ્યોતિ ને ઈશ-શક્તિમાં વૃદ્ધિ પામશે
ગુહામાં ગૂઢ જે દેવ તેનું પ્રાકટ્ય સાધતો.
તે પછી પૃથિવી સ્પર્શ પામશે પરમાત્મનો,
જ્યોતિર્મય અને ખુલ્લું એનું રૂપ પરાત્પર
મનને ને હૃદયને પ્રભાસ્વંત બનાવશે,
ને ભાગવત સંકેતોકેરી દિવ્ય અક્ષરમાલિકા વડે
રહસ્યમયતા એની અનિર્વાચ્ય પ્રકારની
જિંદગી ને કર્મ દ્વારા વ્યાખ્યાબદ્ધ બનાવશે.
એનો જીવંત વિશ્વાત્મા,
મિટાવી દઈને દોર મૃત્યુ ને વેદનાતણો,

ભૂંસી નાખી અવિદ્યાનાં વિધિસૂત્રો
ઊંડા સૌન્દર્યના અર્થે અને ગુપ્ત આશયે જિંદગીતણા,
ઘેરી લેશે અમૃતાર્થે સજ્જ થયેલ જીવને,
અનંતતાતણાં મોજાં દૃષ્ટિ એની વિલંઘતી
પાછી પ્રકૃતિને દેશે પૂર્વકેરી એની જીવનની મુદા,
લુપ્ત આનંદની હૈયા-ધબકો છંદને લયે,
પોકાર પરમાનંદકેરો ભૂલી જવાયલો,
ને નૃત્ય વિશ્વ-સર્જંતી આદિમા સંમુદાતણું.
અંતર્યામી બની જાશે સાક્ષી પ્રભુ વિરાજતો
બહુપાંખડીઓવાળા પદ્મના નિજ આસને,
નિષ્કર્મ નિજ આત્માને અને મૌન શક્તિને અવલોકતો
સનાતનતણે ધર્મે પૃથિવીની પ્રકૃતિને પ્રશાસતો,
મનીષીરૂપ એ વિશ્વ અચિત્‌કેરું જગાડતો,
કેન્દ્ર અચલ એ એક આનંત્યોનું અનેકશઃ,
કાળ-સિન્ધુ કને એના સહસ્ર સ્તંભ પે ખડા
મંદિરાન્તર રાજતો.
શરીરી આત્મ તે બાદ પ્રભુકેરો બની એક વિચાર ને
બની સંકલ્પ જીવશે,
બની એની દિવ્યતાનું છદ્મ વા પરિધાન વા,
ઓજાર એક ને ભાગીદાર એના પ્રભાવનો,
કે બિંદુ એક કે રેખા અંકાયેલી અનંતમાં,
અવિનાશીતણું વ્યક્ત સ્વરૂપ વા.
અતિમાનસ વિજ્ઞાન બની ઉત્સ જશે એના સ્વભાવનો,
સનાતનતણું સત્ય
વિચારો ને કર્મ એનાં રૂપબદ્ધ બનાવશે,
સનાતનતણું સત્ય
બનશે જ્યોતિ એની ને એને માર્ગ બતાવશે.
પલટાશે પછી સર્વ, ચમત્કારી વ્યવસ્થા આવશે પછી
યંત્રવત્ ચાલતા વિશ્વથકી કયાંય બઢી જતી.
જાતિ એક મહૌજસ્વી બની જાશે નિવાસી મર્ત્ય લોકની.

દીપ્ત પ્રકૃતિ-શૃંગોએ, આત્માની ભૂમિકા પરે,
પરમાનુષ પૂરુષ
બની જીવનનો રાજા નિજ રાજ્ય ચલાવશે,
બનાવી પૃથિવી દેશે પ્રાયઃ સ્વર્ગ-સખી, સ્વર્ગસમોવડી,
અજ્ઞાન જન-હૈયાને જશે દોરી પ્રભુ ને સત્યની પ્રતિ,
ને એની મર્ત્યતાને એ દેવરૂપ પ્રત્યે ઊંચે ઉઠાવશે.
પરિબદ્ધ કરી દેતી સીમાઓથી શક્તિ એક વિમોચિતા,
છે ધકેલાયલી જેની ઊંચાઈ ઊર્ધ્વની પ્રતિ
મૃત્યુકેરી ભૂખડી પ્હોંચ પારમાં,
એવી જે જિંદગી તેના શિરોભાગો
જ્વલશે અમૃતાત્માના વિચારોએ,
આક્રાંત જ્યોતિએ થાશે અંધકાર એની આધાર-ભૂમિનો.
પછી ઉત્ક્રાંત થાનારા કાળની પ્રક્રિયામહીં
આકર્ષી સર્વ લેવાશે એકમાત્ર એવી આયોજનામહીં,
દિવ્ય સંવાદિતા ધર્મ પૃથ્વીકેરો બની જશે,
સૌન્દર્ય અથ આનંદ
એની જીવનની રીતિ ઢાળે નવીન ઢાળશેઃ
હશે શરીર સુદ્ધાંમાં સ્મૃતિ દેવાધિદેવની,
મર્ત્યતાથી હઠી પાછી જશે પ્રકૃતિ, અગ્નિઓ
આત્માના દોરશે પૃથ્વીકેરી અંધક શક્તિને;
આણશે જ્ઞાન ઊંચેરી સત્યની ને પ્રભુકેરી સમીપતા
અભીપ્સાને સેવનારા વિચારમાં.
અતિમાનસ વિજ્ઞાન જ્યોતિ માટે વિશ્વને માગશે હકે,
પ્રભુના પ્રેમથી મુગ્ધ હૈયાનો પુલકાવશે,
શિરે પ્રકૃતિના ઊંચા કરાયેલા જ્યોતિનો તાજ મૂકશે,
ને એના અચલાધારે સ્થાપશે રાજ્ય જ્યોતિનું.
પૃથ્વીની પાસ જે સત્ય છે તેનાથી સત્ય એક મહત્તર
પૃથ્વીકેરો બની ચંદરવો જશે
ને એની સૂર્યની જ્યોતિ રેલશે એ મનના મારગો પરે;
શક્તિ એક અવિભ્રાંતા જશે દોરી વિચારને,

દેખતું એક વિક્રાંત ઓજ રાજ્ય ચલાવશે
જિંદગીની અને કર્મતણી પરે,
પાર્થિવ હૃદયોમધ્યે અગ્નિ પેટાવાશે અમૃતરૂપનો.
જાગશે એક ચૈત્યાત્મા અચિત્‌ના ગૃહની મહીં;
પ્રભુ-દર્શનનું પુણ્યધામ મન બની જશે,
ઓજાર બનશે દેહ અંતઃસ્ફુરિત જ્ઞાનનું
ને જીવન બની જાશે ન્હેર દૃશ્યમાના ઈશ્વર-શક્તિની
સારી પૃથ્વી બની જાશે વ્યક્ત ધામ પરાત્મનું,
દેહ ને જિંદગી જેને જરાયે ન છુપાવતાં,
અજ્ઞાન મનકેરુંયે ન જરાયે છુપાવતું;
ભૂલ ના કરતો હસ્ત ઘટના ને ક્રિયાને ઘાટ આપશે.
આંખો આત્માતણી જોશે આંખો દ્વારા નિસર્ગની,
શક્તિ આત્માતણી સ્થાન લઈ લેશે શક્તિકેરું નિસર્ગની.
આ વિશ્વ પ્રભુનું દૃશ્યમાન જાશે બની ઉદ્યાનનું ગૃહ,
પૃથ્વી બની જશે ક્ષેત્ર અને શિબિર ઈશનું,
મનુષ્ય મર્ત્યતાને ને દેહધારી નિજ ભંગુર ભાવને
મંજૂરી આપવાનું વીસરી જશે.
વિશ્વ આ તોડશે સીલ પોતાના ગૂઢ અર્થની,
સૃષ્ટિની પ્રક્રિયા દેશે પલટાવી પુરાણો નિજ મોખરો,
શ્રેણી આરોહતી એક અજ્ઞ ક્રમવિકાસની
કરશે મુક્ત પ્રજ્ઞાન એના પાયા નીચે શૃંખલબદ્ધ જે.
આત્મા સ્વામી બની જાશે પોતાની જગતીતણો,
રૂપકેરી તમોગ્રસ્ત સ્થિતિમાં ના હવે લેશે છુપાયલો,
અને પ્રકૃતિ પોતાનો કર્મ-ધારો વિપરીત બનાવશે,
પ્રકાશે આણશે બાહ્ય જગત્‌ સત્ય
પોતે જેને અવગુંઠિત છે કર્યું;
પ્રચ્છન્ન પ્રભુને સર્વે વસ્તુઓ પ્રકટાવશે,
આત્માની જ્યોતિ ને શક્તિકેરો આવિર્ભાવ સર્વેય સાધશે,
કરશે ગતિ પોતાના ભાગ્ય પ્રત્યે સુખ ને શિવશાંતિના.
વિરોધી શક્તિ કો રાખે પકડી નિજ રાજ્યને

ને કરે હકથી દાવો સત્તા ઉપર નિત્યની
અને મનુષ્ય ના પાડે નિજ ઉચ્ચ અને અધ્યાત્મ ભાવિની,
તે છતાં વસ્તુઓમાંનું સત્ય વિજય પામશે.
કેમ કે સર્વને સિદ્ધ કરે છે તે કાળની કૂચની મહીં
પુરુષોત્તમ-સંકલ્પકેરી હોરા અવશ્યમેવ આવશેઃ
વળે છે સર્વ ને લે છે વળાંકો પૂર્વનિશ્ચિત
એના લક્ષ્યોતણી પ્રતિ
માર્ગે પ્રકૃતિના નક્કી કરાયેલા, જવું જ્યાં અનિવાર્ય છે,
થયો આરંભ વિશ્વોનો ત્યારથી જે આદેશિત થયેલ છે
સર્જાયેલી વસ્તુઓના ઊંડા હાર્દિક ગર્ભમાંઃ
વળી સર્વોચ્ચ સિદ્ધિ શો મૃત્યુ કેરો અંત સુદ્ધાંય આવશે,
મૃત્યુ અજ્ઞાનનું થશે.
પરંતુ પ્હેલવ્હેલાં તો ઉચ્ચ સત્યે
પૃથ્વી ઉપર પોતાના મૂકવા પાય જોઈએ,
ને સનાતનની જ્યોતિ પ્રત્યે ઈપ્સા રાખવી જોઈએ જને,
ને એનાં સર્વ અંગોએ બ્રહ્મકેરો માણવો સ્પર્શ જોઈએ,
ને આખા જીવને એના
સેવવી જોઈએ આજ્ઞા એક આંતર શક્તિની.
થશે આ પણ; કેમ કે
નવું જીવન આવશે,
જે હશે પારચૈતન્યકેરું એક કલેવર,
પરા પ્રકૃતિનાં મોટાં સામર્થ્યોનું સહજ ક્ષેત્ર જે હશેઃ
સંસ્થાન સત્યનું દેશે બનાવી એ પૃથ્વીની જડ ભૂમિને,
અજ્ઞાનનેય એ પારદર્શી જામો બનાવશે
અને એની આરપાર સત્યકેરાં શુભ્ર અંગો પ્રકાશશે
સત્ય પ્રકૃતિને માથે સૂર્યરૂપ બની જશે
ને એનાં પગલાંઓને સત્ય માર્ગ બતાવશે
ને સત્ય તાકશે ઊંચે ગર્તોમાંથી એના પાતાલલોકના.
બની પ્રકૃતિનો રાજા જન્મ લેશે અતિમાનસપૂરુષ
ત્યારે સાન્નિધ્યથી એના

પલટાશે નવે રૂપે જડદ્રવ્યતણું જગત્:
અગ્નિ એ સત્યનો દેશે પ્રકટાવી તમિસ્રામાં નિસર્ગની,
લાદશે એ ધરિત્રીની પર ધર્મ સત્યકેરો મહત્તર;
વળશે માનવી સુદ્ધાં આત્માના સાદની પ્રતિ.
જાગ્રત ગુપ્ત પોતામાં રહેલી શકયતા પ્રતિ,
જે સુષુપ્ત સ્વ-હૈયામાં તે સર્વ પ્રતિ જાગ્રત,
ને રચાઈ ધરા જ્યારે
ને અજ્ઞ જગને જ્યારે અધિવાસ આત્માએ નિજનો કર્યો
ત્યારે પ્રકૃતિનો જે સૌ હતો અર્થ તેહની પ્રતિ જાગ્રત,
અભીપ્સતો રહેશે એ સત્ય માટે,
પ્રભુ ને પરમાનંદ માટે રે'શે અભીપ્સતો.
વ્યાખ્યાતા જે વધારે દિવ્ય ધર્મનો,
ને ઓજાર પરમોચ્ચ પ્રયોજને,
તે ઉચ્ચતર કોટીનો આત્મા એક
નમશે ઊર્ધ્વ ઉદ્ધારી લેવા માટે મનુષ્યને.
પોતાની તુંગતાઓની પ્રત્યે આરોહવા માનવ માગશે.
નિમ્નના સત્યને સત્ય ઊર્ધ્વનું અવબોધશે;
મૂક પૃથ્વીય ચૈતન્યવંતી શક્તિ બની જશે.
આત્માનાં શિખરો અને
પાયો પ્રકૃતિનો ગુપ્ત પૃથક્ નિજ રહસ્યની
સમીપે કરશે ગતિ
ને પરસ્પરને એક દેવતાને સ્વરૂપે અવબોધશે.
જડદ્રવ્યતણી દૃષ્ટિ દ્વારા આત્મા બહાર અવલોકશે
ને જડદ્રવ્ય આત્માના મુખને કરશે છતું.
એકભાવ પછી થાશે માનવી ને અતિમાનસ-માનવી
ને આખી પૃથિવી જાશે બની એકમાત્ર જીવન જીવતી.
લોકસમૂહ સુદ્ધાંયે સુણશે દિવ્ય સૂરને
ને અંતરસ્થ આત્માની સાથે સંબંધ બાંધવા
વળશે એહની પ્રતિ
અને પ્રયતશે આજ્ઞા પાળવાને ઉચ્ચ અધ્યાત્મ ધર્મનીઃ

પૃથ્વી આ ઊઠશે હાલી ઉદાત્ત પ્રેરણો વડે,
અગાધતમ આત્માની પ્રત્યે જાગી ઊઠશે જાતિ માનવી,
દેવ જે ગુપ્ત છે તેને લેશે પ્રકૃતિ ઓળખી.
ઝાઝા જનોય કો એક પ્રતિ-ઉત્તર આપશે,
પ્રભુકેરા ઘસારાનો મહિમા દીપ્ત ઝીલશે
ને પ્રચંડ ટકોરાઓ અદૃષ્ટ દ્વાર પે થતા.
સ્વર્ગીયતર આવેગ
માણસોનાં જીવનોને ઊર્ધ્વ પ્રત્યે ઉઠાવશે,
એમનાં માનસો ભાગ અનિર્વાચ્ય જ્યોતિ-પુંજે પડાવશે,
માણશે એમનું હૈયું અગ્નિ ને પરમા મુદા,
પૃથ્વીલોકતણા પિંડો ચૈત્યાત્માના ભાનવાળા બની જશે;
બદ્ધ-દાસો મર્ત્યતાના વિનિર્મુક્ત નિજ બંધોથકી થશે,
માત્ર જે માણસો છે તે વૃદ્ધિ પામી અધ્યાત્મ-પુરુષો થશે
અને મૂગી દિવ્યતાને જાગરૂક નિહાળશે.
સ્પર્શશે પ્રકૃતિકેરાં શિખરોને અંતઃસ્ફુરિત જ્યોતિઓ,
ને આવિષ્કારથી ક્ષુબ્ધ ઊંડાણો એહનાં થશેઃ
સત્ય બની જશે નેતા એમનાં જીવનોતણો,
વિચાર, વાચ ને કર્મ થશે સત્ય વડે આદિષ્ટ એમનાં,
લહેશે જાતને તેઓ ઊંચકાઈ સમીપતર સ્વર્ગની,
દેવોથી માત્ર થોડાક નીચા તેઓ જાણે પોતે રહ્યા ન હો.
કેમ કે જ્ઞાન પોતાના સ્રોતો દીપ્ત નિમ્નમાં પ્રવહાવશે,
ને નવે જીવને કંપ્ર અંધારેલું માનસેય બની જશે
ને આદર્શતણી આગે પેટાવાશે, પ્રદીપશે,
વળશે છટકી જાવા મર્ત્ય અજ્ઞાનમાંહ્યથી.
હદો અજ્ઞાનની પાછી હઠી જશે,
સંખ્યામાં વધતા જાતા જીવો જ્યોતે પ્રવેશશે,
ગૂઢ હોતાતણો સાદ સુણવાનાં દીપ્ત પ્રેરિત માનસો,
ઓચિંતી આંતર જ્વાળે જિંદગીઓ ભભૂકશે,
હૃદયો બનશે મુગ્ધ અનુરાગે દિવ્ય આનંદની પરે,
ઇચ્છા સાથે ઈશકેરી માનવેચ્છા તાલ ને મેળ સાધશે,

પૃથગ્-ભાવી સ્વરૂપો આ આત્માની એકતાતણી
પામશે અનુભૂતિઓ,
દિવ્ય સંવેદનાકેરી શક્તિ જાશે બની આ ઇન્દ્રિયોતણી,
માંસમાટી અને નાડીયંત્ર એક દિવ્ય અદ્‌ભુત હર્ષને
લહેવાને શક્તિમાન બની જશે,
ને દેહો મર્ત્ય સામર્થ્ય ધારશે અમૃતત્વનું.
સેન્દ્રિયતત્ત્વની જાળે અને કોશે
દિવ્ય એક શક્તિનો સ્રોત ચાલશે
ને શ્વાસોચ્છ્‌વાસ ને વાણી ને ક્રિયાનો કાર્યભાર ઉપાડશે
ને સર્વ ચિંતનો સૂર્યોનો પ્રકાશ બની જશે,
પ્રત્યેક લાગણી રોમહર્ષ દિવ્ય બની જશે,
વારે વારે વિભાવંતી ઉષા આંતર આવશે
ને સૂતા મનકેરાં એ સદનો અજવાળશે;
ઓચિંતી સંમુદા એક ધાવમાન થશે પ્રત્યેક અંગમાં
અને પ્રકૃતિને દેશે ભરી એક સાન્નિધ્યે શક્તિમત્તર.
આ પ્રકારે થશે ખુલ્લી પૃથિવી દિવ્યતા પ્રતિ
ને સામાન્ય સ્વભાવોયે સુવિશાળું ઊર્ધ્વ ઉત્થાન માણશે,
આત્માના રશ્મિએ કૃત્યો સામાન્ય અજવાળશે
ને ભેટો દેવતાકેરો પામશે એ સામાન્ય વસ્તુઓમહીં.
જગતી જીવશે ગુપ્ત પ્રભુને પ્રકટાવવા,
લઈ સ્વહસ્તમાં લેશે આત્મા લીલા મનુષ્યની,
જીવન પૃથિવીનું આ બનશે દિવ્ય જીવન."

સૂક્ષ્મ સંગીતકેરું એ તાલમાન શમી ગયું.
અજ્ઞાત ભુવનોને ને તલહીન આકાશોને વટાવતો
તરતા, પ્લવતા એક ત્વરમાણ પ્રપાત શો
તારા માફક સાવિત્રીકેરો ચૈત્યાત્મ ઊતર્યો.
અપાર્થિવ સિતારોના હાસ્યના ધ્વનિની વચે
સુણ્યા એણે આસપાસ નામહીન અવાજોને પુકારતા,
અસંખ્યાત સ્વરોકેરો સૂર એ વિજયી હતો.

એના મેળાપને માટે વૃન્દ આવ્યું હસતા વાયુઓતણું.
અનંતતાતણો ભાર વહ્યો એણે, અને લહ્યો
સંક્ષોભ અંતરિક્ષીય આખાય અવકાશનો.
એનો પીછો લઈ એના નિપાતે એક આવતું
મુખ માધુર્યથી પૂર્ણ દુરારાધ્ય એની ઉપર જે હતું
તે કો એક યુવાના મુખ શું હતું,
હતું પ્રતીક એ આંખે ને જોવાતી સર્વ સુંદરતાતણું,
ભભકાદાર રંગોએભર્યો મયૂર-પિચ્છનો
માથે એને હતો મુકુટ શોભતો
ફ્રેમ નીલમની આસપાસ હોય એવો આભાસ આપતો,
હૈયાને કરતું ક્ષુબ્ધ હાસ્ય જે એ મુખે હતું
તેહ અતર્ખ્ય આનંદ પ્રત્યે આકર્ષતું હતું,
સાવિત્રીના ચિદાત્માના આશ્લેષોને વિલાસસુખ આપતું.
આકારે બદલાયેલું ને છતાંયે એનું એ જ પ્રહર્ષણે
શયામ સુન્દર એ એક નારી-મુખ બની ગયું,
ચંદ્રમાએ ચકાસંતી રાત્રિ જેવું
તારા-રત્ને ખચેલા જ્યાં હોય મેઘ નિરુદ્દેશ વહ્યે જતા,
એનામાં મહિમાદીપ્તિ હતી છાયે છવાયલી,
અને ઊંડાણમાં એના ઝંઝાવાત ભર્યા હતા,
એ સંકલ્પે હતી ઉગ્ર અને પ્રેમે વિભીષણા.
આત્માના કો તીવ્ર ભાવ ભર્યા આંતર તત્ત્વથી,
જેમાં અંધ મુદામગ્ન જિંદગાની સમુદ્ભવી
તે આંખોએ કામ એને સોંપ્યું આ પૃથિવીતણા
ઘૂમરીઓ લઈ ઘૂમંત નૃત્યનું.
રહી ’તી ઊતરી નીચે સાવિત્રી હર્ષથી ભરી,
જેમ સંતુષ્ટ હસ્તોમાં બાલ રાખે પકડી કો શકુંતને
તેમ નીચે ઉતારેલો આત્મા એણે ધાર્યો ’તો સત્યવાનનો;
સાવિત્રીનો મુગ્ધ આત્મા સપ્રયત્ન પોતાના ગ્રાહમાંહ્યથી
કાળના અંત પર્યંત એને છોડી દેવાને માગતો ન ’તો,
રહસ્યમય આનંદકેરા ફળ-સમાનને

બલિષ્ઠ બાથમાં લેતા નિજાત્મામાં હતો રાખેલ એહને,
વસંત-હૃદયે જેમ હોય ફૂલ છુપાયલું
તેમ વિયુક્ત ના થાય એ પ્રકારે ચૈત્યાત્મા સત્યવાનનો
એણે આણ્યો હતો ખેંચી પોતાના એ પ્રચંડ અવપાતમાં.
નીચે ઊતરતી'તી એ ત્યારે સ્વર્ગો અદૃશ્ય ત્યાં
એની પાસે થઈ ઊડી જતાં 'તાં વૃંદ વૃંદમાં.
પછી પૃથ્વીતણા સર્વ અંધ આકર્ષણે નિકટતા વડે
નીચે ઊતરતા હર્ષતણો વેગ ભયંકર પ્રમાણમાં
વધાર્યો બલ દાખવી.
ચઢે ચક્કર એવા એ વેગકેરા ઉતારે ભાન ભૂલતી,
ઘૂમરાતી, ડૂબતી ને પરાભૂત એ અદૃશ્ય થઈ ગઈ,
સ્વર્ગના તરુથી નીચે ખરેલા ને ઘૂમતા પર્ણના સમી
ફેલાયેલી અચિત્તામાં જેમ કો એક પલ્લવે;
આતિથેયી સ્નિગ્ધતાએ લીધી એને લઈ અંતરની ભણી
ચમત્કારક ઊંડાણોકેરા આશ્ચર્યની મહીં,
એની ઉપર અંધારું પ્રૌઢ પાંખોતણું ઢાંકણ શું પડ્યું
ને એક માતને હૈયે સાવિત્રી ગરકી ગઈ.
પછીથી કાળને સાવધાન જોતી અકાળા એક ભૂમિથી
બ્રહ્માત્મે એક પ્રારબ્ધ પર દૃષ્ટિ સ્થિરા કરી,
ને પસાર થતા જોયા યુગો એની અંત વગરની ક્ષણે.
હતું હજીય સૌ સ્તબ્ધ દેવોના મૌનની મહીં.
ભાવિદર્શી ક્ષણે વ્યાપ્ત હતો કીધો અસીમ અવકાશને
અને નાખ્યાં હતાં એણે ત્વરમાણે જતા કાળતણે ઉરે
સનાતનતણી શાંતિકેરી હીરક જ્યોતિને,
બીજ કિરમજી એક પ્રભુની સુખશાંતિનું;
અમર પ્રેમનો દૃષ્ટિપાત આંખ થકી થયો.
મૃત્યુથી મુક્ત નેત્રોએ બ્હાર જોયું એક અદ્‌ભુત આનને;
અવિનાશી રહસ્યોને રક્ષનારો
દેખાયો હસ્ત સોનેરી આગળાઓ ખસેડતો.
કૂંચી એક ફરી કાળકેરા નિગૂઢ તાલકે.

પરંતુ મૌન દેવોનું જ્યાં પસાર થયું હતું
ત્યાં સ્પંદહીનતામાંથી જન્મેલા કો સામંજસ્યે મહત્તર
કર્યાં ચકિત ઝંખંતાં હ્રદયોને મોદ ને માધુરીથકી,
એક મહામુદાથી ને હાસ્યથી ને પુકારથી.
શક્તિ એક નમી નીચે, સુખે એક પોતાનું ધામ મેળવ્યું.
અનંત પરમાનંદ વિશાળી વસુધા પરે
ગયો વ્યાપી પાંખો નિજ પ્રસારતો.

પ્રથમ સર્ગ સમાપ્ત

## અગિયારમું પર્વ સમાપ્ત